માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Year : 11 • Issue : 7 : March, 2021




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી એ. જે. શાહ** (આઇએએસ)
   અધ્યક્ષશ્રી

2. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
   સચિવ અને તંત્રી
2. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને સહતંત્રી
3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
   સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
   સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિધ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઇને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિધ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઇ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.

## "કેળવે તે કેળવણી"

"શિક્ષણ એટલે શિષ્ટાચાર માટેની તાલીમ અને દેશ તથા કુદરત પ્રત્યેનો પ્રેમ."

- કૌટિલ્ય

•••

"તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર એટલે શિક્ષણ."

- એરિસ્ટોટલ

"માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રકટીકરણ એટલે શિક્ષણ."

- સ્વામી વિવેકાનંદ

•••

"શિક્ષણ એ સત્યનું ઓજાર છે. કેળવણી એટલે મુક્તિ, આર્ષ દર્શન, સ્વયં પ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ."

- વિનોબા ભાવે

•••

કેળવણી કહે છે : 'હું વિજ્ઞાનની સખી નથી, કલાની નોકરડી નથી, સત્તાની દાસી નથી, કોઈ શાસ્ત્રની ગુલામડી નથી. હું મનુષ્યનાં હૃદય, બુદ્ધિ અને તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું.'

- કાકા કાલેલકર

"કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી, પણ જે ન આચરતા હોય તે આચરતાં કરવાનું છે."

- રસ્કિન

•••

"શિક્ષણ એ અનુભવોને સતત અને ફરી ફરીને ગૂંથતા જઈને જીવવાની એક પ્રક્રિયા છે. પોતાની બીજભૂત શક્યતાઓ પામવામાં અને વાતાવરણ પર કાબૂ મેળવવામાં મદદ કરે એવી વ્યક્તિની તમામ શક્તિઓનો વિકાસ તે શિક્ષણ."

- જ્હૉન ડયુઈ


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર - 382010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર. રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ તા.11-1-2021 થી ધો. 10 અને ધો.12ના તેમજ તા.1-2-2021 થી ધો.9 અને ધો. 11 ના વર્ગો માટે શાળામાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવેલ છે. તા. 18-3-2021ના રોજ સરકારશ્રી દ્વારા કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં તાકીદના પગલાં તરીકે કરવામાં આવેલ નિર્ણય અનુસાર આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય તા.10-4-2021 સુધી બંધ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં પ્રથમ પરીક્ષા અને શિક્ષણકાર્ય બંને ઓનલાઈન ચાલુ રાખવાનું છે. ઉક્ત વિસ્તારોમાં ધો-12 વિ.પ્ર.ની પ્રાયોગિક પરીક્ષા પણ સ્થગિત રાખેલ છે. બાકીના વિસ્તારોમાં પરીક્ષા અને પ્રત્યક્ષ શિક્ષણકાર્ય યથાવત રહેશે. તમામ શાળાઓમાં સરકારશ્રીની કોવિડ-19ની એસ.ઓ.પી.નું પાલન કરવામાં આવે તે માટે પૂરતી કાળજી રાખવા સૌને અનુરોધ છે. હવે દરેક વિષયનો અભ્યાસક્રમ સમયમર્યાદામાં યોગ્ય રીતે પૂર્ણ થાય તે તેમજ ધોરણ-10 અને 12ની જાહેર પરીક્ષાને કેન્દ્રમાં રાખી બાળકો માટે સૌ વિશેષ તૈયારી કરીને તેઓને પૂરતું માર્ગદર્શન આપવામાં આવે તે આવશ્યક છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.24-2-2021ના પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ શાળાઓને ધો.9 થી 12ની પ્રથમ પરીક્ષા તા.19-3-2021 થી તા.27-3-2021 દરમિયાન અને ધો.9 અને ધો.11ની વાર્ષિક પરીક્ષા તા.7-6-2021 થી તા.15-6-2021 દરમિયાન લેવાનાર શાળાકીય પરીક્ષાના આયોજન અંગેની વિગતો જાણ તથા અમલ સારુ મોકલી આપવામાં આવેલ છે. આ શાળાકીય પરીક્ષાઓ શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલ 30% ઘટાડેલ અભ્યાસક્રમ મુજબ તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રને ધ્યાને લઈને શાળા કક્ષાએથી પરીક્ષા લેવાની થાય છે. શાળાના આચાર્યશ્રીઓ તેમજ વિષયશિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવે તે જરૂરી છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય અને પરીક્ષા સમયે પણ સૌ અચૂક કોવિડ-19ની ગાઈડલાઈનનું પાલન કરીએ અને સ્વસ્થ તથા સલામત રહી સૌની કાળજી રાખીએ. આ અંકમાં ધોરણ-10 અને 12 ની જાહેર પરીક્ષાનો કાર્યક્રમ પ્રસિદ્ધ કરેલ છે. આ અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપશો.

યાદ રાખીએ કે શિક્ષણનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણનીતિ અનુસાર માનવમૂલ્યો અને જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય અને વ્યક્તિત્વનું સુંદર નિર્માણ કરવાનો છે. જ્યારે પરીક્ષણનો હેતુ અભ્યાસ, પ્રવૃત્તિઓ, માર્ગદર્શન અને મૂલ્યાંકન થકી દરેક બાળકને કેળવવાનો, તેને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવાનો, તેનામાં રહેલી શક્તિઓ ઉજાગર કરવાનો અને સુંદર ગુણવૃદ્ધિ સાથે તેનું પરફોર્મન્સ વધે તેવું સતત-સર્વાંગી મૂલ્યાંકન કરવાનો છે. શિક્ષણ અને કેળવણી વિના કોઈપણ સંસ્થા, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનો સુદૃઢ વિકાસ થઈ શકતો નથી.

ફેબ્રુઆરી-2021નો અંક 'શાળા શિક્ષણ વિશેષાંક' તરીકે પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. જેમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં દર્શાવેલ શાળા શિક્ષણને લગતી વિગતો રજૂ કરવામાં આવેલ હતી. ઉક્ત વિગતો જી.સી.ઈ.આર.ટી. દ્વારા અનુવાદિત કરવામાં આવેલ હતી. બોર્ડના મુખપત્રમાં ઉક્ત વિગતો પ્રસિદ્ધ કરવા માટે આપેલ અનુમતિ માટે જી.સી.ઈ.આર.ટી.ના નિયામકશ્રી ડૉ. ટી.એસ. જોશીનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વ્યાપક બને, શાળામાં થતા વિજ્ઞાનના પ્રયોગો દ્વારા બાળકો વધુ સારું શીખે, તેઓમાં નિતનવું સંશોધનાત્મક અને સર્જનાત્મક વલણ વિકસે તે હેતુથી આ અંકમાં આપેલા 'ગણિત-વિજ્ઞાન પ્રદર્શન' અંગેના જી.સી.ઈ.આર.ટી.ના પરિપત્રની વિગતોનો અભ્યાસ કરીને આ અંગે વિજ્ઞાનશિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવે તે આવશ્યક છે.

એક દીવો બીજા દીવાને ત્યારે જ અજવાળી શકે જ્યાં સુધી સ્વયં તે પ્રકાશિત હોય. શિક્ષણના ઋષિકાર્યમાં સંલગ્ન શિક્ષક-અધ્યાપકોએ નૂતન ટેક્નોલોજી અને નવી શિક્ષણનીતિ મુજબ ખુદ નવું નવું શીખતા, વાંચતા અને સંશોધનાત્મક કાર્ય કરતા રહેવું ખૂબ જરૂરી છે. શિક્ષક ઉદ્દીપક તરીકે માત્ર 'લેક્ચરર' નહિ પરંતુ Facilitator બને તે પણ અત્યંત જરૂરી છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓ માટે સતત અધ્યયનશીલ રહી સતત શીખતા રહેવું એ જ જીવનધર્મ પાળવાનો છે. માત્ર પાઠ્યપુસ્તક અને પરીક્ષાના મૂલ્યાંકનથી આગળ વધીને બાળકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ભણાવવું જોઈએ. શિક્ષકોએ ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ (IQ) અને ઈમોશનલ ક્વોશન્ટ (EQ) ને વિદ્યાર્થીના જીવનમાં સંતુલિત કરવાની વિશેષ કાળજી લેવી જોઈએ અને ગુરુ-શિષ્યના સંબંધોમાં પૂરતી ગરિમા અને પવિત્રતા જળવાય એ પણ જરૂરી છે. અસ્તુ.

**એ.જે.શાહ**
**અધ્યક્ષ**

તા. 20-03-2021

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | બાલ્યાવસ્થાના શિક્ષણનું માધ્યમ-માતૃભાષા | ડૉ. કિરીટ જોષી | 4 |
| 2. | ગાંધીજી અને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ સંદર્ભે માતૃભાષામાં શિક્ષણ | મનુભાઈ આર. ચૌધરી | 7 |
| 3. | હું અને મારી ભાષા બંને ગુજરાતી | કમલેશ શુકલ | 10 |
| 4. | રાષ્ટ્રીય વિજ્ઞાન દિન : વૈજ્ઞાનિક વલણની પ્રોત્સાહિતતા અને ઉત્સુકતા | ડૉ. દિપક જે. પંડયા | 13 |
| 5. | શિક્ષકની સજ્જતા અને શિક્ષક વિશેની અપેક્ષા | પરેશકુમાર વિ. ત્રિવેદી | 15 |
| 6. | કાવ્યશિક્ષણ | ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા | 17 |
| 7. | સફળતા મેળવવા સમયનું મહત્ત્વ સમજીએ | ડૉ. નૈલેષભાઈ પટેલ | 19 |
| 8. | પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા : મોતીભાઈ અમીન | સુભાષ પટેલ ‘એકાંત’ | 20 |
| 9. | શિક્ષક વિદ્યાર્થીની અંગત સમસ્યા પણ ઉકેલે છે | ડૉ. સંતોષ દેવકર | 22 |
| 10. | પ્રાસંગિક : દિનવિશેષ પરિચય | સંકલન | 23 |
| 11. | ભાવ-પ્રતિભાવ | સંકલન | 25 |
| 12. | ગણિત-વિજ્ઞાન પ્રદર્શન | ડૉ. વિજય એસ. પટેલ | 26 |
| 13. | વહીવટી વિભાગ : : પરિપત્રો | સંકલન | 36 |
| | ધો-10 અને ધો-12 : મે-2021ની પરીક્ષાનો કાર્યક્રમ | - | 48 |
| 14. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 55 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 57 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 59 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 61 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો તથા શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર વંદન. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** શૈક્ષણિક મુખપત્રનો માર્ચ-2021નો અંક વાચકમિત્રોના હાથમાં અર્પણ કરતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

નેલ્સન મંડેલાનું જાણીતું વાક્ય છે કે - ''વિશ્વને બદલવાનું સૌથી શક્તિશાળી શસ્ત્ર જો કોઈ હોય તો તે છે શિક્ષણ...'' મહાત્મા ગાંધીજીના મતે ''શિક્ષણનું સાચું કાર્ય બાળક અને પુખ્ત વ્યક્તિમાં જે શારીરિક, માનસિક કે આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ છે તેને બહાર આણી બાળકનો સર્વાંગી વિકાસ કરવાનું છે.'' શિક્ષણ એ પ્રગતિની ગુરુચાવી છે. વ્યક્તિને શિક્ષણ સક્ષમ કરે છે અને દેશને મજબૂત કરે છે. જે ક્ષણ ક્ષણ શીખવે કે કેળવે તે કેળવણી.

કોવિડ-19ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધો. 9 થી 12ની શાળાકીય પરીક્ષા તથા ધો-10 અને ધો-12ની બોર્ડની પરીક્ષા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર તેમજ નમૂનાનાં પ્રશ્નપત્રો તમામ મા./ઉ.મા. શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે અત્રેથી મોકલી આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.24-2-2021ના પરિપત્ર દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21માં યોજાનાર ધો. 9 થી 12 ની શાળાકીય પરીક્ષા માટે પ્રથમ અને વાર્ષિક પરીક્ષાની તારીખો તેમજ આંતરિક મૂલ્યાંકન અંગે પણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે અન્વયે દરેક મા./ઉ.મા. શાળાઓએ જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

શિક્ષણની ગુણવત્તાને ટકાવી રાખવા પરીક્ષા સમયે વાલીની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. પોતાની અધૂરી ઈચ્છાઓને પોતાના બાળકમાં પ્રસ્થાપિત ન કરતાં પોતાના પાલ્યની અભ્યાસરૂચિ પારખી, શાળામાંથી તેનો રિપોર્ટ મેળવી, તેની હાજરી, પરિણામ અને મિત્રો સાથેની સોબત જેવી બાબતો પ્રતિ જાગૃત રહી પાલ્ય પુત્ર કે પુત્રીની રસરૂચિ, ક્ષમતાઓ, ભણવાની અને સમજવાની શક્તિ વગેરે ઓળખી તેને હંમેશાં પ્રેમ, પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડવાનું કામ બાળકની માતા સાથે તેના પિતાનું પણ છે.

ધો-10 અને 12 ની જાહેર પરીક્ષાનો કાર્યક્રમ આ અંકમાં પ્રસિદ્ધ કરેલ છે. જેની વિગતો તમામ વિદ્યાર્થીઓને પૂરી પાડશો. ધો. 10 અને ધો.12 ની જાહેર પરીક્ષામાં નિયમિત, ખાનગી અને રીપીટર ઉમેદવારો મોટી સંખ્યામાં પ્રતિવર્ષ નોંધાતા હોય ત્યારે પ્રશ્નપત્રો અંગેની કામગીરીથી માંડીને તમામ ઉત્તરવહીઓનું તટસ્થ મૂલ્યાંકન કરવું, ક્રમશઃ આપેલા સમયમાં પરિણામો તૈયાર કરવા એ ભગીરથ કાર્ય બોર્ડ ખૂબ જહેમતપૂર્વક સંપન્ન કરી રહ્યું હોય ત્યારે સૌનો અપૂર્વ સાથ-સહકાર હરહંમેશ મળી રહે એ જ આશા-અપેક્ષા રાખું છું.

પરીક્ષાર્થીઓને સોનેરી સલાહ છે કે પરીક્ષા દરમિયાન તનાવ કે સ્ટ્રેસ અને ચિંતા, ભય કે ડરને પહોંચી વળવા મજબૂત મનોબળ કેળવો, આત્મવિશ્વાસ હશે તો બધું જ પાર પડશે. એકાગ્રતા કેળવો, એ માટે ધ્યાન ધરો, યોગ, હળવો વ્યાયામ દરરોજ કરો. પરીક્ષા સમયે રમવાનું, સમય બગાડવાનું ટાળો. મોબાઈલ કે અન્ય વસ્તુઓનો ઉપયોગ ધ્યાનભંગ કરે છે. 24 કલાક પરીક્ષા વિશેના વિચારો ના કરો, પરંતુ વાંચતા વાંચતા થોડા હળવા બનો. કુદરત નજીક જાવ, ગીત-સંગીત સાંભળો. તણાવ દૂર કરવા આ બધું જરૂરી છે. બીજાની સ્પર્ધા કદી ના કરો. પોતાની જાત સાથે જ સ્પર્ધા કરો. પરીક્ષાને એક ઉત્સવની જેમ મનાવો.

જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સહજ રીતે વ્યાપક બને, વિજ્ઞાનના પ્રયોગો થકી બાળકોમાં સંશોધનવૃત્તિ ખીલે અને વિકસે તે હેતુથી આ અંકમાં મૂકેલ 'ગણિત-વિજ્ઞાન પ્રદર્શન' પરિપત્રની વિગતોથી વાકેફ થવા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા વિજ્ઞાન શિક્ષકોને અનુરોધ છે. આ મૅગેઝિનના લેખકમિત્રો, વાચકો, ભાવકો સૌને આ આપણા સૌનું મૅગેઝિન છે એવી ભાવના હૈયે રાખી વધુ ને વધુ લેખો, પ્રતિભાવો પાઠવવા વિનંતી છે.

**ડી.એસ.પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-03-2021

# બાલ્યાવસ્થાના શિક્ષણનું માધ્યમ-માતૃભાષા

ડૉ. કિરીટ જોષી

ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 જાહેર કરેલ છે. આપણા દેશમાં જોવા મળતી શિક્ષણ સંલગ્ન જુદી જુદી બાબતો, શિક્ષણની ગુણવત્તા, ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને કૌશલ્યો, બેરોજગારી, અસમાનતાઓ, અસુવિધાઓ જેવી મોટાભાગની સમસ્યાઓ, જરૂરિયાતો તરફ ભારત સરકારનું ધ્યાન ગયેલ છે અને તેના ઉકેલ સ્વરૂપ વિચારોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં સ્થાન આપેલ છે. આ જાહેર કરેલ નીતિની બાબતોને અમલમાં મૂકતા ખૂબ લાંબો સમય પસાર થશે. કેટલીક બાબતોનો પાંચેક વર્ષમાં અમલ થઈ શકશે, કેટલીક બાબતોના અમલીકરણમાં દસ કરતાં વધુ વર્ષો પસાર થઈ જશે. આ જાહેર કરેલ નીતિમાં રહેલી વિવિધ બાબતો વિવિધ ઉંમરના વિદ્યાર્થીઓ, વિવિધ પરિબળો સાથે સંકળાયેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં અનેક બાબતોનો સમાવેશ થાય છે તે પૈકી મહત્ત્વના એક નિર્ણયમાં ''ધોરણ-5 સુધીનું શિક્ષણ માતૃભાષા, પ્રાદેશિક ભાષા કે ક્ષેત્રીય ભાષાના માધ્યમથી જ આપવા પર ભાર મૂકેલ છે. એટલું જ નહિ ધોરણ-8 સુધી કે તેનાથી આગળ પણ શક્ય બને તો ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપી શકાય.'' આ વિચારને સ્થાન મળેલ છે તે યોગ્ય જ છે. પાંચમા ધોરણ સુધી શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા રાખવાની વાત છે. પરંતુ તેની સાથે અન્ય ભાષા શીખવા કે શીખવાડવા પર કોઈ પ્રતિબંધ નથી તે બાબતની પણ નોંધ લેવાવી જોઈએ.

આજે શિક્ષણના માધ્યમ તરીકે મોટાભાગના પરિવારો માતૃભાષાને સ્થાને અંગ્રેજી માધ્યમને પસંદગી આપી રહ્યા છે. અંગ્રેજી માધ્યમને પસંદગી આપનાર વાલીઓનો સંપર્ક કરીને ચર્ચા કરતાં જાણવા મળ્યું કે તેઓ ઉચ્ચ શિક્ષણ ધરાવનારાના સંતાનો જ છે તેવું નથી. સામાન્ય શિક્ષિત કે અશિક્ષિત પરિવારનાં સંતાનો પણ છે. તેઓ ઉચ્ચ હોદ્દો ધરાવનારા કે ઉદ્યોગપતિઓ કે પ્રતિષ્ઠિત પરિવારનાં સંતાનો જ છે તેવું નથી; સામાન્ય વેપારી, ખેડૂત, મજૂર વર્ગના પરિવારનાં સંતાનો પણ છે. તેઓ આર્થિક રીતે તવંગર પરિવારનાં સંતાનો જ છે તેવું નથી પરંતુ મધ્યમ તેમજ ઓછી આવક ધરાવતા પરિવારોનાં સંતાનો પણ છે. અંગ્રેજી માધ્યમની પસંદગી બાબતે તેઓના અભિપ્રાય છે કે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ તે હાલના સમયની અનિવાર્યતા છે. તેનાથી ઉચ્ચ અભ્યાસની, કારકિર્દીની, રોજગારીની ઊજળી તકો છે. તેનાથી બાળકનું ઝડપી અને સારું ઘડતર થાય છે. તેનાથી બાળકોનો વ્યક્તિત્વ વિકાસ ઝડપી થાય છે. તેનાથી સગાં, સબંધી અને સમાજમાં મોભો ઊભો થાય છે.

હકીકતે આ માન્યતાઓ ખોટી છે. બાળકની સિદ્ધિ કે સફળતાનો આધાર ભાષા નહિ પરંતુ બુદ્ધિ છે. જો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરીને જ સિદ્ધિ મેળવી શકાતી હોત તો સમગ્ર વિશ્વમાંથી માત્ર અંગ્રેજો જ વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ કે સાહિત્યકારો બની શક્યા હોત. બાળકને માતૃભાષામાં અભ્યાસ કરાવવાને બદલે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવાની જીદને લીધે કેટલાક પરિવારોની આર્થિક ક્ષમતા ન હોવા છતાં ફીનો મોટો ભાર સહન કરે છે પરિણામ તો જ્યાં ના ત્યાં જ રહે છે. તેથી પણ વિશેષ બાળક લઘુતાગ્રંથિથી અને માતા-પિતા ગુરૂતા ગ્રંથિથી પીડાય છે. જે ભાષા બાળકોના પોતાના ઘરમાં બોલાતી હોય, સાંભળીને મોટા થતા હોય તે ભાષા જ બાળકના શિક્ષણનું માધ્યમ બને તો તે ઝડપી ગ્રહણ કરી શકે છે પરંતુ પોતાની માતૃભાષા સિવાયની ભાષાના માધ્યમમાં અભ્યાસ કરવાથી તે પહેલા બીજી ભાષા સાંભળે છે, તેનું પોતાની

**'માય ડિયર ચાઈલ્ડ', 'વહાલાં બાળકો' કહીને બાળકો સાથે આત્મીયતાસભર શૈક્ષણિક વ્યવહાર કરો.**

ભાષામાં રૂપાંતરિત કરે છે, પછી સમજે છે, પરિણામે તેના મનમાં ગૂંચવણ ઊભી થવાથી બાળકમાં માનસિક તણાવ ઉદ્‌ભવે છે.

હકીકતે અંગ્રેજી શિક્ષણ તે આજના સમયની જરૂરિયાત ચોક્કસ છે પરંતુ શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય તે જરૂરી નથી. અરે! ગુજરાતી બાળક ગુજરાતીને બદલે મરાઠી માધ્યમમાં કે મહારાષ્ટ્રીયન બાળક મરાઠી માધ્યમને બદલે તમિલ માધ્યમમાં અભ્યાસ કરે તોપણ તેના શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ પર નકારાત્મક અસર થાય છે. પરંતુ મારું વ્યક્તિગત માનવું છે કે પ્રાથમિક શિક્ષણ એટલે કે બાલ્યાવસ્થા દરમ્યાન બાળકમાં માતૃભાષાનો પાયો મજબૂત કરી પછી અંગ્રેજી કે અન્ય કોઈ ભાષા શીખવાડવામાં આવે તો તે વિષયનું શિક્ષણ સહેલાઈથી ગ્રહણ કરી શકશે. આ વાતનો વિશ્વના ઘણા કેળવણીકારો અને બાળ મનોચિકિત્સકોએ પણ સ્વીકાર કરેલ છે. પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી પ્રોફેસર યશપાલજીના નેતૃત્વમાં ''વિદ્યાલય શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક-2005'' અંતર્ગત રચાયેલી સમિતિના અહેવાલમાં શાળેય શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ તેમ જણાવેલ છે. યુનેસ્કોના 2003ના અહેવાલમાં પણ બહુભાષી વિશ્વમાં શિક્ષણ વિષયક નિર્દેશ કરેલ છે કે માતૃભાષામાં શિક્ષણ આપવાથી શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય છે.

પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાથી બાળકો શિક્ષણમાં વધુ ઉત્સાહથી રસ લે છે. બાળકો વર્ગખંડમાં થતી પ્રશ્નોત્તરી અને શિક્ષણપ્રક્રિયામાં ઉત્સાહથી જોડાય છે. માતૃભાષામાં શિક્ષણ મેળવતાં બાળકોના વાલીઓ તે શાળાના શિક્ષક, આચાર્ય અને શાળા સાથે સહેલાઈથી જોડાય છે અને પોતાનાં બાળકોના શિક્ષણ અંતર્ગત શાળા સાથે સહયોગી બનવામાં સંકોચ અનુભવતા નથી જે બાબત બાળકોના હિતમાં છે. બાળકોને શિક્ષણ તો પોતાની માતૃભાષામાં જ મળવું જોઈએ. આપણે બધા દૂર દૂર સુધી જોડાયેલા છીએ તે પણ આપણી માતૃભાષાને કારણે જ તો. સંસ્કૃતિનું અસ્તિત્વ પણ માતૃભાષા સાથે સંકળાયેલ છે, સંસ્કૃતિ ટકે તે માટે માતૃભાષામાં શિક્ષણ મળે તે જરૂરી છે.

ભાષાવિકાસની શરૂઆત માતાના ગર્ભમાં જ થાય છે અને તે ભાષા હોય છે માતૃભાષા. માતાના ગર્ભમાં જ બાળકના માનસિક વિકાસની શરૂઆત થઈ જાય છે. જેથી બાળકને માતૃભાષા ગ્રહણ કરવામાં કોઈ જ મુશ્કેલી પડતી નથી. પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં આપવું હિતાવહ છે. માતૃભાષાનો અન્ય કોઈ વિકલ્પ નથી. માતૃભાષામાં અપાતું શિક્ષણ સમજવામાં ખૂબ સરળ રહે છે. અભિવ્યક્તિ માટેનું શ્રેષ્ઠ માધ્યમ માતૃભાષા જ છે. બાળકની વૈચારિક પ્રક્રિયા માતૃભાષાના શિક્ષણથી જ વિકસે છે. આપણને સૌથી ઉત્તમ વિચાર આપણી માતૃભાષામાં જ આવે છે. આપણને કુતૂહલ જગાવતા, જિજ્ઞાસા પ્રેરિત વિચારો માતૃભાષામાં જ આવે છે જે વિચારો નવી શોધની, સંશોધનની, સામાજિક ક્રાંતિની જનની હોય છે. માતૃભાષામાં અભ્યાસ કરવાથી સમજશક્તિ, કલ્પનાશક્તિ, સર્જનશક્તિ વિકસે છે જેથી તેનામાં અન્ય વિષયોને સહેલાઈથી સમજી શકવાની ક્ષમતાનો વિકાસ થાય છે. અન્ય ભાષાના માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા માતૃભાષાના માધ્યમથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વધુ સફળ રહેતા જોવા મળે છે. મહાવીર સ્વામી સહિત વિવિધ ધર્મના સંતો પોતાની લોકભાષામાં જ ધર્મસંદેશ આપતા હતા. તુલસીદાસે 'રામચરિત માનસ' પોતાની પ્રાદેશિક ભાષામાં જ લખ્યું. સંત જ્ઞાનેશ્વરે 'જ્ઞાનેશ્વરી' પુસ્તક પોતાની માતૃભાષા મરાઠીમાં લખ્યું. મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' પોતાની માતૃભાષા ગુજરાતીમાં લખી. જેનું પછીથી વિવિધ રાજ્યો અને દેશોની ભાષાઓમાં રૂપાંતરિત કરી પ્રકાશિત કરવામાં આવેલ છે. વિશ્વની વિવિધ દેશોની પ્રથમ 25 વ્યક્તિઓ, લેખકો, સાહિત્યકારો, ચિંતકો,

**''બાળકોને એ શીખવો કે ગમે તે પરિણામ આવે પણ કદી જૂઠું ન બોલવું. ઉગ્રતા, ક્રોધ કે હિંસક વૃત્તિને કાબૂમાં રાખવી.''**

શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, વૈજ્ઞાનિકોનો અભ્યાસ કરશો તો જોવા મળશે કે મોટા ભાગનાએ પોતાનું બાલ્યાવસ્થાનું શિક્ષણ માતૃભાષામાં જ મેળવેલું હતું.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, નોબેલ પારિતોષિક પ્રાપ્તકર્તા રવીન્દ્રનાથ ટાગોર, બંધારણના રચયિતા બાબાસાહેબ આંબેડકર, વૈજ્ઞાનિક સી.વી.રામન, વિનોબા ભાવે, પ્રખર અર્થશાસ્ત્રી અમર્ત્સેન, મિસાઈલમેન પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ, અવકાશયાત્રી સ્વ. કલ્પના ચાવલા વગેરે જેવા અનેક મહાનુભાવોએ પોતાની બાલ્યાવસ્થાનું પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં જ લીધું હતું અને બાલ્યાવસ્થાનું પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં જ હોવું જોઈએ તેવા વિચારો વ્યક્ત કરી ચૂક્યા છે.

જો ભારત સરકાર ''પ્રાથમિક શિક્ષણ માતૃ-ભાષામાં' નીતિનો અમલ કરે છે તો કેટલીક બાબતો ધ્યાનમાં લેવી પડશે. આપણો દેશ ભાષાઓ, સંસ્કૃતિ, ધર્મોની વિવિધતા ધરાવતો દેશ છે. ત્યારે એક પ્રદેશ કે રાજ્યમાંથી બીજા પ્રદેશ કે રાજ્યમાં રોજગારી માટે જતાં પરિવારનાં બાળકોના શિક્ષણ માટે કઈ સુવિધા હશે ? તમિલ કે મહારાષ્ટ્રીયન પરિવારનાં બાળકોના શિક્ષણનું માધ્યમ ગુજરાતમાં કયું રહેશે ? તે જ રીતે ભારત સરકારની સંરક્ષણ, સંશોધન, વહીવટી વગેરે સેવાઓ સાથે જોડાયેલ અધિકારીઓ, કર્મચારીઓ જેઓની બદલી એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં થઈ શકે છે તેમનાં પરિવારનાં બાળકોના શિક્ષણનું માધ્યમ કયું રહેશે ? તે વિચારવું પડશે. મારી દૃષ્ટિએ કેન્દ્રીય વિદ્યાલયો દરેક રાજ્યમાં છે જ તે ચાલુ રાખવા જોઈએ અને તેમાં અપાતા શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવા સાથે તેઓની માતૃભાષા સમૃદ્ધ બને તે પ્રકારે અન્ય પ્રાદેશિક ભાષાના શિક્ષણની સુવિદ્યાઓ ઊભી કરવી જોઈએ. કેન્દ્રીય વિદ્યાલયો રાજ્યના પાટનગરમાં કે મહાનગરપાલિકા ધરાવતા શહેરોમાં જ અને છાત્રાલય સુવિધા સાથેના હોય તો વધુ સુગમતા રહેશે. રાષ્ટ્રની શિક્ષણનીતિનાં ધ્યેયોને ન્યાય આપવામાં, અમલીકરણમાં સમસ્યા ઊભી ન થાય, અવરોધ ઊભો ન થાય તે બાબત ધ્યાનમાં લેવા સાથે કેન્દ્રીય વિદ્યાલયોમાં પ્રવેશ માટે ચોક્કસ નિયમો બનાવવા પડશે.

**સંપર્ક : 25-બી, વિશ્રામ પાર્ક, અમદાવાદ**

## આપણને જે ભાષામાં સપનાં આવે એ આપણી માતૃભાષા

મને હજીય ફિલાડેલ્ફિયામાં સપનાં ગુજરાતીમાં આવે છે, પણ મારી આસપાસના ગુજરાતીઓ ઉમાશંકરની છબી જોઈને સતત પૂછ્યા કરે છે : આ કોની છબી છે ? અને મારું સપનું નંદવાઈ જાય છે. ગુજરાતના કરોડો માતા-પિતા સામે એક યક્ષપ્રશ્ન મોં ફાડીને ઊભો હોય છે : શિક્ષણનું માધ્યમ અંગ્રેજી કે ગુજરાતી ? આવો પ્રશ્ન કદી પણ ફ્રાન્સ, રશિયા, નોર્વે, ડેન્માર્ક, પોર્ટુગલ, સ્વીડન, ઈટલી, ચીન, જાપાન, કોરિયા, મલેશિયા, ફિનલૅન્ડ કે જર્મનીના વાલીઓને નડતો નથી. હજુ પણ આપણામાંથી ગુલામી ગઈ નથી. આપણું 'કોલોનિયલ માઈન્ડ' મૅકોલેને ત્યાં ગીરવે પડેલું છે. આપણા ત્યાં પાળેલા કૂતરાનું માધ્યમ પણ અંગ્રેજી છે : કૂતરો 'બ્રુનો' ને 'બેસી જા' એમ કહીશું તો નહીં માને. તે 'સીટ ડાઉન' માં જ સમજે છે. આપણે 'બ્રુનો' બની ગયા છીએ. 'મામા' બોલતી વખતે મોઢું ભરાઈ આવતું. હવે 'અંકલ' બોલતા આપણું ભાવજગત છિનવાઈ ગયું છે. અંગ્રેજીના નામે આપણે ધરતીના છોરૂઓને ધરતીથી ઉખેડવા જોઈએ નહીં. આયા ગમે તેટલી રૂપાળી હોય તો પણ માતાની તોલે તો ન જ આવે. માના પ્રેમ પછી, માતૃત્વ પછી બીજી મહત્ત્વની ઘટના હોય તો તે માતૃભાષા છે.

**- ડૉ. ગુણવંત શાહ**

**''બાળકોને અપાતી સૌથી મૂલ્યવાન ભેટ વિદ્યાપ્રીતિ છે, જ્ઞાન માટેનો પ્રેમ છે.''**

# ગાંધીજી અને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ સંદર્ભે માતૃભાષામાં શિક્ષણ

**મનુભાઈ રમણલાલ ચૌધરી**

દર વર્ષે 21 ફેબ્રુઆરી : 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. સમગ્ર વિશ્વના કેળવણીકારો, ચિંતકો અને શિક્ષકો એક વાતમાં એક મત છે કે 'પ્રત્યેક બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળવું જોઈએ.' ઉપરોક્ત વિધાન નિર્વિવાદ સત્ય છે. એક સંશોધન મુજબ વિશ્વમાં અંદાજિત 6500 પ્રાદેશિક ભાષાઓ બોલાય છે. વીકિપીડિયાના માર્ચ 2019ના આંકડાઓ મુજબ ચાઈનીઝ મેન્ડરીન ભાષા બોલતી વ્યક્તિઓની સંખ્યા સર્વાધિક 918 મિલિયન (વિશ્વવસ્તીના 11.92 % લોકો) છે. દ્વિતીય સ્થાન પર સ્પેનીશ ભાષા બોલતા લોકોની સંખ્યા 480 મિલિયન (વિશ્વવસ્તીના 5.99 % લોકો), તૃતીય સ્થાન પર અંગ્રેજી ભાષા બોલતા લોકોની સંખ્યા 379 મિલિયન (વિશ્વવસ્તીના 4.92 % લોકો) અને ભારતની રાષ્ટ્રભાષા હિન્દી બોલતા લોકોની સંખ્યા 341 મિલિયન (વિશ્વવસ્તીના 4.42 % લોકો) છે. પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પ્રચલિત અને સર્વસ્વીકૃત લોકભોગ્ય ભાષા તરીકે અંગ્રેજી ભાષા અગ્રેસર છે. આપણા દેશ ભારતમાં બંધારણની આઠમી અનુસૂચિમાં કુલ 22 ભાષાઓનો સમાવેશ કરેલ છે. ભારતમાં કુલ પ્રાદેશિક ભાષાઓ 121 છે. (જે રેકર્ડ પર રજિસ્ટર્ડ થયેલી છે.) સમગ્ર વિશ્વમાં અને ભારતમાં પણ વ્યાવહારિક ભાષા અને વધુ ઉપયોગમાં લેવાતી ભાષા તરીકે અંગ્રેજી ભાષાનું પ્રચલન અને વ્યાપવિશ્વ ખૂબ બહોળું છે. એકવીસમી સદીમાં ઈન્ફર્મેશન ટૅક્નોલોજીના આવિષ્કાર અને વ્યાપક ફેલાવાથી સમગ્ર વિશ્વના દેશોમાં પ્રાદેશિક અને માતૃભાષાના અસ્તિત્વ સામે ખતરો ઊભો થયો હોય તેવી ચિંતા ભાષાવિદો અને વિશેષજ્ઞોમાં પ્રવર્તતી જોવા મળી છે. તેમાં ભારત અને તેનાં ઘટક રાજ્યો પણ બાકાત નથી. આપણા ગુજરાતમાં પણ ગાંધી નિર્વાણ દિન, 30 જાન્યુઆરી, 2010ના પ્રભાતે 'વૈષ્ણવજન'ના ઉદ્દ્ગાતાના નગર અને નરસિંહના નગર જૂનાગઢથી ગુજરાતના અગ્રણી કેળવણીકાર ડૉ. ગુણવંત શાહની આગેવાની હેઠળ માતૃભાષા વંદનાયાત્રા શરૂ કરવામાં આવી હતી અને તેમાં ગુજરાતી ભાષાના અગ્રગણ્ય લેખકો, પત્રકારો, ભાષાપ્રેમીઓ અને અનેક હિતચિંતકો જોડાયા હતા. મહદ્અંશે તે ચિંતા વ્યાજબી પણ હતી.

તાજેતરમાં તા.30-7-2020 ના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ને ભારત સરકારની કેબિનેટે મંજૂર કરી દીધી છે ત્યારે દરેક પ્રાદેશિક ભાષાના શિક્ષણવિદો, સાહિત્યકારો, પત્રકારો અને ભાષાપ્રેમીઓને 'માતૃભાષામાં ધો.1 થી ધો. 5 સુધીનું પ્રાથમિક શિક્ષણ' જેવો સુધારો દાખલ કરી ચિંતામુક્ત કર્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનું પ્રારૂપ સને 2019 માં જે.કે.કસ્તુરીરંગનની ટીમે તૈયાર કરીને ભારતની સંસદને સુપરત કર્યો હતો. આ પૉલિસી ન્યૂ એજ્યુકેશન પૉલિસી-2020 એ દેશના શિક્ષણમાં મૂળભૂત સુધારો કરનારી નીતિ છે. આ પૉલિસી ઈસરોના ચીફ ડૉ. કસ્તુરીરંગનના પ્રમુખપદે તૈયાર થયેલી છે. આ શિક્ષણનીતિ તૈયાર કરતાં પહેલાં દેશના સવા બે લાખ લોકોનાં સૂચનો કમિટીએ મેળવ્યાં હતાં. તેમાં શિક્ષણ જગત સાથે સંકળાયેલ વર્ગ ઉપરાંત સામાન્ય લોકો અને વાલીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

કે. કસ્તુરીરંગનની ટીમે સમગ્ર દુનિયાના વિવિધ દેશોમાં પ્રવર્તતી વર્તમાન શિક્ષણ પધ્ધતિનો અભ્યાસ કરીને ભારતની પરંપરા અને સ્થાનિક સાંસ્કૃતિક મૂલ્યોને કેન્દ્રમાં રાખીને 21મી સદીની દેશની અપેક્ષાઓ, લક્ષ્યોને સંપૂર્ણ

**"જે શિસ્ત માટે તમે પ્રયત્ન કરતા ન હો તેવી શિસ્તની માગણી બાળકો પાસે કદી કરતા નહીં." - શ્રીમાતાજી**

ન્યાય મળે તેવી શિક્ષણનીતિ બનાવી છે. નવી શિક્ષણનીતિમાં સંશોધનને વધારે મહત્ત્વ અપાયું છે. તદ્ ઉપરાંત સૌથી નોંધપાત્ર ફેરફાર દેશની તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રાદેશિક ભાષા એટલે કે માતૃભાષામાં ધોરણ-1 થી 5 સુધીનું શિક્ષણ કરેલ છે. આમ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં થવાથી બાળકની સર્જનાત્મકતા અને મૌલિક અભિવ્યક્તિમાં જે અંતરાય ઊભો થતો હતો તે દૂર થશે અને માતૃભાષામાં પ્રાવિણ્ય મેળવ્યા બાદ, અન્ય વિશ્વસ્તરીય ભાષાઓ અંગેની જાણકારી શીખવા માટે તેની માનસિક વય અને પરિપક્વતા સહાયક બનશે.

આપણા રાષ્ટ્રપિતા અને મહાત્મા તરીકે વિશ્વવિખ્યાત ગાંધીજીએ અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન વિદેશી ભાષા તરીકે દેશમાં શિક્ષણ વ્યવસ્થાના માધ્યમ તરીકે સ્વીકારેલી અંગ્રેજી ભાષાના શિક્ષણની કડક આલોચના કરી હતી. ગાંધીજી કહેતા હતા કે આપણી ભાષા આપણું પ્રતિબિંબ છે. તે જમાનામાં ગાંધીજીએ નોંધ્યું છે કે કોઈ પણ પ્રજાના સંસ્કારો અને સંસ્કૃતિની સાચી ઝલક માત્ર માતૃભાષામાં પ્રતિબિંબિત થાય છે તેથી દરેકે પ્રાથમિક કે ઉચ્ચ તમામ કેળવણી તેમની માતૃભાષા દ્વારા જ પ્રાપ્ત કરવી જોઈએ. માતૃભાષાનો અનાદર માતાના અનાદર સમાન છે.

શિક્ષણનું ભાગ્યે જ એવું પાસું હશે જેના વિશે ગાંધીજીએ પોતાના વિચારો કે દૃષ્ટિબિંદુ વ્યક્ત કર્યાં ન હોય. ઘણીવાર પ્રશ્ન થાય કે આઝાદી આંદોલનમાં ગળાબૂડ ગાંધીજીને, શિક્ષણના વિવિધ પાસાં વિશે આટલું ગહન ને વ્યાપક ચિંતન કરવાનો તથા તે વિશે આટલી વિશદતાથી લખવાનો સમય ક્યારે મળ્યો હશે ! ગાંધીજી દૃઢપણે માનતા એટલું જ નહીં એમણે લખ્યું છે કે ''આપણા વિશ્વવિદ્યાલયો એવી ગોઠવણ કરશે કે તેમાં ભણવા આવનાર વિદ્યાર્થીઓને તેઓની પોતાની માતૃભાષા દ્વારા શિક્ષણ આપવામાં આવે. આપણી ભાષા આપણું પ્રતિબિંબ છે અને કદી તમે એમ કહેશો કે આપણી ભાષાઓ સર્વોત્તમ વિચાર પ્રગટ કરવા માટે બહુ કંગાળ છે તો હું કહીશ કે આપણો નાશ જેમ જલદી થાય તેમ આપણા માટે વધારે સારું છે. તેમણે ખાતરી સાથે નોંધ્યું છે કે - દરેક હિંદી યુવક, અંગ્રેજી ભાષા દ્વારા પોતાનું જ્ઞાન મેળવતો હોવાથી, પોતાના જીવનનાં ઓછામાં ઓછાં છ અમૂલ્ય વર્ષો ગુમાવે છે. આપણી શાળાઓ અને કૉલેજોમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓની સંખ્યા સાથે તેને ગુણી નાખશો તો તમને જણાશે કે પ્રજાને કેટલાં હજાર વર્ષોનું નુકસાન થયું છે. આપણા ઉપર આરોપ છે કે આપણામાં આરંભ કરવાની શક્તિ નથી. આપણા જીવનનાં અમૂલ્ય વર્ષો એક વિદેશી ભાષા ઉપર કાબૂ મેળવવામાં ગાળવાં પડે, તો પછી આપણામાં તે શક્તિ ક્યાંથી હોય ? જે દેશના ભાવિ સમા યુવાનો એમ માનતા હોય કે અમે અમારા વિચારો સ્વભાષા દ્વારા બરાબર બહાર પાડી શકતા નથી, તે જુવાનો માટે હું તો એટલું કહું કે તેઓ માતૃભૂમિને ભારરૂપ છે. માતૃભાષામાં અપૂર્ણતા હોય તે દૂર કરવાને બદલે તેનો અનાદર કરવો, તેનાથી મોં ફેરવી બેસવું, એ કોઈપણ સુપુત્રને છાજતું ગણાય નહીં. હાલની પ્રજા જો પોતાની માતૃભાષા માટે બેદરકાર રહેશે તો ભાવિ પ્રજાને તેમના માટે અફસોસ કરવો પડશે. છોકરાંના માતા-પિતાએ પણ જમાનાના પૂરમાં તણાતા જરા સાવધ રહેવું જોઈએ. અંગ્રેજી ભાષા આપણને જોઈએ છે પણ તે આપણી સ્વભાષાનો નાશ કરવા માટે નહીં. આપણા જનસમાજની સુધારણા આપણી સ્વભાષા દ્વારા જ થશે. આપણા વ્યવહારની સરળતા અને ઉચ્ચતા એ પણ આપણી સ્વભાષા દ્વારા જ થશે. સ્વભાષાના વિશાળ જ્ઞાનની અપેક્ષા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા સર્વેએ રાખવી જોઈએ.''

રાષ્ટ્રીય નવી શિક્ષણનીતિ-2020માં માતૃભાષાના સંદર્ભે ગાંધી વિચારધારાનો પડઘો દેખાઈ રહ્યો છે. ભૂદાન આંદોલનના પ્રણેતા અને ગીતા પ્રવચનોના ઉદ્ગાતા તથા

**''બાળક એ કોઈ પુખ્ત વ્યક્તિની લઘુઆવૃત્તિ નથી, પરંતુ બાળકની પોતાની સ્વતંત્ર હસ્તી છે.''**

ગાંધીજીના સમકાલીન એવા શ્રી વિનોબા ભાવે જે ભાષામાં બાળકને સ્વપ્ન આવે તે ભાષાને શિક્ષણનું માધ્યમ રાખવાની હિમાયત કરે છે. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય. વિનોબાજી તો ત્યાં સુધી કહે છે કે, ''નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્બોધ બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે.''

કવિવર રવીન્દ્રનાથ ટાગોર, કનૈયાલાલ મુનશી, પ્રેમચંદજી, સૂર્યકાન્ત ત્રિપાઠી જેવા સમર્થ સાહિત્યકારો માતૃભાષાની દેન છે. આજે આવા સમર્થ સાહિત્યકારોની કૃતિઓ વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે. આ લોકો માતૃભાષા અને માતૃભૂમિના સાચા ઉપાસકો ગણાય. આજે પણ લોકહૃદયમાં તેમનું સ્થાન ચિરંજીવ છે.

રાષ્ટ્રીય નવી શિક્ષણનીતિ-2020 મુજબ ધોરણ-5 સુધી દરેક બાળક તેની સ્થાનિક-પ્રાદેશિક-માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરશે. ધોરણ-3 થી માતૃભાષા સાથે અન્ય એક વધારાની ભાષા બાળક વિકલ્પ તરીકે સ્વીકારી શકશે.

આમ, કે. કસ્તુરીરંગન સમિતિએ છેલ્લાં ઘણાં વર્ષોથી જે શિક્ષણમાં ભાષાના માધ્યમ અંગેનો વિવાદ હતો, તેનો કુનેહપૂર્વક ઉકેલ શોધી આપ્યો છે. માત્ર સમસ્યાનું નિરાકરણ આપ્યું છે તેટલું જ નહીં પણ પ્રાથમિક શિક્ષણ, માતૃભાષામાં ફરજિયાત બનાવી, ભારતની સનાતન સંસ્કૃતિની સંસ્કૃત ઉક્તિ 'માતા, માતૃભાષા, જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસિ' અર્થાત્ 'માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે.' તે ઉક્તિ સાચા અર્થમાં સાર્થક સાબિત થઈ છે.

**સંપર્ક : મિની કામા સૅકન્ડરી/હાયર સૅકન્ડરી સ્કૂલ ઑફ ધ બ્લાઈન્ડ, વસ્ત્રાપુર, અમદાવાદ-380015.**

## આદર્શ વિદ્યાર્થીનાં સંકલ્પસૂત્રો

1. હું માનવ થઈને જન્મ્યો છું, માનવ થઈને જ જીવીશ.
2. હું વિદ્યાર્થી (વિદ્યા-અર્થી) છું. જીવનભર વિદ્યા મેળવવા પ્રયત્નશીલ રહીશ, કાળજીપૂર્વક સતત અધ્યયન - અભ્યાસ કરતો રહીશ, મારા સાથીઓના અભ્યાસમાં સહાયક થઈશ.
3. જીવનની પ્રત્યેક ક્ષણને મૂલ્યવાન ગણી, સમયનો દુરુપયોગ ન કરતાં, સદુપયોગ કરીને તેજસ્વિતાને દીપાવવા અને માનવતાને મહેંકાવવા પ્રતિપળ પ્રયત્નશીલ રહીશ.
4. જીવનનું નિકંદન કાઢનાર હર કોઈ વ્યસનથી દૂર રહીશ.
5. અસહાયની આંતરડી ઠારવા સતત પ્રયત્ન કરીશ.
6. ભલો બની આજીવન ભલાઈનાં કામ કર્યા કરીશ.
7. સમાજમાંથી અનિષ્ટો દૂર કરવા સતત મથીશ.
8. સૌ સાથે સદ્‌ભાવથી વર્તી પરસ્પર પ્રેમ અને સદ્‌ભાવનું વાતાવરણ ઊભું કરીશ.
9. મને મારા બાળપણમાં પ્રેમથી પાળનાર માતાપિતાને એમના ઘડપણમાં પ્રેમથી ભક્તિપૂર્વક સેવા કરીને સંભાળીશ.
10. મારા ઈષ્ટદેવનું સ્મરણ કરતો રહીશ, ગુરૂજનો અને વડીલો પ્રત્યે પણ આદર રાખીશ.
11. મારા દેશનું ગૌરવ વધે એવા પ્રયત્ન કરતો રહીશ, કારણ કે દેશનું ગૌરવ એ જ મારું પણ ગૌરવ છે.

**- પૂ. રમેશભાઈ ઓઝા**

**''બાળકોને ચારિત્ર્યની કેળવણી આપો, બીજું બધું તો એ અવકાશ મળ્યે આપમેળે શીખી લેશે.'' - ગાંધીજી**

# હું અને મારી ભાષા બંને ગુજરાતી

**કમલેશ શુક્લ**

રઈશ મનીઆર લખે છે -

મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,
ભૂંસાવા ક્યાં દીધો કક્કો, હજી પાટીમાં રાખ્યો છે,
મલક કંઈ કેટલા ખૂંધ્યા, બધાની ધૂળ ચોંટી પણ,
હજુયે મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે !

21મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય ભાષાદિન છે. ઈ.સ. 1999 નવેમ્બરમાં યુનેસ્કોએ માતૃભાષા દિન ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી, 2000થી દર વર્ષે મનાવવામાં આવે છે. જે પાછળનો મુખ્ય ઉદ્દેશ છે - ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુ ભાષાવાદને પ્રોત્સાહન આપવું.

આપણે મા, માતૃભાષા અને માતૃભૂમિના જેટલા ગુણગાન ગાઈએ, જેટલું ગૌરવ કરીએ - એટલા ઓછા પડે ! આ ત્રણેયનો મહિમા અપરંપાર છે ! આ ત્રણેયનું સ્મરણ અને શરણ જીવનને પાવન અને મનભાવન બનાવે છે ! મા, માતૃભાષા અને માતૃભૂમિ અતુલ્ય છે ! અદ્‌ભુત અને અસાધારણ છે ! આ ત્રણેય વહાલનો દરિયો છે !

મને મળી મીઠી મધુરી મનમોહક મારી માતૃભાષા,
માટે જ માનવીય મૂલ્યો માણવા મળ્યા માનવમેળામાં !
- કલ્પના ઠાકર

આપણી માતૃભાષાની મીઠાશ તો જુઓ - ખારા નમકને પણ આપણે મીઠું કહીએ છીએ... નામ છે 'નારંગી' પણ સરસ મજાનો રંગ છે ! પુત્રથી પણ વધુ એટલે પુત્રવધૂ ! ઘરે મહેમાન આવે તો 'આવો... પધારો...' કહીએ છીએ. પણ ઘરેથી જાય ત્યારે પણ આવજો.. પધારજો... કહીએ છીએ ! કક્કાની શરૂઆત 'ક' એટલે કલમથી થાય, 'ખ' એટલે ખડિયો, 'ગ' એટલે ગણપતિ અને 'ઘ' એટલે ઘરનો 'ઘ'. મતલબ કે જે વ્યક્તિ કે બાળક કલમ અને ખડિયો એટલે કે ભણે તો ગણપતિ આવે ! તેના ઘરે રિદ્ધિ-સિદ્ધિ લક્ષ્મી અને લાભ આવે... અને આ ચારેય આવે ત્યારે તેનું ઘર મંડાય... સંસાર રચાય ! 'અ' એટલે અજ્ઞાનીથી શરૂ થઈ 'જ્ઞ' એટલે 'જ્ઞાની' બને ! કેટલી સુંદર હકીકત છે ! સંસાર રચાયા પછી 'ચ' એટલે ચકલી એટલે બાળકો હોય ! વળી બીજી પણ એક સુંદર વાત છે કે આપણી ગુજરાતી ભાષામાં કેપિટલ કે સ્મોલ લેટર્સ હોતા નથી ! મતલબ ભાષામાં કોઈ ઊંચનીંચનો ભેદભાવ નથી !

ઊઠે છે મારી પાટીમાં ગુજરાતીનો કક્કો,
ધૂળ, ઢેફાં ને ઢગલાનો મલક મારો સાચો !

માતા જન્મ આપે છે. ભાષા અભિવ્યક્તિ આપે છે જ્યારે માતૃભાષા વાચા આપે છે. આપણી સામાજિક વ્યવસ્થામાં પણ માતૃભાષાનું અમૂલ્ય પ્રદાન છે. અંતઃ ભાવની અનુભૂતિ એટલે માતૃભાષા ! સંસ્કાર અને સંસ્કૃતિ માતૃભાષાથી જ જીવંત રહે છે ! મધથી પણ મીઠી આપણી માતૃભાષા છે ! આપણી માતૃભાષા એ આપણા સાહિત્યનો શણગાર છે... શિરમોર છે... શોભા છે... સૌંદર્ય છે !

ગુજરાતી ભાષાના વૈભવને ચાલો આપણે જાણી,
જીવનને ઉજવીએ સમજી તેને ઉજાણી !

જે માતૃભાષાને ચાહે છે તે બધી જગ્યાએ સુખી હોય છે ! ભાષાની સમૃદ્ધિ એ સ્વતંત્રતાનું બીજ છે. આપણી ભાષા શુદ્ધ પણ હોય અને સમૃદ્ધ પણ હોય ! આપણી માતૃભાષામાં આપણી અસ્મિતા રહેલી છે ! માતૃભાષા એ માતાની ભાષા છે, સ્નેહની અને સંવેદનની ભાષા છે ! લાગણીઓથી તરબતર ઊભરાતી-છલકાતી, મહેંકતી અને ગહેકતી ભાષા છે ! વ્યક્તિના આનંદને અભિવ્યક્ત કરતી ભાષા છે. અંતરના ઉમળકાને આવકારતી ભાષા છે. આપણી દિવ્યતા અને ભવ્યતાને ઉજાગર કરતી ભાષા છે ! આપણા વ્યક્તિત્વને મઠારતી ભાષા છે !

માતા છે ગુજરાતની ધરતી, વતનની એ માટી છે
એ માટીમાં મૂળ છે મારા, ભાષા મારી ગુજરાતી છે.

નવી શિક્ષણનીતિમાં પ્રાદેશિક ભાષાઓને પ્રાધાન્ય આપીને તમામ પ્રાદેશિક ભાષાઓના સત્વ અને તત્ત્વનો

**"બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહિ." - ખલિલ જિબ્રાન**

સૌને સાક્ષાત્કાર થાય તે દિશામાં રાષ્ટ્રના શિક્ષણવિભાગે અસરકારક અને ઉપકારક કદમ ઉઠાવ્યું છે ! પ્રત્યેક બાળકને માતૃભાષા બોલતાં અને લખતાં આવડે તે બાબત પર સવિશેષ ભાર મૂક્યો છે. આપણી માતૃભાષા ખૂબ વિકસે અને વિસ્તરે તે દિશાનિર્દેશ કર્યો છે !

**હૃદયની ભાષા ગાતી હોય,**
**એ ભાષા ગુજરાતી હોય,**
**જયાં બોલાતી કે લખાતી હોય ત્યાં**
**ગુજરાતનાં ગૌરવથી ઊભરાતી હોય !**

બે ધર્મો વચ્ચે કયારેય ઝઘડો હોતો નથી પરંતુ બધા જ ધર્મોનો અધર્મ સાથે ઝઘડો હોય છે. એમ બે ભાષાઓ વચ્ચે કયારેય ઝઘડો હોતો નથી પરંતુ બધી જ ભાષાઓનો અજ્ઞાનતા સાથે ઝઘડો હોય છે ! બધા જ જ્ઞાનયાત્રીઓની ભાષા એક જ હોય છે. સર્વભાષા મૈત્રી જ પ્રગતિની ગંગોત્રી છે ! બધી જ ભાષાઓનો એક જ ધર્મ છે - માનવતા. જુદી જુદી ભાષાઓ વચ્ચે સંવાદિતાને પરિણામે માનવની ઉન્નતિ ઝડપી બનશે અને મનુષ્યનું પ્રગતિચક્ર વેગીલું બનશે.

આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી લખે છે -

**જન્મતાં આશિષ હેમચંદ્રની**
**પામી વિરાગી જિન સાધુઓ તણી**
**જેને તપસ્યા ગળથૂથીમાં મળી,**
**રસપ્રભા ભાલણથી લહી જે**
**નાચી અભંગે નરસિંહ-મીરાં**
**અખા તણે નાદ ચડી ઉમંગે,**
**આયુષ્યમતી લાડકી પ્રેમભટ્ટની**
**દઢાયુ ગોવર્ધનથી બની જે,**
**અર્ચેલ કાન્તે દલપતપુત્ર**
**તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા,**
**ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.**

**માતૃભાષાદિન પર આપણે આટલું ચિંતન અવશ્ય કરીએ -**

- આપણે સહુ આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યે પ્રેમ કેળવીએ. માતૃભાષા પ્રત્યે લગાવ રાખીએ.
- આપણે અને આપણાં બાળકો - વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી બોલતાં અને લખતાં શીખીએ. ફાંકડું અંગ્રેજી પણ આવડે, કડકડાટ ગુજરાતી પણ.
- ગુજરાતી ભાષા બોલતી વખતે અંગ્રેજી ભાષાના શબ્દોનો ઉપયોગ ટાળીએ. જે અંગ્રેજી શબ્દો વણાઈ ગયા છે તે બરાબર છે પરંતુ જાણી જોઈને ગુજરાતી ભાષામાં અંગ્રેજી શબ્દો વાપરીએ તે યોગ્ય નથી. દરેક ભાષાની એક ગરિમા અને શિસ્ત હોય છે ! તે જળવાય તે જરૂરી છે. અંગ્રેજો અંગ્રેજી બોલતી વખતે અન્ય ભાષા વાપરે છે ?
- ભાષામાં વિરામચિહ્નોનો ઉપયોગ અને મહત્ત્વ સમજે. વિરામચિહ્નો ભાષાનાં ઘરેણાં છે. વિરામચિહ્નોના યોગ્ય ઉપયોગથી જ ભાષા સુંદર લાગે છે !
- આપણી માતૃભાષા આપણી ઉમદા પરંપરાઓનો પરિચય કરાવે છે. આપણા દુહા, છંદ, ચોપાઈ, કહેવતો, વાર્તાઓ, સુભાષિતો, કાવ્યો, નિબંધો નવલિકાઓ, નાટકો, આત્મકથાઓ, રૂઢિપ્રયોગો આપણા પ્રદેશનો મજાનો ખજાનો છે. આ ખજાનાથી બાળકો અવગત થાય તે જરૂરી છે.
- આપણાં બાળકો વાંચનપ્રેમ કેળવે, પુસ્તકપ્રેમ કેળવે, પુસ્તકાલયાભિમુખ બને તેવા સવિશેષ પ્રયત્નો કરીએ.
- આપણાં બાળકોનું અક્ષરલેખન પણ સુંદર હોય તે જરૂરી છે. મોતીના દાણા જેવા સુંદર અને સુવાચ્ય અક્ષરો હોય તો સોનામાં સુગંધ ભળે છે ! સુંદર હસ્તાક્ષરો એ પૂર્ણ કેળવણીની નિશાની છે.
- બાળકોની વાંચન, લેખન તેમજ વાક્છટા વિકસે તે માટે વધુમાં વધુ અભિવ્યક્તિની તકો આપીએ.
- બાળકોને ઈનામ સ્વરૂપે પુસ્તક અર્પણ કરીએ અને એ પણ ગુજરાતી ભાષાનાં પુસ્તકો હોય તે આવકાર્ય છે.
- ગુજરાતી સાહિત્યના કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો બાળકોને પરિચય કરાવીએ, તેમના જીવન-કવન વિશે માહિતી આપી તેમના તખલ્લુસથી અવગત કરાવીએ.
- ગુજરાતી ભાષા સાહિત્યનાં પુસ્તકોના પુસ્તકમેળા તથા પુસ્તક પ્રદર્શન યોજાય તે જરૂરી છે.

**“બાળક એ તો બગીચાનું ફૂલ છે. તેને તેની રીતે જ ખીલવા દો.” - ફ્રોબેલ**

માતૃભાષા-ગુજરાતીના સંવર્ધનની જવાબદારી આપણા સૌની છે, પ્રત્યેક ગુજરાતીની છે, પ્રત્યેક શિક્ષકની છે. આપણે સૌ માતૃભાષાના ચાહક, વાહક, આરાધક, ઉપાસક અને સંવાહક બની આપણી માતૃભાષાનો પ્રચાર અને પ્રસાર થાય તેવા પ્રયત્નો કરીએ.

**અંગ્રેજી સારું છે,**
**પણ ગુજરાતી મારું છે.**

-સરદાર વલ્લભભાઈ પટેલ

જાણીતી ભલે અંગ્રેજી પણ માનીતી તો ગુજરાતી જ !

**ગુજરાતી બોલો કે લખો તો**
**પ્રત્યેક પળે એમ જ બને,**
**હૈયું આખે આખું ઠરે**
**એમ જ બને !**

આપણે તમામ ભાષાઓનો આદર કરીએ. આપણી અંદર ભારોભાર ભારતીયતા વિકસાવીએ. આપણે માતૃભાષા, રાષ્ટ્રભાષા અને આંતરરાષ્ટ્રીય ભાષાઓના જ્ઞાન દ્વારા જ ઉત્તરોતર સિદ્ધિનાં સોપાનો સર કરી શકીએ છીએ ! આપણી બધી જ ભાષાઓ સતત અને અવિરત વિકસે એવી આપણે અભિલાષા રાખીએ. માતૃભાષાના સંગીન પાયા પર જ સંસ્કારોની ઈમારત ચણાય છે ! ભાષા એ માનવાનો નહીં પણ માણવાનો વિષય છે. ભારતીય ભાષાઓનો પ્રચાર અને પ્રસાર થાય અને એ દ્વારા ભારતીય સંસ્કૃતિનું જતન અને સંવર્ધન થાય એ જ 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણીનો સંદેશ છે.

કિશન રાડિયા લખે છે -

**લાગણીના જળ વડે મર્દન કરું છું,**
**શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું,**
**બે ગઝલ, બે ગીતનાં પુષ્પો ચડાવી**
**માતૃભાષાને પ્રથમ વંદન કરું છું.**

---

**સંપર્ક : એ.પી.ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ,**
**તા.ઈડર, જિ. સાબરકાંઠા**

## પ્રેરણાનો પ્રકાશ

સ્કોટલૅન્ડમાં ફલેમિંગ નામનો એક ગરીબ ખેડૂત રહેતો હતો. એક દિવસ તે જયારે ખેતર ખેડી રહ્યો હતો ત્યારે તેણે કોઈની 'બચાવો બચાવો' ની બૂમો સાંભળી. ફલેમિંગ કામ પડતું મૂકી અવાજની દિશામાં દોડયો. તેણે એક બાળકને કાદવના કળણમાં ગરક થતો જોયો. ફલેમિંગે કાદવમાં ખૂંપી ગયેલા તે બાળકને બચાવ્યો.

બીજે દિવસે એક અમીર ઉમરાવ તેને ઘેર આવ્યા. તેમણે ફલેમિંગનો આભાર માનતા કહ્યું : 'મારા પુત્રને બચાવીને તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે. હું આપનું ઋણ ચૂકવવા માગું છું. એ જ સમયે ફલેમિંગનો પુત્ર ત્યાં આવી ચડ્યો. આ ગ્રામ્ય બાળકની તેજસ્વિતાથી પ્રભાવિત થયેલા ઉમરાવે તે બાળકને પોતાના બાળક સાથે ભણવા ઈંગ્લૅન્ડ લઈ જવા ઈચ્છા દર્શાવી. ફલેમિંગે ઘણી આનાકાની બાદ અનુમતિ આપી.

ફલેમિંગનો પુત્ર લંડનની શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરી મહાન વૈજ્ઞાનિક બન્યો અને તેણે પેનિસિલીનની શોધ કરી. યોગાનુયોગ પેલા અમીરનો પુત્ર જેને ફલેમિંગે કળણમાંથી બચાવ્યો હતો તેને ન્યૂમોનિયાનો રોગ લાગુ પડયો. આ રોગને દૂર કરવામાં પેલા ખેડૂતપુત્રની શોધ - પેનિસિલીન જ કારગત નીવડી. ઉમરાવનો છોકરો બચી ગયો. ફલેમિંગના પુત્રની આંખો કૃતજ્ઞતાનાં આંસુઓથી છલકાઈ ગઈ, તો ઉમરાવના પુત્રનું મસ્તક અહેસાનથી નત બની ગયું.

આ અમીર ઉમરાવનું નામ લૉર્ડ રેન્ડોલ્ફ ચર્ચિલ અને તેનો પુત્ર તે વિશ્વયુદ્ધમાં ઈંગ્લૅન્ડને વિજેતા બનાવનાર સર વિન્સેન્ટ ચર્ચિલ અને પેનિસિલીનના શોધક તે ઍલેકઝાન્ડર ફલેમિંગ ! બંનેએ વિશ્વભરમાં નામના મેળવી.

(સંકલન)

**('પ્રેરક પ્રસંગ પુષ્પો' પુસ્તિકામાંથી સાભાર)**

**"બાળક એક જીવંત, અત્યંત સૂક્ષ્મ, મૃદુ અને સંવેદનશીલ પંખીડું છે." - રવીન્દ્રનાથ ટાગોર**

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિન : વૈજ્ઞાનિક વલણનો પ્રોત્સાહિતતા અને ઉત્સુકતા

ડૉ. દિપક જે. પંડયા

28મી ફેબ્રુઆરી 1928 ના રોજ ભારતના મહાન ભૌતિક વિજ્ઞાની ડૉ. સી.વી રામને માનવકલ્યાણ માટે 'રામન ઈફેક્ટ'ની ઉમદા શોધ ભારતવર્ષને સમર્પિત કરી. ટાંચા સાધનોની વચ્ચે અને અનેક આર્થિક સામાજિક મુશ્કેલીઓની સર્જનાત્મકતા સાથે રાખીને ચંદ્રશેખર વ્યંકટેશ રામને સમગ્ર વિશ્વને ઉમદા સંશોધનની ભેટ આપી, જેને બ્રિટનની રૉયલ સ્વીડીશ ઍકેડમીએ 1930 માં ભૌતિક વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક અર્પણ કર્યું.

ભગવદ્ગીતામાં લખ્યું છે કે, 'न हि ज्ञानेन सदृशं पवित्रम् इह विद्यते' અનુસાર જીવનમાં પોતાની યુવાનીના 35 વર્ષ શુદ્ધ ભૌતિક વિજ્ઞાનની સાધના માટે તેમણે દેશને સમર્પિત કર્યા. માત્ર શુદ્ધ અને પવિત્ર વિજ્ઞાનની આરાધનાને જ તેમણે પોતાના જીવનની ઉત્કૃષ્ટતા, પ્રતિબદ્ધતા અને સાર્થકતાને જ પોતાની ઉપાસના સમજી.

સમુદ્રીય જળ અને બરફના પારદર્શી ગ્લેસિયરના ટુકડામાંથી પસાર થતા સૂર્યકિરણોનાં વાદળી રંગના પ્રકિર્ણન પરના અસંખ્ય પ્રયોગો પરથી મર્ક્યુરી આર્કમાંથી એકરંગી પ્રકાશનાં કિરણોને પારદર્શી પદાર્થોના માધ્યમમાંથી પસાર કરતા સ્પેક્ટ્રોગ્રાફ પર મળતી વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવતી વિદ્યુત ચુંબકીય વર્ણપટ્ટની રેખાઓને 'રામન અસર' એવું સંશોધનાત્મક નામ આપ્યું.

આ મહાન શોધ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા ભૌતિક વિજ્ઞાનનાં સાધનો જેવા કે, સ્પેક્ટ્રોમીટર, સ્પેક્ટ્રોગ્રાફ, ઑપ્થેલ્મોસ્કોપ વગેરે પ્રાયોગિક ઉપકરણો અને યંત્રો ડૉ. રામને કોલકતાનો સર આશુતોષ મુખરજી પ્રેરિત 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ પ્રયોગશાળામાં' ટાંચા સાધનો અને સગવડતા વચ્ચે પોતાની જાતે જ માત્ર 200 રૂપિયા જેવી તે સમયની મામુલી કિંમતે નિર્માણ કર્યાં હતાં. આપણને સૌ ભારતીયોને તેઓએ આજે પણ ઉમદા સંશોધન કરવા માટે આર્થિક સામાજિક પરિપ્રેક્ષ ગૌણ છે, પરંતુ ઈચ્છાશક્તિની અદમ્યતા જરૂરી છે તે પ્રેરિત કર્યું છે.

નાણા વિભાગની સિવિલ સર્વિસની ઉચ્ચ હોદ્દા પરની એકાઉન્ટ જનરલની પ્રતિષ્ઠાવાળી નોકરીને તિલાંજલી આપીને શુદ્ધ વિજ્ઞાન સંશોધનને રાષ્ટ્રવિકાસ માટે સમર્પિત કરનાર શાંત, સૌમ્ય, સરળ, કોમળ હૃદયી, પ્રકૃતિવિદ્ અર્થશાસ્ત્રી અને માનવતાવાદી વૈજ્ઞાનિક ડૉ. સી.વી.રામનને સન્માન આપવા તથા નવી પેઢીને નૂતન સંશોધન માટે પ્રેરિત કરવા ભારત સરકારે પ્રત્યેક વર્ષે 28 ફેબ્રુઆરીના દિવસને "રાષ્ટ્રીય વિજ્ઞાન દિન" તરીકે રાષ્ટ્રમાં વૈજ્ઞાનિક વલણ અને શુદ્ધ વિજ્ઞાન સંશોધન માટે નવી પેઢીમાં ઉત્સુકતા પ્રેરવા માટે ઉજવવામાં આવે છે. શાળા, કૉલેજો અને સંશોધન સંસ્થાઓમાં કાર્યરત પ્રત્યેક વિદ્યાર્થીનાં જીવનમાં દેશના છેલ્લામાં છેલ્લામાં છેલ્લા નાગરિકનું જીવનધોરણ સુધરે, તેવા ઉમદા સંશોધન માટે આત્મનિર્ભર બનવાની ઉત્કૃષ્ટતા અને પ્રતિબદ્ધતા માનવ કલ્યાણ માટે જ ટૅક્નોલોજી અને નવીનીકરણનો આવિષ્કાર થાય તથા દેશના પ્રત્યેક નાગરિકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા શુભ હેતુ સાથે વિજ્ઞાન પ્રવૃત્તિઓ સ્વરૂપ ઉજવણી કરવા ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય પ્રત્યેક વર્ષે વિવિધ કેન્દ્રવર્તી વિચાર (થીમ) રજૂ કરે છે.

ભારત સરકારની વિજ્ઞાન સંશોધન સંસ્થા 'નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ ઍન્ડ ટેક્નોલોજી કમિશન'ની નમ્ર વિનંતીના સંદર્ભે વિજ્ઞાન અને ટૅક્નોલોજી, પ્રોદ્યોગિક મંત્રાલયે 1986માં ઉપરોક્ત ઉમદા વિચારને મૂર્તિમંત કર્યો. 1987થી 'બેહતર જીવનધોરણ માટે વિજ્ઞાન' વિચાર પર 28 ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું. 1999થી કોઈ સાંપ્રત પરિસ્થિતિ અનુસાર કેન્દ્રવર્તી વિચાર(થીમ) પર 'માનવ માટે વિજ્ઞાન અને વિજ્ઞાન માટે માનવ' જેવા ઉમદા સ્લોગન વર્ષ દરમ્યાન પ્રવૃત્તિ સંદર્ભે સ્વીકાર્યાં.

માનવના જ્ઞાનાત્મક પાસાઓનો ટૅક્નોલોજી અને

**શાંતિ પામ્યા વિના શાંતિ આપી શકાતી નથી.**

ઈનોવેશનમાં રૂપાંતરિત કરી રાષ્ટ્રીય વિકાસ સંદર્ભે વિજ્ઞાન અને ટૅક્નોલોજી મંત્રાલયે 2020માં 'વિજ્ઞાન સંશોધનક્ષેત્રે સ્ત્રીઓનું યોગદાન' થીમ અંતર્ગત બે વખત વિજ્ઞાન નોબેલ પારિતોષિક વિજેતા મેરી ક્યુરીના જીવન કવનમાંથી ભારતીય મહિલા વૈજ્ઞાનિકોને પ્રેરિત તથા પ્રોત્સાહિત કરવાનો ઉમદા પ્રયાસ કર્યો. રાષ્ટ્રનિર્માણમાં 'સ્ત્રી વૈજ્ઞાનિક'ની ઉત્કૃષ્ટ ભૂમિકા તથા ગ્રામ્ય નારી સુધી તેના જીવનવ્યવહારમાં વૈજ્ઞાનિક વલણની સહભાગિતા, અંધશ્રદ્ધા નિર્મૂલન, સામાજિક ઉત્થાન માટે 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।' અનુસાર ભૌતિક વિજ્ઞાન, ગણિત, ખગોળ વિજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર, રસાયણ વિજ્ઞાન, બાયોટૅક્નોલોજી વગેરે વિજ્ઞાન ક્ષેત્રે ભારતીય નારીને તક આપી તેની માતૃશક્તિને રાષ્ટ્રનિર્માણ માટે પ્રોત્સાહિત કરવાનો વિજ્ઞાન ટૅક્નોલોજી મંત્રાલયનો ઉમદા હેતુ વિવિધ નારી સશક્તિકરણ પ્રવૃત્તિઓ દ્વારા વર્ષ દરમિયાન યોજાયો.

પરંપરાગત વૈદિક જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે સમન્વિત કરવાના મૂળભૂત ઉદ્દેશ્ય સાથે ભારત સરકારની વિવિધ વિજ્ઞાન ટૅક્નોલોજી સંશોધન સંસ્થાઓ જેવી કે, 'જાયન્ટ મેટ્રીવેટ રેડિયો ટેલિસ્કોપ' 'ડિફેન્સ રિસર્ચ ડેવલેપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' 'ભારતીય વિજ્ઞાન ટૅક્નોલોજી અને પ્રોદ્યોગિકી સંસ્થા, કાઉન્સિલ ઑફ સાયન્ટિફીક ઍન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, નેશનલ એન્વાયર્મેન્ટલ એન્જિનિયરીંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, જવાહરલાલ નેહરૂ પ્લેનેટોરિયમ વગેરે વિજ્ઞાન સંશોધન સંસ્થાઓ મંત્રાલય દ્વારા આયોજિત થીમ પર આધારિત વિવિધ પ્રવૃત્તિઓનો રાષ્ટ્રીય સ્તરે પ્રચાર-પ્રસાર કરે છે.

વિજ્ઞાન અને ટૅક્નોલોજી મંત્રાલયે 2021ના વર્ષની 'વિજ્ઞાન દિન' ઉજવણીનો કેન્દ્રવર્તી વિચાર 4 ફેબ્રુઆરીએ ઉપરોક્ત સંશોધન સંસ્થાઓને જણાવ્યો છે. 'ફ્યુચર ઑફ STI'. ઈમ્પેક્ટ ઑફ ઍજ્યુકેશન, સ્કિલ ઍન્ડ વર્ક જેવા ઉમદા હેતુ સંદર્ભે દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' અમલીકરણ સંદર્ભે દેશના પ્રત્યેક વિદ્યાર્થીના જીવનવ્યવહારમાં વિવિધ કૌશલ્યોનું નિર્માણ કરવાનો હેતુ સમાવિષ્ટ છે. વિજ્ઞાન ટૅક્નોલોજી અને ઈનોવેશનના માધ્યમ દ્વારા શાળા, કૉલેજો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં જ્ઞાનની ઉપાસના કરતા અધ્યેતા ટૅક્નોલોજીને લોકભોગ્ય ગ્રામ્ય જનસમુદાયના જ્ઞાનની ઉપાસના કરતા અધ્યેતા ટૅક્નોલોજી અર્જિત કરે તે મૂળભૂત ઉદ્દેશ્ય સાથે વિવિધ વિજ્ઞાન પ્રવૃત્તિઓ આ વર્ષે સમગ્ર રાષ્ટ્રમાં આયોજિત થશે. યોગાનુયોગ આ વર્ષે આર્કિમીડીઝ દ્વારા સંશોધિત ગણિત સંકલ્પના 'પાઈ'ને વૈશ્વિક સ્તરે તેની ગાણિતિક સંશોધનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા સંદર્ભે 'વિશ્વ પાઈ ડે' આંતરરાષ્ટ્રીય સ્તરે યોજવામાં આવશે.

તેમના ઉમદા સંશોધનને બિરદાવતા બ્રિટીશ સરકારે ડૉ. સી.વી. રામનને નાઈટ હૂડ ખિતાબ, ભારત સરકારે 1954માં 'ભારત રત્ન' 1958માં રશિયાએ લેનિન શાંતિ પુરસ્કાર, અમેરિકાએ હ્યુજીસ મેડલ, મેપ્યુકી મેડલ, ફ્રેકલીન પુરસ્કાર વગેરે અનેક દેશોએ તેમને સન્માનિત કર્યા. તેઓ આજીવન કોલકાતા વિશ્વવિદ્યાલય, બનારસ હિન્દુ યુનિવર્સિટી, ભારતીય વિજ્ઞાન સંસ્થા સાથે જોડાયેલા રહ્યા.

પોતાને મળેલા અનેક પારિતોષિકોની રોકડ રકમનું રોકાણ આ ઉમદા વૈજ્ઞાનિકે બેંગલોરની 'રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' સંસ્થાની સ્થાપના કરવા અને યુવા પેઢીને વિજ્ઞાન સંશોધન માટે અભિપ્રેરિત કરવા કર્યું.

ઋગ્વેદમાં રજૂ કરેલ મંત્ર 'अविद्यता मृत्युम् तिर्त्वा विद्यया मृतम् अनुष्यते' અનુસાર આપણા ભારતવર્ષના ઉમદા વૈજ્ઞાનિકે મૃત્યુ તરફથી અમરત્વ તરફ લઈ જનાર વિદ્યા અને જીવનનું અંતિમ ધ્યેય અવિદ્યાના સમતોલ જીવનવ્યવહાર અને કવનને આપણા સૌ સુધી 'શુદ્ધ વિજ્ઞાન'ના વિનિમય સાથે સમર્પિત કર્યું છે. 21 નવેમ્બર 1970ના રોજ 82 વર્ષની દીર્ઘ વિજ્ઞાન સાધના કરી માનવતાવાદી વિજ્ઞાની ડૉ. સી.વી. રામન નિર્વાણ પામ્યા. શિક્ષક તરીકે આપણે સૌ આપણાં બાળકોમાં 'વૈજ્ઞાનિક કૌશલ્યનું નિર્માણ કરવાનો સંકલ્પ લઈએ એ તેમને આપેલી સાચી શ્રધ્ધાંજલિ છે.

**સંપર્ક: શ્રી વિશુધ્ધાનંદ વિદ્યા મંદિર,**
**વિદ્યાનગર, ભાવનગર, મો. 79903 64476**

**જીવનનું ખરું સત્ય, ખરી પ્રસન્નતા સત્યનિષ્ઠ થવામાં જ છે.**

# શિક્ષકની સજ્જતા અને શિક્ષક વિશેની અપેક્ષા

પરેશકુમાર વિ. ત્રિવેદી

શિક્ષક એ શિક્ષણનો આધારસ્તંભ છે, શિક્ષણના માધ્યમથી મૂલ્યો અને સંસ્કારોનો વાહક છે, વાલીઓનો વિશ્વાસ છે, વિદ્યાર્થીઓનો રોલમોડેલ છે. તેથી જ શિક્ષક હંમેશાં સજ્જ જ હોવો જોઈએ એવી શિક્ષક પાસે ખૂબ મોટી અપેક્ષા પણ છે.

એક સુંદર વાક્ય છે, 'કોઈપણ સમાજનું સ્તર તેના શિક્ષકના સ્તરથી ઊંચું હોઈ શકે નહીં.' આ વાક્યમાં જ શિક્ષકની સજ્જતાની જરૂર તથા સમાજની અપેક્ષા બન્ને સમાઈ જાય છે. બીજું એક વાક્ય છે, 'મને એ વ્યક્તિ સાથે વાત કરવા દો, હું કહી આપીશ કે તેના શિક્ષક કેવા હશે.' એ વ્યક્તિ પર ફક્ત શિક્ષકનો જ પ્રભાવ નથી, અન્ય અનેક પરિબળોની અસર છે છતાં આ વાક્યનો મર્મ એ છે કે કોઈપણ વ્યક્તિ પર શિક્ષકનો પ્રભાવ સૌથી વધુ હોય છે.

શિક્ષક એ શિક્ષણનું મુખ્ય પરિબળ છે ત્યારે આ શિક્ષક જ જો સજ્જ ન હોય તો ? શિક્ષક એ ભાવિ પેઢીનો નિર્માતા હોય અને તે સજ્જ ન હોય તો આખી પેઢીને નુકસાન છે. બાકીના તમામ વ્યવસાયોમાં સજ્જતાના અભાવે ક્ષણિક કે સામાન્ય ભૌતિક નુકસાન થાય છે તે સુધરી શકે છે. પરંતુ શિક્ષકની સજ્જતાના અભાવે જે નુકસાન થાય છે તે સુધરી શકે એમ નથી. તેથી શિક્ષક સજ્જ જ હોવો જોઈએ.

શિક્ષક સજ્જ હોવો જોઈએ તો કઈ રીતે સજ્જ હોવો જોઈએ ? તેવો પ્રશ્ન સ્વાભાવિક જ થાય. તો તેનો જવાબ છે શિક્ષક સજ્જ હોવો જોઈએ-ડિગ્રીથી, સ્વભાવથી, સંસ્કારથી, સાત્ત્વિકતાથી, ચારિત્ર્યથી, વિષયવસ્તુથી, સભ્યતાથી, ગુણોથી, મૂલ્યોથી... આ યાદી હજુ પણ લંબાવી શકાય છે.

શિક્ષક સજ્જ હોવો જોઈએ તો શું તેણે લડવા જવાનું છે ? ના, પણ વર્ગખંડમાં સક્રિયતાથી રસપૂર્વક કાર્ય કરવું એ એક લડાઈ જ છે ! B.Ed. કે P.T.C. કરતાં હોઈએ ત્યારે ધ્યાનમાં આવે છે કે કેટલીયે તૈયારી કરી હોય છતાં દુકાન વહેલી બંધ થઈ જાય છે !

પ્રત્યક્ષ શિક્ષણમાં શિક્ષકનું આયોજન જ એ પ્રકારનું હોવું જોઈએ કે તાસની એક-એક મિનિટનો પૂરેપૂરો સદુપયોગ થાય. શિક્ષક જો ખીલી ઊઠે તો વર્ગને સ્વર્ગ બનતા વાર ન લાગે. આપણે સૌ ભણતા હતા ત્યારે આપણને ભણાવતા શિક્ષકોને યાદ કરો. અમુક શિક્ષકો આપણને અવશ્ય એવા યાદ આવશે કે જેને આપણે સજ્જ શિક્ષકની કક્ષામાં મૂકી શકીએ. શિક્ષક તરીકે આપણે આપણા એ શિક્ષકોને રોલમોડેલ બનાવવા જ રહ્યા.

વિષયવસ્તુની સજ્જતા સૌથી મહત્ત્વનું પાસું છે. વિદ્યાર્થીઓ પર પ્રભાવ પાડવા વિષયવસ્તુની સ્પષ્ટતા સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. વિષયવસ્તુ જે શિક્ષક તરીકે આપણે જાણીએ છીએ તેને પીરસવામાં પણ એટલી જ સજ્જતાની આવશ્યકતા છે. ફક્ત શિક્ષકને આવડે છે એ જ મહત્ત્વનું નથી પરંતુ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલું સમજાવી શકે છે તે પણ એટલું જ મહત્ત્વનું છે. શિક્ષકે પોતે તો બરાબર સમજવાનું જ છે પરંતુ તેનાથી મોટી જવાબદારી વિદ્યાર્થીઓને સમજાવવાની છે. તેથી જ શિક્ષક માટે દરરોજ સ્વાધ્યાય જરૂરી છે.

દૈનિક આયોજન બુકમાં આયોજન લખવું એ માત્ર ક્રિયાકાંડ નથી, તેનું યોગ્ય મહત્ત્વ સમજવું પડે. શિક્ષક તરીકેના શરૂઆતના સમયગાળા કરતાં અનુભવ વધે તેમ શિક્ષકત્વનો વિકાસ ચોક્કસ થાય છે પણ જ્યારે વર્ગખંડમાં ભણાવવાનું છે ત્યારે આગળના દિવસે જે ભણાવવાનું છે

**માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે શિક્ષણ. - સ્વામી વિવેકાનંદ**

તેનું અધ્યયન અવશ્ય કરી જ લેવું જોઈએ. પછી ભલે ને તે નિવૃત્તિની આગળનો દિવસ કેમ ન હોય...

શિક્ષક પોતાના વિષય માટે રેડીરેકનર જ હોવો જોઈએ કે જેથી વિદ્યાર્થી ગમે ત્યારે અને ગમે તે પૂછે તો તેનો સંતોષકારક જવાબ આપી શકાય. શિક્ષક હંમેશાં વિદ્યાર્થી જ હોવો જોઈએ એટલે કે પોતાના વિષયની તથા અન્ય નવું શીખવાની જિજ્ઞાસાવાળો જ હોવો જોઈએ. આમ, શિક્ષણકાર્યના સંદર્ભમાં શિક્ષકની સજ્જતા અત્યંત મહત્ત્વનું પરિબળ છે તેમ ચોક્કસ કહી શકાય.

શિક્ષક પાસે વિદ્યાર્થી, વાલી અને સમાજની વિશેષ અપેક્ષા હોય છે. પ્રશ્ન એ થાય કે અન્ય વ્યવસાય સાથે જોડાયેલા લોકો પાસે વિશેષ અપેક્ષા રાખવામાં આવતી નથી તો શિક્ષક પાસે આટલી બધી અપેક્ષાઓ કેમ ?

શિક્ષક પાસે જ તમામ અપેક્ષાઓ હોય તેનું કારણ છે કે મા-બાપ પોતાનું બાળક સંપૂર્ણ વિશ્વાસથી શાળામાં કલાકો સુધી શિક્ષકને સોંપે છે. મા-બાપ કરતાં પણ વિશેષ જવાબદારી શિક્ષકોની ગણાય છે તેથી અપેક્ષાઓ પણ વધે છે.

સૌથી પહેલી અપેક્ષા એવી હોય છે કે શિક્ષક ચારિત્ર્યવાન હોવો જોઈએ. ચાણક્યના વૈચારિક વંશજ એવા શિક્ષકનું વ્યક્તિગત અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઉત્તમ હશે તો જ તે ચંદ્રગુપ્ત જેવા શિષ્યોનું સર્જન કરી શકશે ને ! શિક્ષક પોતાના વિષયમાં સુસજ્જ હોય તે અપેક્ષિત છે કારણ કે શિક્ષક સુસજ્જ હશે તો જ વિદ્યાર્થીને ચોક્કસ સ્તરે પહોંચાડી શકશે. વિદ્યાર્થી નબળો રહી જાય તો ફક્ત વિદ્યાર્થીની ખામી નથી, તેના શિક્ષકની પણ ખામી ગણાય.

શિક્ષક લાગણીશીલ અને સંવેદનશીલ હોય તેવી પણ અપેક્ષા છે કારણ કે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદનશીલ હશે તો જ શિષ્યો પ્રત્યે આત્મીય થઈ શકશે અને શિષ્યોમાં પણ સંવેદનાનો ભાવ જાગૃત કરી શકશે.

વિદ્યાર્થીઓને શિક્ષકે અભ્યાસમાં પારંગત કરવાનો જ છે પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓમાં પણ સતત માર્ગદર્શક બની રહે તેવી અપેક્ષા પણ અસ્થાને નથી.

આપણે આપણા રોલમૉડેલ પાસેથી કેવી અપેક્ષા રાખીએ છીએ ? શિક્ષક એ વિદ્યાર્થીનો રોલમૉડેલ છે તેથી જ તેની જવાબદારી વધે છે.

શિક્ષક માટે વણલખી આચારસંહિતા છે. શિક્ષકના વર્તનથી શરૂ કરીને પહેરવેશ સુધીની તમામ બાબતોને આ આચાર-સંહિતા લાગુ પડે છે.

શિક્ષક માટે સૌથી મોટો ફાયદો એ છે કે તેણે હંમેશાં જીવંત જથ્થા સાથે કામ કરવાનું છે. અન્ય વ્યવસાયોમાં મશીનો સાથે કે ચોપડાઓ સાથે કામ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ સાથે કામ કરતાં આપણે જિંદગીભર જીવંત રહીએ છીએ. જીવવું અને જીવંત રહેવું બન્નેમાં તફાવત છે જે આપણે જાણીએ છીએ.

આમ, શિક્ષક એ સારા કે શ્રેષ્ઠ કહેવાય તેવા તમામ લક્ષણોથી સજ્જ હોવો જોઈએ તેવી સમાજની અપેક્ષા છે. શિક્ષકે આ બાબતોને હંમેશાં નજર સમક્ષ રાખવી જ જોઈએ.

શિક્ષકને ગુરુ કહ્યા છે. ગુરુ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર વિશ્વના મહાન શિક્ષકો. શ્રીકૃષ્ણના ગુરુ સાંદિપની, ચંદ્રગુપ્તના ગુરુ ચાણક્ય, શિવાજી મહારાજના ગુરુ સ્વામી રામદાસ, વિવેકાનંદજીના ગુરુ રામકૃષ્ણ પરમહંસ, ડૉ. ભીમરાવ આંબેડકરના ગુરુ કેશવ આંબેડકર જેવા ગુરુવર્ય આપણે બની રહીએ તેવી સમાજની અપેક્ષા છે. સૌનું શિક્ષકત્વ સતત વિકસતું રહે તેવી શુભકામના.

---

**સંપર્ક : 'સંકલ્પ', પ્લોટ નં.1614/A/1, રમણનગર, ભાવનગર-364001**

**"બાળકના શરીર, મન અને આત્મામાં જે કાંઈ શ્રેષ્ઠ છે તે બધું બહાર આણવું એ જ ખરી કેળવણી છે." - ગાંધીજી**

# કાવ્યશિક્ષણ

ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

કાવ્યનું શિક્ષણ પડકારરૂપ કાર્ય છે એવું સૌ શિક્ષકો અનુભવે છે. કારણ કે કાવ્યની રચના, થોડામાં ઘણું કહેવાની રજૂઆત, કાવ્યનો વિષય વગેરે અંગેની સમજ સાથે સાંકળવાની તૈયારી મહત્ત્વની છે. જે સંકળાય તેને માટે સરળ અને ન સંકળાય તેને માટે કઠિન. કાવ્યશિક્ષણને સરળ બનાવવા શું કરી શકાય ? કાવ્યશિક્ષણ કેવી રીતે આપવામાં આવે તો વિદ્યાર્થીઓ આનંદદાયી સમજ મેળવી શકે ? ભાષા-શિક્ષણ-સાહિત્ય શિક્ષણના અનુભવે જે સમજાયું છે, આચરાયું છે, સાથોસાથ તેમ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય ગમ્યું છે તે સંદર્ભે વિચારોની રજૂઆત કરવાનો નમ્ર પ્રયાસ છે.

### કાવ્યશિક્ષણ પહેલાં :

**કાવ્યરસ કેળવો :** શિક્ષકે કાવ્યમાં રસ કેળવવો પડે. જૂના-નવાં કાવ્યોનું વાચન-પઠન-ગાન કરતાં રહેવું. કાવ્યને સમજવા પ્રયાસ કરવો. સામયિકો-વર્તમાનપત્રોમાં આવતાં કાવ્ય-આસ્વાદના લેખો વાંચવા. આપણી સમજ અને વિવેચકની સમજ વચ્ચેની ખાઈ (ગેપ) સમજવી. આમ કરતાં રહેવાથી અભિધા-લક્ષણા-વ્યંજના-વ્યંગ્યાર્થ સુધી પહોંચવાની તક સાંપડશે.

**કાવ્યશિક્ષણ માટે આયોજન કરો :** સીધા વર્ગમાં જઈને કાવ્ય શીખવવું અને આયોજન કરીને કાવ્ય શીખવવામાં આભ-જમીનનો તફાવત છે. તેનો દરેક ભાષાશિક્ષકને ખ્યાલ હશે. શિક્ષકે તાલીમ દરમિયાન મેળવેલા પાઠ આયોજન-એકમ આયોજનના જ્ઞાનનો ઉપયોગ કરીને વર્ગશિક્ષણ માટે પદ્ધતિ, પ્રયુક્તિ, હેતુ, પ્રશ્નો, પ્રવૃત્તિઓ, સંદર્ભો, સાધનો અંગે વિચારીને આયોજન કરવું જોઈએ. કાવ્યમાં રસ ધરાવતા શિક્ષક માટે ઘણી સરળતા અને અરસિક માટે રસ તરફ દોરવાવાનો લાભ રહેશે.

**વિદ્યાર્થીને સભાન કરો :** આવતા તાસમાં કરવાનાં શિક્ષણકાર્ય અંગે જ્ઞાત કરવા કોઈ કાવ્યનું નામ આપી તેનું ગાન-પઠન-વાચન કરવા, નવા - ન સમજાતાં શબ્દોનાં અર્થ શબ્દકોશમાંથી શોધવા, કાવ્યના વિષય અને કાવ્યમાંથી મળતાં સંદેશા અંગે વિચારવા કહી શકાય. વર્ગકાર્યમાં તેઓને સાંકળતા રહેવાથી તેઓ વધુ કાર્યશીલ-સભાન બનશે. આયોજિત અભ્યાસક્રમને પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.

### શિક્ષણકાર્ય દરમિયાન :

**કાવ્યગાન-પઠન :** કાવ્ય ગેય હોય તો શિક્ષકે કાવ્યના પ્રસંગભાવને અનુરૂપ રાગમાં આરોહ-અવરોહ સાથે, લયબદ્ધ રીતે, યોગ્ય સ્વરભાર-વિરામ દ્વારા અનુકૂળ અવાજમાં ગાન કરવું. કાવ્ય ગેય ન હોય તો ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને પઠન કરવું. આ બન્ને કાર્ય વિવેક, ઔચિત્ય જાળવી, સમજ-સૂઝપૂર્વક, ધ્યાનથી કરવા. કાવ્યસમગ્રનો અર્થ, કાવ્યખંડોનો અર્થ, શબ્દસમૂહોનો અર્થ, શબ્દે શબ્દનો અર્થ, હૃદય-બુદ્ધિ-આત્મા માટેનો અર્થ પામી શકાય તે રીતે કાવ્યગાન-પઠન થવું જોઈએ. સુંદર અને વ્યવસ્થિત રીતે કાવ્યગાન કે પઠન કાવ્યનો સાચો રસાસ્વાદ કરાવે છે.

**'કવિતા કાનની કળા છે.'** - કાવ્ય એ શ્રાવ્યકળા છે. કાવ્યગાન વિદ્યાર્થીઓમાં રસ જાગૃત કરવા ઉપયોગી છે. કાવ્યગાન બાદ સમગ્ર વર્ગને ધીમા અવાજે કાવ્યગાન કરાવી શકાય. શાળામાં વર્ગની પાસેના વર્ગને તકલીફ ના પડે તે માટે બે કે તેથી વધુ (વધુમાં વધુ પાંચ) વિદ્યાર્થીઓ પાસે ધીમા અવાજે ગાન કરાવવું.

**કાવ્યચર્ચા :** કાવ્યચર્ચા વિદ્યાર્થીઓને સાંકળીને, સામેલ કરીને, પ્રશ્નો પૂછીને - જરૂરી પ્રવૃત્તિઓ કરાવીને કરવી જોઈએ. વિદ્યાર્થીઓને શ્રોતા નહીં પણ વર્ગકાર્યમાં સાથે રાખીએ તો તેઓ મગજનો ઉપયોગ કરે, માનસિક શક્તિઓ કેળવે, વિચારોની યોગ્યતા-અયોગ્યતા તપાસી શકે અને સારા-નરસાનો ભેદ તારવે - પારખે. આ માટે કાવ્યગાન પછી શિક્ષકે પાઠ્યપુસ્તક બંધ કરીને, કાવ્યને મોંઢે રાખીને, કાવ્યને અનુરૂપ પ્રશ્નો પૂછીને, વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગીદાર બનાવવા જોઈએ.

**હું છું, હું પ્રેમ કરું છું, હું સક્રિય છું એમ કાર્ય કરીને જ જંપીશ. - મહર્ષિ અરવિંદ**

**નીચેની વિગતોને ધ્યાનમાં લઈ ચર્ચા કરવી જોઈએ :**

1. કાવ્યનો વિષય અને ભાવ તારવવો. દા.ત. 'જનની' કાવ્યમાં માતૃપ્રેમની વાત
2. કાવ્યમાં વપરાયેલ શબ્દોની યોગ્યતા ચકાસો.

   શબ્દોના ઉપયોગનું પ્રયોજન શું છે ?

   આ શબ્દ જ કેમ વપરાયો ? અન્ય કેમ નહીં ?

   શબ્દનું પુનરાવર્તન શાથી ? શબ્દાનુપ્રાસ શાથી ?

શબ્દનો શબ્દકોશ પ્રમાણે શો અર્થ થાય ? શબ્દનો કાવ્યના સંદર્ભે શો અર્થ થાય છે ?

કાવ્ય કે કાવ્યપંક્તિનો વિશેષ અર્થ તારવો.

સામાન્ય અર્થ કરતાં વિશેષ અર્થ કાવ્યને સ્પષ્ટ કરે છે. વિશેષ અર્થ માટે શબ્દ-પંક્તિ-ખંડ-પંક્તિની રચનાને તપાસીને વિવરણ કરવું જોઈએ.

કાવ્યમાં પ્રયોજાયેલાં કલ્પનો-પ્રતીકો તારવો. દા.ત. 'જૂનું તો થયું રે દેવળ' - પંક્તિમાં 'દેવળ' શબ્દનો અર્થ મંદિર થાય છે પણ તે અહીં શરીરનું પ્રતીક બને છે. હંસલો શબ્દ હંસ નહીં પણ આત્મા-જીવનું પ્રતીક છે.

શબ્દચિત્રો તારવો - રજૂ કરાવો. દા.ત. 'સમી સાંજનો ઢોલ ઢબૂકતો' માં સમી સાંજનું ચિત્ર આલેખાયું છે. સમી સાંજે શું શું થાય છે ? શું શું જોવા મળે ? વગેરે માહિતી મેળવીને સમીસાંજનું દશ્યાંકન કરાવી શકાય.

કાવ્યનો વાચ્યાર્થ, લક્ષ્યાર્થ, વ્યંગ્યાર્થ તારવો.

કાવ્યમાં વપરાયેલા છંદની કાવ્યના સંદર્ભે ઉપકારકતા ચર્ચો.

કાવ્યમાં આ છંદ શાથી વપરાયો છે ? તે છંદ દ્વારા શું સિદ્ધ થાય છે ?

દા.ત. 'ખખડ થતી ને ખોડંગાતી, જતી ડમણી જૂની' માં હરિણી છંદ છે - તેમાં ખખડ થતી - ડમણીનો અવાજ સૂચવે છે.

ખોડંગાતી - શબ્દના ઉચ્ચારમાં યતિભંગ દ્વારા હાલક-ડોલક ગતિ તાદશ્ય થાય છે.

ડમણીની તેજ-મંદ ગતિ હરિણી છંદના પ્રથમ પાંચ લઘુ વર્ણો અને પછીના ચાર ગુણધર્મો દ્વારા સ્પષ્ટ થાય છે.

વૃદ્ધ માણસને ભૂતકાળની એકાએક યાદ આવે છે. તે ઝડપી ક્રિયા પ્રથમ પાંચ લઘુ અક્ષરો દ્વારા અને યાદોમાં ખોવાઈ જતાં ક્રિયામાં આવતી મંદતા ત્યાર પછીના ચાર ગુરુ અક્ષરોથી સૂચવાય છે.

ઝડપ-મંદ ક્રિયાના મિશ્રણરૂપે ચાલતી ક્રિયા ત્રીજા ઘટકમાં આવતા લઘુ-ગુરુના મિશ્રણ દ્વારા પ્રગટ થાય છે.

કાવ્યમાં વપરાયેલ અલંકારની કાવ્યના સંદર્ભે ઉપકારકતા ચર્ચો.

- અલંકાર કાવ્યના ભાવને અને રચનાને શી રીતે સમૃદ્ધ કરે છે ?
- અલંકાર કાવ્યને લાઘવ, સચોટતા, ચિત્રાત્મકતા કેવી રીતે બક્ષે છે ?
- અલંકાર કાવ્યને કેવી રીતે ઉપયોગી બને છે ?
- અલંકાર કાવ્ય માટે યોગ્ય છે કે નહીં ?

કાવ્યનો ભાવ અને તેની તીવ્રતા લાવવા કવિએ કરેલ કાર્યને તપાસો.

કાવ્યનો મધ્યવર્તી વિચાર - બોધ - સંદેશ તારવો. દા.ત. 'ઊડી જાઓ પંખી' કાવ્યમાં સાચો મિત્ર કોણ ? સાચો સંબંધ કેવો હોય ? તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.

બોધ આપવાની રીત તારવો.

કાવ્ય દ્વારા થતો સ્વાનુભવ - સંવેદના અંગે માહિતી મેળવો. દા.ત. બા-બાપુ કશું ન ભૂલ્યાં, એક ભૂલ્યાં મને ? કાવ્યપંક્તિમાં સ્મરણો છોડીને જવાની સંવેદના અનુભવાય છે.

કાવ્યમાંથી અનુભવાતી સંવેદના-સ્વાનુભવ અંગે વિદ્યાર્થીઓના અનુભવો જાણો.

કાવ્યને મળતા - કાવ્યના વિષયને અનુરૂપ અન્ય કાવ્યો અંગે માહિતી મેળવો. આમ કાવ્યશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ કાવ્યને સમજે - સ્પષ્ટ કરે - માણે, તે અગત્યનું છે. આ માટે શિક્ષકે પોતે પોતાના કર્તવ્યને સમજી વિશેષ સમજ કેળવવી, કાવ્યને પામી, તેનું શિક્ષણકાર્ય કરવું જોઈએ.

---

**સંપર્ક : સરદાર પટેલ યુનિવર્સિટી,**
**10, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ, વલ્લભવિદ્યાનગર**

**જ્યાં શ્રદ્ધા છે ત્યાં હતાશા કે નિરાશાને લેશ પણ અવકાશ નથી.**

# સફળતા મેળવવા સમયનું મહત્ત્વ સમજીએ

ડૉ. નૈલેષભાઈ પટેલ

કોવિડ-19ની મહામારીની પરિસ્થિતિમાં ઘણા લોકો પોતાના જીવનનું સોએ સો ટકા નિયંત્રણ કરી શકતા નથી પરંતુ અસરકારક રીતે સમયનો સદ્‌ઉપયોગ કરી પોતાની કાર્યક્ષમતા વિકસાવી શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં સફળતા મેળવવા સમયનું મહત્ત્વ ખૂબ જરૂરી છે. ટાઈમ મેનેજમેન્ટથી તમે શિક્ષણ, સુખ, સમૃદ્ધિ અને શાંતિ મેળવી શકો છો.

**તમારા કાર્યને પુનઃવેગ કેવી રીતે આપશો ?**

- વર્તમાન કોરોના વાઈરસની મહામારીની પરિસ્થિતિમાં દરેક વ્યક્તિએ પોતાનાં કાર્યોને ફરીથી નવા વિચાર, નવી કાર્યશૈલી તથા નવીન ઊર્જા સાથે પુનઃ વ્યાખ્યાયિત કરવું જોઈએ.
- નવા વિઝન અને નવા ધ્યેય સાથે પોતાના અથવા પોતાની સંસ્થાના હેતુઓ સિદ્ધ કરવા પોતાના કાર્યને સમજવું પડશે.
- વર્ષોથી ચાલી આવતી પરંપરા કે શૈલીમાં નવી શરૂઆત માટે હેતુઓ સમજવા જરૂરી બનશે. નવી શરૂઆતમાં જરૂર જણાય ત્યાં ટૅક્નોલોજી, સોશિયલ મીડિયા તથા નવી પદ્ધતિઓ સાથે તાલમેલ કરી પોતાના કાર્યને પુનઃ સ્થાપિત કરી પ્રવેગી ગતિ તરફ લઈ જઈ શકાશે.

**શાના માટે સમય આયોજન ?**

- પોતાના કામ અને જીવન બંનેને સમતુલિત રાખવા માટે
- હતાશા કે નિરાશાથી દૂર રહેવા
- પરિવાર, પોતાના મિત્રો, સબંધીઓ કે પોતાની નોકરીને બૅલેન્સ રાખવા

  હાલના સમયમાં બે પરિસ્થિતિ ઉદ્‌ભવી શકે :

  -આખો દિવસ કેવી રીતે પસાર કરવો તે જ ખબર ન પડે.

  -આખો દિવસ ક્યાં અને કેવી રીતે પસાર થઈ જાય તેની જ ખબર નથી પડતી.

  જો પોતાનું સમય આયોજન હોય અને નિશ્ચિત ધ્યેયને પાર પાડવા બીજી પરિસ્થિતિ અનુભવાતી હોય તો તે વ્યક્તિની દિશા યોગ્ય છે.

**સમય આયોજન કેવી રીતે કરશો ?**

● કોઈ પણ પરિસ્થિતિમાં ધ્યેય નક્કી કરવું. ● નક્કી કરેલ ધ્યેય માટે ચોક્કસ આયોજન કરવું. ● નક્કી કરેલ આયોજનને પાર પાડવા વિવિધ પદ્ધતિઓનું આયોજન કરવું. ● કોઈપણ કાર્યને પાર પાડવા એક ચોક્કસ આયોજન હોવું જોઈએ. ● વર્તમાનમાં રહીને ભવિષ્યમાં ડોકિયું કરતા રહેવું જોઈએ.

**કાર્યને અગ્રિમતા કેવી રીતે આપશો ?**

- 'કલ કરે સો આજ કરે અને આજ કરે સો અબ' ના વિચાર સાથે કાર્યની શરૂઆત માટે કોઈ યોગ્ય સમયની રાહ ન જોવી.
- દરેક મિનિટ, કલાક, દિવસ, મહિનો કે વર્ષનું સમયના રૂપે મહત્ત્વ સમજીને મહેનત કરનાર કાર્ય સિદ્ધ કરી શકે છે.

**સમય આયોજનની આવડતો :**

● તમારા સમયને રોજિંદા કાર્યક્રમમાં વહેંચો ● કાર્યક્રમને ઝડપથી અમલમાં મૂકો ● તમારી ટેવોને ઝડપથી બદલો ● બિનજરૂરી બાબતોમાં સમય ન વેડફાય તે બાબતે કાળજી રાખવી ● તમારાં કાર્યોનું નિરીક્ષણ કરતા રહો ● મોટા અને સમાન કાર્યોને ગ્રુપમાં વહેંચો ● દરેક કાર્યનું લીસ્ટ બનાવો.

**સમય આયોજન ન કરવાથી શું નુકસાન થઈ શકે ?**

● તણાવ વધી શકે ● ગુસ્સો વધુ આવે ● સંબંધો બગડે ● તકો ગુમાવવી પડે ● પોતાની ઈમેજ નેગેટીવ બને ● આત્મ સમ્માન અને આત્મવિશ્વાસ ગુમાવે.

**સમય આયોજનના લાભો :**

● વિશેષ પ્રસંગ/ઈવેન્ટ યાદ રાખી શકાય ● ઍડવાન્સમાં તૈયારી કરી શકાય ● કાર્યમાં વધુ ઊંડાણપૂર્વક ધ્યાન આપી શકાય ● તણાવમુક્ત રહી શકાય ● કાર્યક્ષમતા વધારી શકાય ● દરેક કાર્યને સફળ બનાવી શકાય ● સ્વાસ્થ્ય શ્રેષ્ઠ રહી શકાય ● સખત મહેનતથી કાર્ય સિદ્ધ થાય ● મનની શાંતિ મેળવી શકાય.

નિશ્ચિત સમયમાં નક્કી કરેલું ધ્યેય પાર પાડવા માટે જે યોજના ઘડવામાં આવે તે સમય આયોજન દ્વારા પાર પાડી શકાય. મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રોમાં સમય આયોજને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

---

**સંપર્ક : 1, દેવાશિષ સોસાયટી, રાંદેર રોડ, સુરત**

**સર્વ વિજ્ઞાનોનું - શાસ્ત્રોનું ઉપાસ્ય સત્ય છે.**

# પુસ્તકાલય પ્રવૃતિના પ્રણેતા : મોતીભાઈ અમીન

સુભાષ પટેલ 'એકાંત'

ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃતિના જનક મોતીભાઈ અમીનને ઈ.સ.1932માં અખિલ હિન્દ પુસ્તકાલય પરિષદે 'ગ્રંથપાલ પિતામહ' નું બિરુદ આપી નવાજ્યા હતા, એવા મોતીભાઈ અમીન સરદાર પટેલની જન્મભૂમિ ચરોતરના એક સાચા 'મોતી' સમાન હતા.

વસોના અમીન કુટુંબમાં માતૃશ્રી જીબાબાની કૂખે 29 નવેમ્બર, 1813માં અવતર્યા હતા. પિતાશ્રી નરસિંહભાઈ 'રોટલાના રાજા' તરીકે વિખ્યાત હતા. માનવીય કૌટુંબિક સંસ્કારોનો વારસો મોતીભાઈને કુટુંબના સભ્યો તરફથી વારસામાં મળ્યો હતો. તેવી જ રીતે શાળાના મુખ્ય શિક્ષક શ્રી મગનભાઈ અમીન નમ્ર છતાં દૃઢ અને સુંદર વ્યવસ્થાપક હતા. તેમના આ ગુણો મોતીભાઈ અમીને આત્મસાત્ કરી જીવનનો પાયો મજબૂત બનાવ્યો હતો. જે સમયે ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા અપૂરતી હતી, ગ્રામ્યવિસ્તારોમાં આંગળીના વેઢે ગણી શકાય એટલી જ શિક્ષણસંસ્થાઓ હતી. આવા સમયમાં વાંચવા માટે સારાં પુસ્તકો ક્યાંથી હોય ? પુસ્તકાલય ક્યાંય જોવા જ ન મળે. આવા સમયમાં મોતીભાઈ અમીને પોતાની આગવી કોઠાસૂઝથી પુસ્તકાલયો સ્થાપી પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા બની રહ્યા. કવિ શ્રી એસ.એસ.રાહી કહે છે:

'ટાંકણાની ધાર પર બેસે પ્રભુ
શિલ્પીને પથ્થર જો ઘડવા હોય છે.'

ભલાભાઈ, પુરોહિત અને લાલજી જેવા શાળેય મિત્રોના સંગે મોતીભાઈ પુસ્તકો તરફ આકર્ષાયા. ઉનાળાની રજાઓમાં બધા ભેગા થાય અને અવનવાં પુસ્તકો વાંચે-ચર્ચા કરે. આમ કરતાં કરતાં એક 'વિદ્યાર્થી સમાજ' ની રચના થઈ અને એમણે 'વિદ્યાર્થી પુસ્તકાલય' ની સ્થાપના કરી. આ મોતીભાઈનું પહેલું રચનાત્મક કાર્ય હતું.

ઈ.સ.1884ના એપ્રિલ માસમાં વિદ્યાધિકારી શ્રી હરગોવનદાસ કાંટાવાળાના માર્ગદર્શન અને ગામના શેઠ નવલખાના સહકારથી વસોમાં 'સાર્વજનિક પુસ્તકાલય'ની સ્થાપના કરી. ત્યાંથી તેમની પુસ્તકાલય યાત્રા સતત આગળ વધતી રહી. વડોદરા રાજ્યના રાજવી સયાજીરાવ ગાયકવાડ અમેરિકાના પ્રવાસે ગયા હતા ત્યાંથી સાર્વજનિક પુસ્તકાલયનું એક બીજ મનમાં લઈને આવેલા અને તેમના રાજ્યમાં પુસ્તકાલયની આ પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અમેરિકાના પુસ્તકાલય પ્રવૃત્તિના નિષ્ણાત મિ. બૉર્ડનને પુસ્તકાલય ખાતાના વ્યવસ્થાપક તરીકે નિયુક્ત કર્યા પરંતુ મિ.બૉર્ડનને ભાષાની મુશ્કેલી પડવા લાગી એટલે ગાયકવાડ સરકારે તેમના માટે એક મદદનીશની ખોજ આદરી અને મોતીભાઈ અમીનને શોધી કાઢ્યા, ઈ.સ. 1911માં મોતીભાઈને મદદનીશ વ્યવસ્થાપક તરીકે નિમણૂક આપી.

વાંચન એ નવરા લોકોનો ધંધો માનવામાં આવતું એવા સમયમાં લોકોમાં વાંચનભૂખ જગાડવાનું કપરું કામ મોતીભાઈની કુનેહને ધ્યાનમાં લઈ તેમને સોંપવામાં આવ્યું. પછી તો મોતીભાઈ મન લગાવીને આ કામમાં જોતરાયા અને ગુજરાતમાં પુસ્તકાલયની પરિસ્થિતિ અંગે એક અહેવાલ તૈયાર કર્યો અને પુસ્તકાલયોની મદદ કરવાની યોજના બનાવી. લોકસંપર્ક માટે મોતીભાઈ ગામે-ગામ ફરવા લાગ્યા. ગામના યુવાનોને મળી યુવાનોનું મન જીતી લઈ તેમને પુસ્તકાલય પ્રવૃત્તિની મશાલ સોંપતા અને ગામની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સરકારી મદદ પણ અપાવતા. તેમના બે વર્ષના પરિશ્રમથી વડોદરા

**સ્વમાન આત્મદર્શન સાથે સંકળાયેલું છે, અભિમાન આત્મપ્રદર્શન સાથે.**

રાજયમાં 400 પુસ્તકાલય શરૂ થયા. જેનો બધો યશ મિ. બૉર્ડને શ્રી મોતીભાઈ અમીનને આપતા કહ્યું કે:

'મોતીભાઈનું ચારિત્ર્ય ખણખણતા રૂપિયા જેવું છે. એકલો માનવી પોતાની આગવી સૂઝબૂઝથી પોતાની યોજના શકિત અને સમાજ સેવા કરવાની ધગશથી અશકય કામને કેવી રીતે શકય બનાવી શકે તે મોતીભાઈ પાસેથી શીખવા મળ્યું'.

આવા દૃઢ નિર્ધારવાળા અને અનોખા તેજવાળા મોતીભાઈનાં સત્કાર્યો અને અનોખી કાર્યશૈલી ગુજરાત કયારેય ભૂલી શકે તેમ નથી. કવિશ્રી શોભિત દેસાઈના શબ્દોમાં કહું તો……

**'જરા અંધાર નાબૂદીને દસ્તાવેજ લઈ આવ્યો,**
**અરે! લો આગિયો સૂરજથી થોડું તેજ લઈ આવ્યો.'**

મોતીભાઈ એક પ્રયોગવીર તરીકે પંકાયેલા છે. તેઓએ પુસ્તકાલય પ્રવૃત્તિ માટે ઘણી લાંબી-લાંબી મુસાફરી કરી હતી. આ મુસાફરીમાં તેમણે અનુભવ્યું હતું કે ગાડીની મુસાફરી દરમિયાન સમય પસાર કરવો કઠિન હોય છે. એટલે તેઓ વાંચનસામગ્રી સાથે લઈ જવા માંડયા. જે પોતે તો વાંચતા પરંતુ સહપ્રવાસીઓને પણ વંચાવતા. પોતાનું સ્ટેશન આવતાં એ ઉતરી જતા પરંતુ વાંચનસામગ્રી ડબ્બામાં જ રહેવા દેતા. આવા અનોખા પ્રયોગો કરી લોકોને વાંચન તરફ પ્રેરિત કરતા.

આવા ગૂર્જર ધરાના સપૂત ઈ.સ.1939ની પહેલી ફેબ્રુઆરીએ મિત્રોને ગ્રામ્ય વિસ્તારોની ઉન્નતિ અને આબાદી માટે જાગતા રહેવાની ભલામણ કરી પરમાત્માના તેજમાં વિલય પામ્યા. તેમને અંજલિ આપતા શ્રી ધીરૂભાઈ પરીખે 'કુમાર'માં લખ્યું હતું :

'નવા યુગબળનો સાક્ષાત્કાર, એક કર્તવ્યનિષ્ઠ તથા સતત પરિશ્રમશીલ પરોપકારી જયોતિર્ધર તથા ગુજરાતી પુસ્તકાલય પ્રવૃત્તિના આત્મા અને પ્રાણ શ્રી મોતીભાઈ સાચે જ ચરોતરનું 'મોતી' હતા. શિક્ષણકાર અને સમાજસેવકનો આંચળો ઓઢયા વગર આજીવન સાચા ભેખધારી બની પોતાનું કર્તવ્ય બજાવવામાં જ એમણે સર્વધર્મે નિધન શ્રેય માન્યું હતું. તેઓ આદર્શવાદી જરૂર હતા પણ જડ નહોતા. તેમના હૃદયમાં ભારોભાર મૃદુતા હતી અને મક્કમતા પણ હતી. વાણી, વર્તન અને વેશમાં એ પૂરેપૂરા નિરભિમાની અને નિરાડંબરી હતા. એમના દરેક કાર્યની પાછળ નિષ્ઠા પ્રેરિત નીડરતા હતી. મોતીભાઈએ ભલે સ્વરાજયની ઝુંબેશમાં રાજકીય રીતે ઝંપલાવ્યું નહોતું પરંતુ નવયુગ માટે પ્રજાને કેળવણી દ્વારા તૈયાર કરવામાં દેશસેવાથી જરાય ઓછું કાર્ય નહોતું.'

આવા મહાન ગ્રંથાલયી આત્માને શત શત વંદન કરતાં ઓશો રજનીશના શબ્દો યાદ આવી જાય છે.

**'તુમ યહાં મહેમાન હો,**
**ઈસ પૃથ્વી કો ઑર અધિક સુંદર બનાઓ.**
**અધિક સ્નેહપૂર્ણ**
**અધિક સુગંધયુકત**
**ઉન મહેમાનો કે લિયે**
**જો તુમ્હારે બાદ આયેંગે.'**

**સંપર્ક :** **શ્રી એમ.પી.શાહ હાઈસ્કૂલ ઍન્ડ**
**શ્રી એચ.સી. પટેલ હાયર સૅકન્ડરી સ્કૂલ,**
**જીતપુર, તા.બાયડ, જી. અરવલ્લી**
**પીનકોડ - 383325**

'સ્વીડનમાં સ્ટોકહોમ ખાતે આવેલા કોરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટમાં થયેલા એક સંશોધન મુજબ ઉત્કૃષ્ટ સાહિત્યનું વાંચન હૃદયની સ્વસ્થતા માટે ઉપકારક છે. 400 ગ્રામ વજનનું હૃદય દર મિનિટે લગભગ 72 વાર ધબકે છે. હૃદયની તંદુરસ્તી માટે લાગણીઓની લવચિકતા જરૂરી છે. વાંચન દ્વારા લાગણીતંત્રમાં જે ચૅન્જ આવે છે તે હકારાત્મક છે. પુસ્તકોનું વાંચન આવા હકારાત્મક ફેરફારોનું નિમિત્ત બને છે.'

**- ડૉ. ગુણવંત શાહ**

**જ્યાં સમ્યક્ શ્રદ્ધા છે ત્યાં સંસિદ્ધિ છે.**

# શિક્ષક વિદ્યાર્થીની અંગત સમસ્યા પણ ઉકેલે છે

ડૉ. સંતોષ દેવકર

'આ લે, શરબત પી.' પહેલો ઘૂંટડો ભરતા જ તેણીએ મોઢું બગાડ્યું.

'અરે...! લાવ ગ્લાસ, હું શરબત ફેંકી દઉં.'

ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓના ક્લાસમાં મારું ત્રીજું લેક્ચર ચાલી રહ્યું હતું. લગભગ ક્લાસ આખ્ખો હકડેઠઠ. ક્લાસમાં લેક્ચર લેતા બધા જ ચહેરા વાંચવાની મને ટેવ. પહેલા દિવસે ત્રીજી બેંચનો એક ચહેરો ઉદાસ જણાયો. ત્રીજા અને ચોથા દિવસે પણ એનો ચહેરો ઉદાસ દેખાયો. ચોથા દિવસે ક્લાસ પૂરો થતા મારી કેબિનમાં એને બોલાવી મેં પૂછ્યું, 'કેમ ઉદાસ છે બેટા.' 'મેમ કંઈ ખાસ નહિ. બસ આમ જ.!' સાચો જવાબ આપવાનું એણે ટાળ્યું.

'ઓ.કે., સાંભળ આજે સાંજે તું મારા ઘરે આવી શકીશ ?' મારું આમંત્રણ એણે સ્વીકાર્યુ. સાંજે એ મારા ઘરે આવી. તેના માટે હું જાતે રસોડામાં જઈ શરબત બનાવી લાવી. હા, મેં શરબતમાં જાણી જોઈને મીઠું સહેજ વધારે નાખી આપ્યું. શરબતના પહેલા ઘૂંટડા સાથે જ એનું મોં બગડી ગયું.

'શું થયું ? શરબત બરાબર નથી ?' મેં પૂછ્યું.

'ના મેમ, બરાબર છે. જરાક મીઠું વધુ છે.'

'લાવ ગ્લાસ, આ શરબત ફેંકી દઉં'

'નો મેમ ઇટ્સ ઓ.કે. શરબત ફેંકવાની જરૂર નથી. મીઠું સહેજ જ વધારે છે થોડી ખાંડ ઉમેરીશું તો શરબતનો સ્વાદ જળવાઈ રહેશે.'

તેની વાત સાંભળી હું થોડીક ગંભીર થઈ અને કહ્યું, 'હવે મારી વાત ધ્યાનથી સાંભળ. આ શરબત છે તે તારું જીવન છે. શરબતમાં પડેલું વધારે પડતું મીઠું તારા ભૂતકાળનો ખરાબ અનુભવ છે. જેમ શરબતમાંથી મીઠું બહાર નથી કાઢી શકાતું, તેમ ભૂતકાળના ખરાબ અનુભવોને જીવનથી અલગ નથી કરી શકાતા. ખરાબ અનુભવો પણ જીવનનો એક ભાગ બની ગયા હોય છે. પરંતુ જે રીતે આપણે ખાંડ ભેળવીને શરબતનો સ્વાદ બદલી શકયા અને સ્વાદિષ્ટ બનાવી શકયા તે રીતે જીવનમાં સારા અનુભવોની મીઠાશ ભેળવવી એક માત્ર ઉપાય છે. એટલે તું પણ આનંદ આપી શકે તેવા અદ્‌ભુત અનુભવોથી જીવનને મીઠાશથી ભરી દે'.

'હા, મેમ તમે સાચા છો. હું પ્રયત્ન કરીશ.' જતી વખતે તેના ચહેરા પરનો આનંદ જોઈ હું આનંદિત થઈ ઊઠી.

પ્રયોગશીલ શિક્ષક માત્ર ભણાવતો નથી. પુસ્તક વાંચનની સાથે સાથે એ વિદ્યાર્થીઓના ચહેરા પણ વાંચતો હોય છે. વિદ્યાર્થીની મૂંઝવણ જાણી શકાય તો જ ઉકેલ મેળવી શકાય. શિક્ષક અને વિદ્યાર્થીના સાત્ત્વિક સંબંધો કેળવણીની ધરોહર છે. મૂંઝાયેલો વિદ્યાર્થી અને ગૂંચવાયેલો શિક્ષક ઝાઝું ઉકાળી શકતા નથી.સફળ થવા માગતો વિદ્યાર્થી પણ સત્ત્વવાળો હોવો ઘટે.

શિક્ષક-વિદ્યાર્થીના સંબંધોમાં સત્ત્વ અને તત્ત્વ સચવાયેલું અને જળવાયેલું હશે તો જ વિદ્યાર્થીનુ ઘડતર કરી શકાશે. વિદ્યાર્થીના વિકાસ અને ઘડતરમાં રસ લેતા શિક્ષકની હંમેશાં બોલબાલા રહેતી હોય છે.

શરબતમાં થોડીક ખાંડ અને જીવનમાં થોડીક યાદગાર ક્ષણોને ભેળવી દેવાથી જીવનની મીઠાશ જળવાઈ રહેતી હોય છે.

---

સંપર્ક: ચીમનભાઈ પટેલ વિદ્યા સંકુલ, વેગા
ડભોઈ, જિ. વડોદરા

**સત્યમાં જ મનુષ્યની સર્વોત્તમ સલામતી છે.**

# પ્રાસંગિક : દિનવિશેષ પરિચય

સંકલન

## (1) 12 માર્ચ, દાંડીકૂચ દિન :

ઈતિહાસમાં આપણે વાંચીએ છીએ કે એક રાજાએ તેની વિરાટ સેના લઈને બીજા રાજા સાથે યુદ્ધ કર્યું. મહાભારતથી માંડીને બીજા વિશ્વયુદ્ધ સુધી ભીષણ યુદ્ધોનાં વર્ણનોથી ઈતિહાસ દળદાર બન્યો છે. એ બધાં વચ્ચે એક અનોખી નાનકડી લડાઈની વાત છે, જેણે વિશ્વના સૌથી વિશાળ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા હતા, બ્રિટિશ સામ્રાજ્ય પર આક્રમણરૂપ એ કૂચ 'દાંડીકૂચ'ના નામે ઓળખાય છે.

1930માં 12મી માર્ચે અમદાવાદમાં આવેલા સાબરમતી આશ્રમમાંથી કોઈ જાતનાં અસ્ત્ર-શસ્ત્ર વિનાના ખાદીધારી 'સૈનિકો'એ દક્ષિણ ગુજરાતમાં આવેલા દાંડી નામના ગામ તરફ જે કૂચ કરી તે 'દાંડીકૂચ' કહેવાઈ. એ સૈનિકોના સેનાની હતા મહાત્મા ગાંધી. આ દિવસની સ્મૃતિમાં આપણે વર્ષોવર્ષ 'દાંડીકૂચ દિન' ઉજવીએ છીએ.

તાજેતરમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ભારતની આઝાદીની 75 વર્ષની ઉજવણીની ઘોષણા 'દાંડીકૂચ'ને ભવ્ય અંજલિ સાથે ગુજરાતમાં શરૂ કરી છે.

દાંડીકૂચ ભારતના જ નહિ, વિશ્વના ઈતિહાસનો એક મહત્ત્વનો પ્રસંગ છે. મહાત્માજીએ અહીં અહિંસક યુદ્ધનો એક અદ્ભુત પ્રયોગ સિદ્ધ કરી બતાવ્યો. એ કૂચમાં ભલે એંશી સૈનિકો જ હતા ! અને તે પણ શસ્ત્ર વિનાના. તેમની પાછળ તત્કાલીન ભારતની 30 કરોડથી વધારે જનતાનો પગરવ હતો. તે શસ્ત્રબળ વડે નહિ, પણ તેના કરતાં અનેકગણા વધારે પ્રભાવશાળી નૈતિક બળ વડે લડાઈ જીતવાની શ્રદ્ધાવાળા હતા. તેઓ જાણતા હતા કે આ શસ્ત્ર એવું છે, જે સામા પક્ષને હાનિ કર્યા વિના આપણને જિતાડે છે. અંગ્રેજોને જ નહિ, ભારતના નેતાઓએ પણ દાંડીકૂચની વાત હસી કાઢી. પણ બાપુની ગણતરી ઊંડી હતી અને પાકી પણ હતી. ઘરઘરની જરૂરિયાત મીઠું પસંદ કરીને ગાંધીજીએ દરેક ભારતવાસીના હૈયાને સ્પર્શ કર્યો. લડત કેમ લડાય છે, તે છેક છેવાડે રહેલા ખેડૂતોએ જોયું, અનુભવ્યું. વિશ્વભરના લોકો આ નવતર યુદ્ધને રસપૂર્વક નીરખી રહ્યા. બ્રિટિશ દમન ભારતની સ્વાતંત્ર્ય ઝંખનાને કચડી શકશે નહિ, એ ગાંધીજીએ બતાવી આપ્યું. દાંડીકૂચની જબ્બર સફળતાથી પરદેશી શાસકો ખળખળી ઊઠયા. સત્યાગ્રહ દાબી દેવા વાઈસરૉયને આદેશ અપાયો પણ, વાઈસરૉયને ખાતરી થઈ ચૂકી હતી કે ગાંધીજીની સ્વરાજ માટેની લડતને દાબી દેવાનો કોઈ ઉપાય નથી.

દાંડીકૂચનો દિવસ એટલે ગાંધીજીનું સ્મરણ કરવાનો દિવસ. બાપુને આપણે તેમની જન્મતિથિ અને પુણ્યતિથિના સમયે યાદ કરીએ છીએ. પણ દાંડીકૂચના દિવસે તેમને યાદ કરીને આપણે અનોખી પ્રેરણા મેળવીએ છીએ. ઘટનાનાં દશ્યો આંખ સામે ખડાં થાય છે. બાપુ તથા સૈનિકો દાંડીના સમુદ્રકાંઠે મીઠાની ચપટી ભરે છે. અને ગોરા સાર્જન્ટના હુકમથી દેશી સિપાઈઓ સત્યાગ્રહીઓ ઉપર તૂટી પડે છે. એક ઘવાય એટલે બીજો તેનું સ્થાન લે છે. કોઈ પ્રતિકાર કરતું નથી ! કેવી અદ્ભુત વાત ! વીરોનું તર્પણ કરવા પ્રભાતફેરી, કાંતણ વગેરે કાર્યક્રમો યોજાય છે. પ્રાર્થનાસભા લગભગ અનિવાર્ય મનાય છે. ઉત્સાહીઓ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લે છે. સત્ય અને અહિંસામાં શ્રદ્ધા દઢ બનાવે છે. શાળા-સંસ્થાઓ પ્રદર્શનો યોજે છે. એ 80માંના હયાત સૈનિકને શોધી કાઢી તેનું સન્માન કરવામાં આવે છે.

**"અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી..."** ભગવાન બુદ્ધે 2500 કરતાં વધારે વર્ષો પર કહેલી વાત યથાર્થ છે એ ગાંધીજીએ 1930માં પુરવાર કર્યું. એકપણ અંગ્રેજની હત્યા કર્યા વિના યુદ્ધ જીતવાનો માર્ગ અપનાવ્યો. તેમણે કહ્યું

**જે સત્યને ખોળે માથું મૂકે છે તેનું માથું હંમેશાં સલામત અને ઉન્નત રહે છે.**

''આ લડાઈ પાશવી બળ સામે સત્યની છે. તેમાં હું વિશ્વની સહાનુભૂતિ ઈચ્છું છું.'' તેમની સેનામાં એવા સાથી હતા, જે બ્રિટનના પક્ષે નહોતા. સત્ય, અહિંસા, અભય, પ્રેમ, શિસ્ત, નિષ્ઠા, માનવતા, અપરિગ્રહ... તોપના જોરે અંગ્રેજો ભારત જીતી શક્યા. પણ તે બળે ભારતને લાંબા સમય સુધી તાબે રાખવાનું શક્ય બની શક્યું નથી.

### (2) 15 માર્ચ, વિશ્વ ગ્રાહક સુરક્ષા દિન :

ઉત્પાદકોના હિતનું ધ્યાન રાખવા ઉત્પાદકોનો સંઘ છે. વેપારીઓનાં હિતોનું રખેવાળું વેપારી મહાજનો કરે છે. શ્રમિકોના લાભ માટે શ્રમિક સંગઠનો કામ કરે છે. આ બધાં જે માલસામાન કે સેવા આપે છે, તેનો વિશાળ જનતા ઉપભોગ કરે છે. એને **ઉપભોક્તા કે ગ્રાહક** કહે છે. આ ગ્રાહકોના હિતનું શું ? આઝાદીકાળનું જીવન બહુ સાદું હતું. ગ્રાહકના હિતની સમસ્યા નહોતી. પણ હવે જમાનો ઝડપથી બદલાવા લાગ્યો છે. ઉત્પાદકો અસંખ્ય પ્રકારની વસ્તુઓના ઢગલા ખડકે છે. જાહેરખબર પાછળ અબજો રૂપિયાનું ખર્ચ થાય છે. ગ્રાહકને લલચાવવા અને છેતરવા વ્યવસ્થિત પ્રયાસો થાય છે. ગ્રાહકના હિતની સમસ્યા દિવસે દિવસે ગંભીર થતી જાય છે. આ વિષય પર સૌનું ધ્યાન ખેંચવા વિશ્વસંસ્થા તરફથી દર વર્ષે 15મી માર્ચે **'વિશ્વ ગ્રાહક દિન'** ઉજવવાનું નક્કી થયું. તે પ્રમાણે ભારતમાં પણ આ દિવસની ઉજવણી થાય છે.

ન્યાયમાં એક પ્રાચીન સૂત્ર છે, 'ગ્રાહકે સાવધાન રહેવું.' જ્યારે ગ્રાહક વસ્તુ ખરીદે ત્યારે તેણે તેની ગુણવત્તા, ભાવતાલ વગેરે બાબતમાં કાળજી રાખવી. પાછળથી તે વાંધો ઉઠાવે તો ન્યાયાધીશ તેની વાત ન સાંભળે. અત્યારે સંજોગો સાવ બદલાઈ ગયા છે. ખરીદવાજોગ વસ્તુઓની સંખ્યા તથા વિવિધતા ઘણી વધી ગઈ છે. દરેક ઉત્પાદક કે વેપારી સોહામણી જાહેરખબર દ્વારા ગ્રાહકને મૂંઝવી નાખે છે. ક્યું ટીવી કે એ.સી. સારું, કયું ફ્રિજ વધારે ઉપયોગી, કયું કાપડ ટકાઉ... નક્કી કરવું મુશ્કેલ જ નહિ, અશક્ય થઈ ગયું છે. ઑનલાઈન વસ્તુઓના ભારે પ્રચાર થાય છે. આનો લાભ લઈ ઉત્પાદકો અને વેપારીઓ ગ્રાહકને છેતરવા લલચાય છે. ગ્રાહક કેવી રીતે છેતરાય છે ? માલની ગુણવત્તા હલકી હોય, માલ ભળતો હોય, માલમાં ભેળસેળ હોય, માલ નકલી હોય, કિંમત ગેરવાજબી હોય, વસ્તુ નુકસાની હોય, બગડી ગયેલી કે વાસી હોય, વસ્તુ જે હેતુ માટે બનાવવામાં આવી હોય તે હેતુ પાર પાડવામાં નિષ્ફળ જાય તેવી હોય, વેરા અલગના નામે વધારે વેરો ચડાવી દેવામાં આવે, તોલમાપમાં ગોટાળા કરાય, પેકિંગ આકર્ષક અને મોટું હોય પણ વસ્તુ હલકી અને ઓછી હોય, ગેરંટીના નામે કાયદામાં બિનઅસરકારક વચનો અપાય, વસ્તુના સમારકામ માટે વ્યવસ્થા ન હોય... આમ અનેક રીતે ગ્રાહકનું હિત જોખમમાં મૂકાયું છે. ભેળસેળ, તોલમાપ, ખોખાબંધી, ભાવછાપ વગેરેના સંખ્યાબંધ કાયદા છે પણ તેના અસરકારક અમલ માટે જાગૃત તંત્ર નથી. જે કંઈ છે, તે ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ છે. આ સંજોગોમાં 'સ્વર્ગે જવા પોતે મરવું પડે' એ ન્યાયે ગ્રાહકનું હિત ગ્રાહકે પોતે સંભાળવું પડે એવું છે. માલિકો માટે માલિકોનો સંઘ અને મજૂરો માટે મજૂરોનો સંઘ અવાજ ઉઠાવે છે. તેમ ગ્રાહકો માટે ગ્રાહકોના સંઘ અવાજ ઉઠાવે. 1936માં અમેરિકામાં આવો એક ગ્રાહક સંઘ સ્થપાયો. જે અત્યારે વિશ્વમાં ગ્રાહકોનું સૌથી મજબૂત સંગઠન છે. તેની પોતાની પ્રયોગશાળાઓમાં બજારની હજારો વસ્તુની ચકાસણી કરી ' ગ્રાહક પત્રિકા'માં તેના વિશે સ્પષ્ટ અહેવાલ છાપવામાં આવે છે. કોઈની શરમ રખાતી નથી. મોટરકારથી માંડીને શરદીની દવા સુધીની દરેક વસ્તુની ખામીઓ છતી કરવામાં આવે છે. આપણે ત્યાં આવા સંઘો હજી ઘણા ઓછા છે. હજુ લાંબો પંથ કાપવાનો છે. ભારતીય ગ્રાહક દર વર્ષે છેતરપિંડીમાં અબજો રૂપિયા ગુમાવે છે.

છેતરપિંડીની પત્રિકાઓ દર્શાવતાં પ્રદર્શનો યોજાવા જોઈએ. ગ્રાહક સુરક્ષાના ધારાઓની માહિતી અપાય છે. કેટલીકવાર ચર્ચાસભા અને વ્યાખ્યાન યોજાય છે. ગ્રાહક છેતરાય નહીં તે માટે ગ્રાહકે જાતે જ સંગઠન રચી લડત આપવી પડશે.

**('આજનો દિન મહાન' - પુસ્તકમાંથી સાભાર)**

**સાચી સંસ્કારિતા શુભદૃષ્ટિ થવામાં છે, વક્રદૃષ્ટિ થવામાં નહીં.**

# ભાવ-પ્રતિભાવ

**સંકલન**

● આજના ટૅક્નિકલ અને જ્ઞાન વિસ્ફોટક યુગમાં એક શિક્ષકે જ્ઞાન, ટૅક્નોલોજી અને પરિવર્તનોથી સતત અવગત થવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ" એ એક ઉત્તમ અને શિક્ષણ-પ્રક્રિયા સાથે તાલમેળ વધારવાનો સરળ માર્ગ છે. 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના દરેક લેખ અને માહિતી મેળવી અમારી શાળા અને શિક્ષણ જગતના જ્ઞાનને અપડેટ રાખવાનો સવિશેષ માર્ગ છે. જેમાંનો એક લેખ ''નવી શિક્ષણ નીતિ-2020'' આચાર્યશ્રી, ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા, આંબલા, જિ. ભાવનગરનો લેખ વાંચીને ખૂબ જ સચોટ અને મુદ્દાસર માહિતી મેળવી જેથી વિદ્યાર્થીઓને આવનાર બદલાવ માટે માનસિક તૈયાર કરી શકાય.

સંયુક્ત નિયામકશ્રી, બી.એન.રાજગોર સાહેબ દ્વારા જણાવેલ વિગત મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુ ટ્યુબ ચેનલ GSHSEB ગાંધીનગર છે. જેમાં ધો. 9 થી 12 ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમોનો અમારો શાળાપરિવાર ઉપયોગ કરી શિક્ષણકાર્યમાં નાવીન્ય લાવી શક્યા.

'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના દરેક પાન પર આપેલા ''સુવિચારો'' શિક્ષકોમાં ઊર્મિ ભરનાર હોય છે. જેને અમારી શાળાના વિદ્યાર્થીઓ બોર્ડ પર લખી હંમેશાં પ્રભાવિત થતા મેં નિહાળ્યા છે.

કોરોના કાળમાં જ્યારે ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ પોતાના ભાવિ અને બોર્ડ પરીક્ષાને લઈને માનસિક તાણમાં હોય ત્યારે ''નિષ્ફળતા એ કારકિર્દીનો અંત નથી...'' એ લેખ ખરેખર પરીક્ષાર્થીઓને વિશ્વની શ્રેષ્ઠ કંપની વિપ્રોના માલિક અઝીમ પ્રેમજી..., એપલ કંપની સ્થાપનાર સ્ટીવ જોબ્સ..., મહાત્મા ગાંધીજીની શૈક્ષણિક સફળતા..., ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ જેવા પ્રેરણારૂપી મહાન પુરુષોના ઉદાહરણથી હિંમત અને ખંતમાં વધારો કરનારા છે જે લેખને શાળા બુલેટિનનો હિસ્સો બનાવી વિદ્યાર્થીઓમાં પ્રેરણાનું વહન કરી અભિપ્રેરીત કર્યા.

અમારી શાળા મીટિંગમાં કોઈ પણ ગમતા મુદ્દાની ચર્ચા કરી જ્ઞાનગોષ્ઠિ કરીએ છીએ. જેમાંનો એક મુદ્દો હતો ''શ્રેષ્ઠ શિક્ષક કેવી રીતે બની શકાય ?'' ....ડૉ. દિલીપ એમ. પટેલ સાહેબ જેઓ નર્મદા કૉલેજ ઑફ ઍજ્યુકેશન, માંગરોળ, રાજપીપળાનો લેખ શિક્ષકોની જવાબદારીને પરિપક્વ બનવામાં મદદરૂપ થાય એવો હતો. અંતે સચોટ અને વૈવિધ્યસભર માહિતીથી સતત અવગત કરાવવા બદલ હૃદયપૂર્વક આભાર...

**-શ્રીમતી ભૂમિકા આર. ખેર**
સરકારી માધ્યમિક શાળા, ભીલોડ
તા.વાલિયા, જિ. ભરૂચ

●

● ''ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનું શૈક્ષણિક મુખપત્ર **''માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ''** શિક્ષણ જગતના વાચકો, ભાવકો, સારસ્વત આચાર્યો, શિક્ષક-અધ્યાપકો, તેજસ્વી વિદ્યાર્થીઓ અને તેમના વાલી-સૌ ગ્રાહક ભાઈ-બહેનોનું પ્રિય ન્યારું, ગમતીલું, પ્રેરક, પથદર્શક મૅગેઝિન છે, જેમાં માનવમૂલ્યો, જીવનકૌશલ્યોથી સભર લેખો, વહીવટી પરિપત્રો, બાયસેગ પરથી પ્રસારિત ધો. 9 થી 12ના વિષયવાર શૈક્ષણિક કાર્યક્રમો, પ્રાસંગિક દિનવિશેષ અને વ્યક્તિવિશેષના માહિતીથી સભર પરિચયો, બદલાતાં પ્રશ્નપત્ર-પરિરૂપ મુજબ નમૂનાનાં પ્રશ્નપત્રો, આગામી જાહેર પરીક્ષા માટે ઉપયોગી માર્ગદર્શન એવી રીતે પીરસાય છે કે બસ, બધું વાંચ્યા જ કરીએ. દરેક અંક મુખપૃષ્ઠોના આકર્ષણ અને માહિતી જ્ઞાનથી સભર નવી વાત, નવી પ્રવૃત્તિ અને નવો અભિગમ લઈને સૌના હાથમાં પહોંચે છે. ભાષાશુદ્ધિ, વિરામચિહ્નો, શુદ્ધ જોડણી દરેક પાને જળવાતી રહી છે. આ સામયિક તૈયાર કરનાર સારસ્વત અધિકારીગણને, તંત્રીસાહેબો તથા ખાસ તો લેખક મિત્રોને હૃદયથી અભિનંદન....''

**-પ્રિ. અર્પિત ક્રિશ્ચિયન**
એમ.બી.પટેલ ઈંગ્લીશ મીડિયમ
સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ,
સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-23, ગાંધીનગર

●

**જ્યાં સ્નેહ છે ત્યાં સહિષ્ણુતા છે.**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

# વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન - 2020 - 21 નમૂનાઓ / મોડેલ્સ નિર્માણ માટે માર્ગદર્શિકા

ડૉ. વિજય એસ. પટેલ

**પ્રસ્તાવના :** બધાં બાળકો કુદરતી રીતે શીખવા માટે તત્પર અને સક્ષમ હોય છે. બાળકો સહજ રીતે શીખતા હોય છે અને તેઓ પોતાની પ્રવૃત્તિ દ્વારા જ જ્ઞાન મેળવે છે. બાળકો પોતાની આસપાસનું વાતાવરણ, પ્રકૃતિ, વસ્તુઓ અને લોકો સાથેનાં પરસ્પર વ્યવહાર અને ભાષા દ્વારા ઘણું બધું શીખતા હોય છે. તેઓ નવા વિચારોને તેમના પદાર્થો અને પ્રવૃત્તિઓ અંગેના અગાઉનાં જ્ઞાન અને વિચારો સાથે જોડી પોતાના જ્ઞાનમાં વધારો કરે છે.

વિજ્ઞાન અને ગણિતમાં રચનાત્મકતા અને આવિષ્કારિકતાને પ્રોત્સાહિત કરવા માટે (NCF- 2005) માં પ્રવૃત્તિઓ, પ્રયોગો અને તકનિકી મોડ્યુલ્સને મહત્ત્વ આપવામાં આવેલ છે. તે વિવિધ માધ્યમોના પ્રસારણ જેમ કે શાળા, તાલુકો, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનના આયોજન દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓના અમલીકરણને પણ પ્રોત્સાહિત કરે છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT, New Delhi) દર વર્ષે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ શિક્ષણની લોકપ્રિયતા વધારવા માટે JNNSMEE (Jawaharlal Nehru National Science Mathematics and Environment Exhibition) નું આયોજન કરે છે. રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય સંસ્થાઓ દ્વારા જિલ્લા કક્ષાએ, ઝોન કક્ષાએ, ક્ષેત્રીય કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ અગાઉના વર્ષે આયોજિત થયેલ પ્રદર્શનોનું સમન્વય છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, નવોદય વિદ્યાલય સમિતિ, પરમાણું ઊર્જા વિભાગના કેન્દ્રીય વિદ્યાલયો, CBSE સાથે સંલગ્ન સ્વ નિર્ભર શાળાઓ તથા વિભાગીય શિક્ષણ સંસ્થાઓ દ્વારા પ્રમાણિત બહુઉદ્દેશીય શાળાઓના પસંદ થયેલા નમૂનાઓ રાષ્ટ્રીય કક્ષાના આ પ્રદર્શનમાં ભાગ લે છે. છેલ્લાં ઘણાં વર્ષોની જેમ આ વર્ષે 2020-21માં પણ CRC, BRC અને જિલ્લા કક્ષાથી રાજ્ય કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાશે. નવેમ્બર 2021માં યોજાનાર (JNNSMEE)ની તૈયારીનું આ પ્રથમ ચરણ છે.

**પ્રદર્શનના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે :**

- બાળકોને પોતાની સ્વાભાવિક જિજ્ઞાસા અને રચનાત્મકતા માટે એક માધ્યમ ઉપલબ્ધ કરવું જ્યાં તેઓ પોતાની જ્ઞાન-પિપાસા માટે શોધખોળ કરી શકે.
- બાળકોની આજુબાજુ થઈ રહેલી ગતિ-વિધિઓમાં વિજ્ઞાનની અનુભૂતિ કરાવવી તથા ભૌતિક અને સામાજિક પર્યાવરણથી શીખવાની પ્રક્રિયા જોડી જ્ઞાન પ્રાપ્ત કરવા તથા વિવિધ સમસ્યાઓના સમાધાન માટે પ્રેરિત કરવાં.
- આત્મનિર્ભરતા, સામાજિક તથા આર્થિક પર્યાવરણ વિકાસનાં લક્ષ્યની પ્રાપ્તિ માટે વિજ્ઞાન અને તકનિકીનાં વિકાસને એક મહત્ત્વના સાધન તરીકે ભાર આપવો.
- વિજ્ઞાન અને તકનિકીનો વિકાસ કેવી રીતે થયો છે તેનું વિશ્લેષણ કરવું તથા તેના પરની વિવિધ વ્યક્તિઓ, સંસ્કૃતિઓ અને સમાજની અસરો જોવી.
- ખેતી, ખાતર, ખોરાક ઉત્પાદન પ્રક્રિયા, બાયો ટેક્નોલોજી, પ્રદૂષણમુક્ત ઊર્જા, માહિતી અને આદાન પ્રદાન ટેક્નોલોજી, આપત્તિ વ્યવસ્થાપન, પરિવહન, ખગોળ વિજ્ઞાન, રમતો અને ખેલકૂદ તથા વાતાવરણમાં પરિવર્તનની સમસ્યાઓનો સામનો વગેરે જેવા ક્ષેત્રોમાં નવા ઉપાયો શોધવામાં વિજ્ઞાન અને ગણિતની ભૂમિકાની પ્રશંસા અને સરાહના કરવી.
- બાળકોને પર્યાવરણીય સબંધી સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરવા અને તેમની જરૂરિયાતો ઓછી કરવા તથા તેમને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રેરિત કરવાં.

બાળકો કુદરતી રીતે જ તેમના પર્યાવરણનાં પ્રશ્નો સંદર્ભે જિજ્ઞાસુ અને રચનાત્મક હોય છે. જો આજનાં

**"પ્રત્યેક બાળક અનોખું છે. પ્રત્યેક બાળક ઈશ્વરનો નવો વિચાર લઈને જન્મે છે."**

બાળકો સમસ્યાનો સામનો કરવા, સમસ્યા ઉકેલવા અને નવા વિચારોના સર્જનમાં સતત વ્યસ્ત રહે તો આપણે આપણાં બાળકોને આવતીકાલના પડકારો માટે તૈયાર કરી શકીએ.

માનવજાતે તેના વિકાસ, સુખસુવિધા સલામતી અને મહત્ત્વાકાંક્ષા માટે દુનિયાના મર્યાદિત સ્ત્રોતો પર પુષ્કળ દબાણ લાદી પુષ્કળ અસમાનતા અને સ્ત્રોતોનું બિનજરૂરી શોષણ કર્યું છે. તેને પરિણામે સ્ત્રોતોનો ઉપયોગ ટકાઉ રહ્યો નથી. સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'Global Resource Out look 2019 પ્રમાણે 1970 થી સ્ત્રોતોનો વિશ્વમાં ત્રણ ગણો નિકાલ થયેલ છે. અધાતુ અને ખનીજનો ઉપયોગ અને 45 % અશ્મિ બળતણનાં વધારાથી પાંચ ગણો નિકાલ વધશે. તે જ રીતે ખૂબ જ અગત્યના સ્ત્રોત એવા શુધ્ધ પાણીની પણ વિશ્વવ્યાપી તીવ્ર તાણ ઊભી થશે. સંયુક્ત વિશ્વ સંઘ પાણી વિકાસ અહેવાલ 2019 પ્રમાણે 2 અબજ લોકો પાણીની તંગી અને 4 અબજ લોકો વર્ષમાં એક મહિનો પાણીની તીવ્ર અછતનો અનુભવ કરશે. પાણીની તાતી જરૂરિયાત, માંગ ઊભી કરવા પાણીનો મર્યાદિત સ્ત્રોત તરીકે ઉપયોગ કરવો પડશે. વિશ્વ વિકાસ અને પાણીની જરૂરિયાત વચ્ચેના જટિલ સંબંધ માટે આબોહવા બદલાવ અને જૈવિક ઊર્જા વિસ્તારવી પડશે. એ સાચી વાત છે કે- **"જળ એ જ જીવન છે"** તેથી સૌની જવાબદારી બને છે કે આ અગત્યના સ્ત્રોતની જાળવણી અને સંરક્ષણ કરે. પાણી અને આરોગ્ય - સ્વચ્છતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ભારત સરકારે આ ક્ષેત્રમાં સારું એવું રોકાણ વધાર્યું છે.

આપણે સૌ જાણીએ છીએ કે આજે વિશ્વ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે માત્ર કોઈ શહેર, રાજ્ય કે દેશ પૂરતી મર્યાદિત નથી, તેનાથી વધુ આ બધી વૈશ્વિક સમસ્યાઓ છે અને આ સમસ્યાના સમાધાન માટે વિશ્વના બધા દેશોએ સંગઠનથી સાથે કામ કરવાની જરૂર છે. વિશ્વની સમસ્યાના ઉકેલ માટે લોકો અને પૃથ્વીની શાંતિ અને સમૃદ્ધિ આજે અને ભવિષ્યમાં લાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના બધા જ સભ્યોએ ટકાઉ વિકાસનો 2030ની કાર્યસૂચિ જેમાં 17 વિવિધ ટકાઉ વિકાસના લક્ષ્ય બિંદુઓની સાથે સાથે 169 ધ્યેયોને પણ સાંકળેલ છે તે સ્વીકાર્યું છે.

પ્રકૃતિ અને વિશ્વની શોધ અને સમજણ માટે વિજ્ઞાન અને ગણિત એ શક્તિશાળી સાધન છે. સમાજ જે સમસ્યાઓનો સામનો કરે છે તેના નિવારણમાં વિજ્ઞાન અને ગણિતે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને એક મહત્ત્વના સાધન તરીકે સામાજિક, આર્થિક વિકાસ, સ્વનિર્ભરતાના લક્ષ્યને પ્રાપ્ત કરેલ છે. આ શક્તિશાળી સાધનોને ઓળખી અને પ્રોત્સાહિત કરીએ જેથી સમાજ જે સમસ્યાઓનો સામનો કરી રહી છે તેમાંથી બહાર આવી સારા ભવિષ્યનિર્માણમાં વિજ્ઞાન અને ટૅક્નોલોજી સમાધાન તરફ દોરી જાય. જેના વિષયવસ્તુ માટે રાજ્યકક્ષાએ બાળકો માટેનો રાજ્યકક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન (SLSMEE) 2020-21 દરમ્યાન તકનિકી અને રમકડા તરીકે પસંદ થયું.

સાતત્યપૂર્ણ વિકાસનો અર્થ એ છે કે ભાવિ પેઢીની જરૂરિયાતો સાથે સમાધાન કર્યા વગર વર્તમાનની જરૂરિયાતો સંતોષાય તેનો અર્થ તે નથી કે આપણે અવિરત તેનો ઉપયોગ કર્યા કરી ભાવિ પેઢી માટે તેમના પૂરતું પણ ના છોડીએ.

ભારત સરકારના મુખ્ય કાર્યક્રમો જેવા કે - મહાત્મા ગાંધી ગ્રામ્ય રોજગાર અધિનિયમન કાયદો (MGNREGA) પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY), પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્યમાન ભારત યોજના) કૌશલ્ય વિકાસ, સ્વચ્છ ભારત અભિયાન (Clean India Campaign) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, બેટી બચાવો બેટી પઢાવો (Save the girl child - Educate the girl child) જેવા મહત્ત્વનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવાના આ કેટલાંક પગલાં છે.

વિષય અને પેટા વિષય એ સ્પષ્ટ કરે છે કે SLSMEE - 2020 - 21 એ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે રાષ્ટ્રસંઘે પ્રતિપાદિત કરેલા સાતત્યપૂર્ણ વિકાસ પર ભાર આપે છે.

આ સંદર્ભમાં એવી કલ્પના છે કે બાળકો અને શિક્ષકો વિશ્વનાં સાતત્યપૂર્ણ વિકાસ માટે વિજ્ઞાન અને

**"બાળકને ઉછેરવું અને મોટું કરવું એ સહેલું કામ નથી. માબાપ કે વાલી માટે એ પડકારરૂપ છે."**

તક્નિકીના બધાં જ પાસાંઓનું વિશ્લેષણ કરે. આ શિક્ષકો અને વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અને ગાણિતિક વિચારો અને નમૂના નિર્માણ કરવા વિવિધ સમસ્યા સંબંધિત પ્રદર્શન કરવા સક્ષમ બનાવશે. આ સંદર્ભમાં વૈજ્ઞાનિક વિચારો કંઈક નાવિન્યપૂર્ણ નિર્માણ માટે સાદી તકનિકી નિર્માણ કરી / સાધનોની નવી જરૂરિયાતો ઊભી કરે. વિજ્ઞાન અને તક્નિકીના વિકાસમાં વસ્તીના નીચેના સ્તર સુધીની ભાગીદારીને સક્ષમ બનાવે. વિજ્ઞાન, ગણિત અને તક્નિકીની વૃદ્ધિ થકી દેશ માટે નાવિન્ય પૂર્ણ ઈકો - સિસ્ટમનું નિર્માણ કરે. એવા કેટલાક ઉદાહરણો કે જેમાં બાળકો અને તેમના શિક્ષકો કેટલીક યોજના વિશે વિચારે કે જે નવીન હોય અને ભવિષ્યમાં અમલીકરણમાં મૂકાય તેવી હોય. મોટા ભાગે આવી કેટલીક યોજનાઓ નમૂના કે પ્રદર્શન સ્વરૂપે રજૂ કરવી શક્ય બનતી નથી. બધા સ્તરના પ્રદર્શનના વ્યવસ્થાપકો વિદ્યાર્થીઓને અને શિક્ષકોને આવી યોજનાઓની રજૂઆત અને ચર્ચા માટે તક પૂરી પાડે છે. બાળકો અને શિક્ષકોએ વિશ્વમાં સારા ભવિષ્ય માટે ક્યાં અને કેવી નવી પ્રક્રિયાઓ, સંશોધન અને વિજ્ઞાન, તક્નિકી અને ગણિત વિકાસને ઓળખવો પડશે. વિજ્ઞાન વિષયના ક્ષેત્રમાં એ જરૂરી છે કે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયામાં બાળકોમાં ઉત્તેજના અનુભૂતિ ઊભી કરે તેના માટે અધ્યેતાને વિજ્ઞાનની સંકલ્પનાઓને નાવિન્યપૂર્ણ અભિગમો થકી શીખવામાં વ્યસ્ત રાખે, કે જે તેના પૂર્ણ વિકાસમાં મદદરૂપ બને. રમકડાં અથવા રમતો શારીરિક અથવા વાસ્તવિક સ્વરૂપના શીખનારના વિજ્ઞાન શીખવાનાં મૈત્રીપૂર્ણ સાધનો છે.

પ્રાચીન સમયથી રમકડાંનો રમવા માટે થતો ઉપયોગ લાંબા સમયે તેમના જ્ઞાનાત્મક, મનોસાંવેગિક ક્ષેત્રને અસર કરે છે. સમયાંતરે રમકડાંઓનું સ્વરૂપ અને રમકડાં બનાવવા વપરાતી વસ્તુઓ વિકસિત થઈ, ખાસ કરીને તક્નિકીના વૃદ્ધિ - વિકાસ સાથે સાતત્યપૂર્ણ વિજ્ઞાન શીખવામાં રમકડાંઓનું મહત્ત્વ વધ્યું. આ દષ્ટિએ બાળકો માટે રાજ્યકક્ષાએ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન (SLSMEE) 2020-21 તક્નિકી અને રમકડાંને મુખ્ય વિષય તરીકે પસંદ કરવામાં આવ્યો.

વ્યક્તિના વિવિધ કૌશલ્યો વિકસાવવા જેવા કે સમસ્યાઉકેલ, સંઘર્ષનું સમાધાન, અસરકારક કાર્ય વગેરેમાં રમકડાંઓ અગત્યનો ભાગ ભજવે છે. આ બધા કૌશલ્યો તેમનાં જીવનમાં અગત્યની ભૂમિકા ભજવે છે. રમકડાંઓ સર્જનાત્મકતાને અને કાલ્પનિકતાને અને મૂલ્યોને પોષે છે, જેવા કે સહકાર, ભાગીદારી, અન્ય માટે આદર. રમકડાં સ્વાસ્થ્ય, આરોગ્ય, સ્વચ્છતા, સફાઇ જેવી બાબતો માટે સર્જનાત્મક જાગૃતિમાં અગત્યનો ભાગ ભજવે છે. વિજ્ઞાનની સંકલ્પનાઓ માટે રમકડાંનો ઉપયોગ વિજ્ઞાન દૃષ્ટિએ ઘટતા રહેલા રસને ધ્યાનમાં રાખીને સાંપ્રત સમયમાં વધુ સુસંગત બને છે.

એક તરફ પરંપરાગત રમકડાં કે જે આધુનિક સમયમાં અધ્યેતા વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવવા સંઘર્ષ કરી રહ્યા છે, વિજ્ઞાનની નાવિન્યપૂર્ણ રીતમાં એક સાધનનાં ઉપયોગ તરીકે અવગણવામાં આવી શકે.

બીજી બાજુ વિકસતી તક્નિકી કે જે ચોમેર નવાં રમકડાની રચના, પ્રાપ્ય રમકડાંમાં સુધારો, લુપ્ત રમકડાંઓને પુનઃ જીવંત કરવા ઈકોફ્રેન્ડલી સામગ્રીથી બનેલા અને વિજ્ઞાન શીખવાનાં ઉપયોગ માટે જરૂરી શક્યતાઓને જોવામાં આવે છે.

આ સંદર્ભમાં, વિદ્યાર્થીઓને શિક્ષકોએ વિજ્ઞાન શીખવવામાં તક્નિકી પાસાનું અને રમકડાંનું વિશ્લેષણ કરવું પડશે.

આ બધું શિક્ષક અને વિદ્યાર્થીઓને વિવિધ સમસ્યાઓ દૂર કરવા રમકડાંઓ, નમૂનાઓ, પ્રદર્શન તૈયાર કરવા માટે, વિવિધ વિચાર પેદા કરવા સક્ષમ બનાવે.

એવાં કેટલાંક પરિબળો કે જેમાં બાળકો અને તેમના શિક્ષકો કેટલીક યુક્તિઓ વિચારે કે જે નવી અને ભવિષ્યમાં અમલમાં મૂકાય તેવી હોય. ઘણીવાર આવી કેટલીક યુક્તિઓ વર્તમાનમાં પ્રદર્શન સ્વરૂપે રજૂ કરવી શક્ય હોતી નથી. પ્રદર્શનના વ્યવસ્થાપકો દરેક સ્તરે આવી યુક્તિઓની રજૂઆત અને ચર્ચા માટે વર્તમાનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તક પૂરી પાડે છે.

**"છોકરાં કે બાળક મોટાં કરવાં એ તો માથે ઝાડ ઉગાડવા જેવું કામ છે."**

**SLSMEE-2020-21 અને JNNSMEE-2021, તકૂનિકી અને રમકડાંનું વિષયવસ્તુના લક્ષ્યને પ્રાપ્ત કરવાનાં પેટા વિષયો નીચે મુજબ છે.**

1. ઈકો ફ્રેન્ડલી સામગ્રી
2. સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતા
3. આદાન-પ્રદાન થઈ શકે તેવું સોફ્ટવેર
4. ઐતિહાસિક વિકાસ
5. ગાણિતિક નમૂનાઓ

ઉપરોક્ત પેટા-વિષયો સૂચક છે, વિદ્યાર્થીઓ અન્ય કોઈ પેટા વિષય પસંદ કરી શકે અને વિજ્ઞાન, તકૂનિક અને રમકડાંઓને સામેલ કરી મોડેલ્સ વિકસાવી શકે.

### 1. ઈકો ફ્રેન્ડલી સામગ્રી

તકૂનિકી ક્રાંતિ અને પર્યાવરણીય અધોગતિ બંને સાથે-સાથે થતી રહી છે. 18મી સદીનાં ઉત્તરાર્ધમાં તકનિકી ક્રાંતિ એ ઔદ્યોગિક ક્રાંતિ તરફ દોરી ગયું, જે શરૂઆતમાં પર્યાવરણની અધોગતિનું કારણ બન્યું. આપણે એવી તકૂનિકી શોધીએ છીએ કે જે આપણને પર્યાવરણની સમસ્યામાંથી બહાર આવવા અને તેની અસરોમાંથી મુક્ત થવામાં મદદરૂપ બને.

આજે પર્યાવરણનું અધઃપતન અને અધોગતિ અભૂતપૂર્વ રીતે વધી રહ્યા છે કે જે સ્થાયી અને તંદુરસ્ત જીવન જીવવામાં મુશ્કેલરૂપ બને છે. માત્ર માનવજાતિ જ નહીં પણ અન્ય જીવો પર પણ તેની અસર વર્તાય છે. હવા, પાણી અને જમીન વિવિધ રીતે પ્રદૂષિત થઈ રહ્યા છે. જમીન પર કચરાનાં ઢગલા થઈ રહ્યા છે, આ પ્રદૂષણ વિવિધ ક્ષેત્રોમાંથી જેવા કે પરિવહન, ઉદ્યોગ, સ્થાનિક અને ખેતીમાંથી ઉદ્ભવે છે.

કુદરતી સ્ત્રોતોનુ બિનટકાઉ અને વધુ શોષણ થઈ રહ્યું છે. આબોહવા બદલવાનો પડકાર આજે આપણી સામે તાત્કાલિક ધ્યાન પર આવે તે જરૂરી છે.

જો આપણે ઉત્પાદન અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરીએ તો ઉપરોક્ત નિર્દેશિત મુદ્દાઓ અને પડકારોને થોડે ઘણે અંશે દૂર કરી શકીએ. ઉદાહરણ તરીકે ઈકોફ્રેન્ડલી તકૂનિકી જેવી કે યંત્રો અને કાચા માલનો ઉત્પાદન કરવામાં ઉપયોગ કરી શકીએ તો તે ઉત્પાદન વધુ ઈકોફ્રેન્ડલી બનશે.

આજે સમયની માંગ છે કે ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ થાય, ઈકોફ્રેન્ડલી સામગ્રીના ઉપયોગના લાભ એ છે કે તે માત્ર પર્યાવરણનું અધઃપતન જ નહીં રોકે પણ આપણા જીવનધોરણ પર થતી નકારાત્મક અસરોને દૂર કરશે. તેથી તકનિકી વિકાસ અને રમકડાનાં ઉપયોગમાં ઈકો-ફ્રેન્ડલી સામગ્રીના વપરાશને પ્રોત્સાહન આપવું જોઈએ. ઈકોફ્રેન્ડલી સામગ્રીના કેટલાંક ઉદાહરણો કે જે નમૂનાને વિકસાવવા ઉપયોગમાં લઈ શકાય તે નીચે આપેલ છે. આવા નમૂનાઓ દ્વારા સમાજમાં ઈકોફ્રેન્ડલી સામગ્રી અને તેના લાભો થકી સમાજમાં જાગૃતિ લાવી શકાય.

- વિવિધ સ્વરૂપનાં વપરાયેલા કાગળો અને વર્તમાનપત્રો જેવાં કે કાર્ટૂન બોક્સ, વપરાયેલ પુસ્તકો વગેરેનો રમકડાંઓ અને નમૂનાઓને વિકસાવવામાં ઉપયોગ કરી શકાય.
- વનસ્પતિજન્ય સામગ્રી જેવી કે સુતરાઉ કાપડ, શણ ઉત્પાદન અથવા અન્ય વનસ્પતિજન્ય રેસાઓનો શ્રેષ્ઠ ઉપયોગ તકૂનિકી અને રમકડાંઓને વ્યાપક બનાવવા વિવિધ સ્વરૂપની ઈકોફ્રેન્ડલી સામગ્રી તૈયાર થવી જોઈએ.
- વિવિધ તકનિકી અને રમકડાંને રજૂ કરવા વાંસ, લાકડું, શેરડી અને અન્ય વનસ્પતિજન્ય સામગ્રીનો નમૂનાઓ બનાવવા પાયા સ્વરૂપે ઉપયોગ કરવો.
- ધાતુ સજીવ-દ્રવ્ય દ્વારા વિઘટનક્ષમ ન હોવા છતાં પ્લાસ્ટિકમાંથી બનેલી સામગ્રી જેવી કે પોલીવિનાઈલ ક્લૉરાઈડ (પી.વી.સી.) અથવા પોલીસ્ટીન ઉત્પાદન જેવા કે થર્મોકોલ સીટ વગેરેનો ઉપયોગ કરતાં વધુ સારો વિકલ્પ છે.
- વિવિધ તકૂનિકી અને રમકડાંઓમાં ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરવાનાં ફાયદા બતાવવા માટે ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરીને નમૂનાઓનો પણ ઉપયોગ કરી શકાય છે.

**"બાળકો રાષ્ટ્રનું સાચું ધન છે. દેશનું ભવિષ્ય તેમના પર આધાર રાખે છે."**

## વિભાગ-2 : સ્વાસ્થ્ય, આરોગ્ય અને સ્વચ્છતા

**આ પેટા વિભાગના મુખ્ય હેતુઓ :-**

બાળકોમાં આરોગ્ય વિશે જાગૃતિ લાવવી, શરીરનાં પોષણની જરૂરિયાત જાણવી, કોરોના જેવા રોગોથી બચવા અને અટકાવવાની નવી વૈજ્ઞાનિક તક્નિકી અને જૈવિક સંશોધન (બાયોમૅડિકલ) શોધ કરવી. કોવિડ-19 મહામારીના કટોકટીનાં સમયે માનવજાતના પોષણની જરૂરિયાત અને વ્યવસ્થાપન માટે નવીન વિચારોને જાણવા.

આ પેટા વિભાગ અંતર્ગત પ્રદર્શન/નમૂના નીચે આપેલા મુદ્દા સંબંધિત હોઈ શકે છે.

- શારીરિક માંદગી અને આરોગ્યને અસર કરતાં પરિબળો
- સ્વચ્છતા આરોગ્ય પર કેવી અસરો કરે છે, તેનો અભ્યાસ
- રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી રોગો સામે રક્ષણ કરે તેવો ખોરાક
- જૈવિક અને અજૈવિક કચરો પી.પી.ઈ. કિટ્સ, સર્જીકલ માસ્કના નિકાલ માટે યોગ્ય તક્નિકી અને સ્વચ્છતા માટેની નવીન પદ્ધતિઓ જાણવી.
- સ્વચ્છતા જાળવવા માટે કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા ઊભી કરવી.
- ગ્રામ્ય સ્તરે સ્વચ્છતાની પદ્ધતિઓમાં સુધારો લાવવો.
- ચેપી અને બિનચેપી રોગો, કોરોના વાયરસ પર અસર કરતાં સ્ત્રોત અને કારણદર્શક પરિબળોનો સંબંધ જાણવો.
- કોરોના વાયરસ, ફેફસાંનું ઈન્ફેક્શન, ડેન્ગ્યૂ, મૅલેરિયા અને ચિકનગુનિયા જેવા ફેલાતા રોગો પર નિયંત્રણના રસ્તા શોધવા
- રોગનાં વિવિધ તબક્કા પર નિયંત્રણ માટે વિવિધ ઍજન્સીની ભૂમિકાના બચાવ માટેના નવીન માપનો જાણવા (ચેપી રોગની સાંકળને તોડવા માટેની ભૂમિકા)
- દવાની પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ અને પ્રદર્શન
- યોગ અને શારીરિક કસરતનાં આરોગ્ય માટેના ફાયદા માટેનું નિદર્શન
- સમતોલ આહાર અને પોષણક્ષમ વિવિધ ખોરાકનાં મહત્ત્વનું નિદર્શન
- સંવેદનશીલ લોકોમાં સામાજિક અંતરની જાગૃતિ લાવવા અને તેના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે નવી પદ્ધતિઓના રસ્તા શોધવા
- પોષણક્ષમ ખેતપેદાશોના સુધારા માટે જીવવિકાસ શાસ્ત્રની ભૂમિકા
- જંકફૂડ અને ઓછી ગુણવત્તાવાળા ખોરાકની આપણા શરીર પર થતી અસરો તથા તેને અટકાવવાના ઉપાયોના નમૂના અને પ્રૉજેક્ટનું નિદર્શન
- બાળકોમાં અકસ્માત અને ઈજાઓ જેવા જોખમો સામે સલામતીના નિયમોની જાગૃતિ લાવવા માટે મૉડલ અને પ્રૉજેક્ટનું નિદર્શન
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં દરેક જાતિ માટે તબીબી સહાય અને સુવિધાઓ પૂરી પાડવી.
- આરોગ્ય માટેની કાળજી અને પ્રાપ્ય સહાયનો ઉપયોગ કરવા માટે સંવેદનશીલ લોકોમાં જાગૃતિ લાવવી.
- સ્વાસ્થ્ય પર નોંધપાત્ર અસર કરતાં હોય તેવા કાર્યક્રમો જેવા કે 'સ્વચ્છ ભારત અભિયાન', 'રાષ્ટ્રીય રક્તપિત નિવારણ' કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે નાવિન્યપૂર્ણ વિચારો
- ભારતને વૈશ્વિક અર્થતંત્રનો મોટો ભાગ બનાવવા માટે 'આત્મનિર્ભર ભારત' જેવી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે નવીન વિચારો
- બાયોમેડિકલ ક્ષેત્રમાં જ્ઞાન અને સમજ આધારિત નવા વૈજ્ઞાનિક, તક્નિકી સાધનોનો વિકાસ
- જુદી જુદી તબીબી પદ્ધતિઓ જેવી કે પરંપરાગત, આધુનિક હોમિયોપેથી અને આયુર્વેદિકમાં જાણીતી બાબતો અને સંશોધનોનાં તારણોનું નિદર્શન
- સારા અને નરસા આરોગ્ય પર સંશોધિત જીવનપદ્ધતિ અને જાણીતી બાબતો
- જુદા જુદા રોગો માટે પ્રાપ્ય સામાન્ય રોગ નિરોધક ઉપાયો અને રસીકરણના ફાયદા

**સમયનો સાચો ઉપયોગ એ લોકો કરી શકે છે, જેની પાસે અદ્ભુત નિર્ણયશક્તિ છે. - સરદાર પટેલ**

- કુટુંબ નિયોજન કલ્યાણ માટેના યોગ્ય ઉપાયો
- ઓછા ખર્ચે રોગ પ્રતિકારક શક્તિ વધારતા ખોરાકો શોધવા
- તબીબી સેવા માટે ઓછા ખર્ચ વાળા નિદાનાત્મક અને ઉપચારાત્મક સાધનો
- ખેતી અને સ્વાસ્થ્ય માટેના નમૂનાઓ
- સ્વાસ્થ્ય પર અસર કરતાં પદાર્થો જેવા કે ખાતરો, જંતુનાશકો, હોર્મોન્સનાં રાસાયણિક અવશેષો અને ખાદ્ય રંગકોનાં નમૂનાનું નિદર્શન
- કોરોનાથી બચવા શારીરિક ખોડખાંપણવાળા વ્યક્તિઓ માટે નવા તબીબી નિદાનાત્મક અને ઉપચારાત્મક સાધનો
- કોરોનાનાં નિયંત્રણ માટે વિવિધ ઍજન્સીઓની ભૂમિકાઓ અને ઉપાયો

### વિભાગ-3 : આદાન-પ્રદાન કરી શકાય તેવું સોફ્ટવેર (ઈન્ટરેક્ટિવ સોફ્ટવેર)

ઈન્ટરેક્ટિવ સોફ્ટવેર, તેનાં ઉપયોગ કરનાર અને યંત્ર બંનેની વચ્ચે સીધા સંવાદની તક આપે છે. જ્યારે આપણે રમકડાંઓ સાથે વ્યવહાર કરીએ છીએ, ત્યારે યંત્ર રમકડાંઓનો સંદર્ભ લે છે. આ વિષયવસ્તુનો મુખ્ય હેતુ એ છે કે બાળકો અને શિક્ષકો સોફ્ટવેરનો ઉપયોગ કરી રમકડાંઓનું નકશીકામ કરી તેના ઉત્પાદનમાં જોડાયેલા રહે. પ્રૌદ્યોગિક વિજ્ઞાન આપણને નવી રમતો અને રમકડાના નકશીકામ માટે જ્ઞાન પૂરું પાડે છે

બીજી બાજુ આ વિષયવસ્તુમાં રમકડાનાં નકશીકામ અને વિકાસનો સમાવેશ થઈ શકે છે. ટોય પ્રોગ્રામ એ એક નાનો કોમ્પ્યુટર પ્રોગ્રામ છે કે જેનો શૈક્ષણિક હેતુથી ઉપયોગ થાય છે. ટોય પ્રોગ્રામ મોટેભાગે વ્યવહારુ હોય છે છતાં પણ તેના ખ્યાલોનું અમલીકરણ વ્યવહારદક્ષ પ્રોગ્રામ માટે ઉપયોગી થઈ શકે છે. કેટલાક ટોય પ્રોગ્રામને નિશ્ચિત સમસ્યા નડે છે. જેમ કે ક્રમિક (n)માં પદની ગણતરી કરવી, દ્વિઘાત સમીકરણનું વર્ગમૂળ શોધવું અને અવિભાજ્ય સંખ્યાઓ શોધવી. ટોય પ્રોગ્રામ્સ નવા પ્રોગ્રામ અમલીકરણ માટે અને બધી ભાષાઓની વાક્ય રચના તથા સંજ્ઞા પદ્ધતિઓની ચકાસણી માટે ઉપયોગી છે.

રમકડાંનો ઉપયોગ બાળકોને વિવિધ કૌશલ્યો જેવાકે સમસ્યા ઉકેલ, સર્જનાત્મકતા, ભાવાત્મકતા અને સામાજિક વિકાસ શીખવામાં મદદરૂપ થઈ શકે છે. તે ફાઈન અને ગ્રોસ સાયકો મોટર સ્કીલ્સ (fine and gross psychomotor skills)નાં વિકાસમાં મદદ કરે છે. ટૅક્નોલોજી સાચે જ રમકડાંઓને બદલી નાખે છે. 20 વર્ષ પહેલાં આપણામાંના ઘણા લોકો આજના પ્રાપ્ય રમકડાં વિશે વિચાર પણ કરી શકતાં ન હતા. આજે મોટાભાગના ડિઝાઈનરો (નકશીકારો) પોતાની આવડતનો ઉપયોગ નવા રમકડાં બનાવવા માટે કરી રહ્યા છે. કેટલીક બાબતોમાં તેઓ સૂચિત અને આયોજિત અસલ નમૂનાઓનાં મૂળ તત્ત્વોનો ઉપયોગ કરે છે.

પ્રસંગોપાત તેઓ 3ડી (3D) પ્રિન્ટિંગ ટૅક્નોલોજી પોતાના વિચારો સાથે ઉપયોગ કરે છે. (છતાં પણ તેઓ ક્યારેક પરંપરાગત છબીઓ, કાતરો અને બીજા સાધનોનો ઉપયોગ નવી વસ્તુઓ બનાવવા માટે કરે છે.) છતાં પણ નિષ્ણાત નક્શીકાર પોતાના હાથ અને સોફ્ટવેર બંનેનો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે નિષ્ણાત ડિઝાઈનર નમૂનાઓની રચના જાહેરાત સંબંધી પ્રસંગો જેવા કે વેપાર પ્રદર્શન, પ્રવાસન અને બીજા બધા માટે કરે છે. તેમના નમૂના બાળકોએ બનાવેલા નમૂના જેવા હોતા નથી. સોફ્ટ ઓર્ગેનિક અને મેકફારલેન રમકડાંઓના વધારે ઉત્પાદન માટે ઇન્જેક્શન મોલ્ડીંગ પદ્ધતિનો ઉપયોગ થાય છે. જેને આપણે મેકડોનલ્સ જેવી રેસ્ટોરન્ટમાં જોઈએ છીએ.

આજે મોટાભાગના ટોય ડેવલપર પ્રોગ્રામ LEGO પર આધારિત હોય છે. 1930 ના અરસામાં LEGO શબ્દ એ બે દાનીષ શબ્દ LEg અને GOdt શબ્દો પરથી બનેલા છે. અંગ્રેજીમાં તેનો અર્થ 'સારું રમો' તેવો થાય છે. વર્ષો વરસ તે સર્વોત્તમ શબ્દ તરીકે ચાલ્યો. આજકાલ, તે વિસ્તૃત માઈન્ડસ્ટ્રોમ્સ સહિત તમામ પ્રકારની તક્નિકી દિશાઓમાં આગળ વધ્યું છે; પ્રોગ્રામેબલ ઈંટો પર આધારિત રોબોટિક્સ, જે મૂળભૂત રીતે શૈક્ષણિક હેતુઓ માટે કલ્પના કરવામાં આવી હતી, અને કમ્પ્યૂટર સહાયિત ડિઝાઈન (સીએડી) ની નજીક કંઈક.

ગુરુ પાસેથી આપણને એક રત્ન પણ મળે તો આપણે 'ભારતરત્ન' નહીં 'બ્રહ્માંડરત્ન' બની જઈએ. - પૂજ્ય મોરારિ બાપુ

**આ પેટા વિભાગ અંતર્ગત મોડલ બનાવતી વખતે ઉદ્‌ભવતા કેટલાક ચોક્કસ પ્રશ્નો નીચે મુજબ છે.**

- ડિઝાઈનિંગ પ્રોટોટાઈપ રમકડાં માટે કેવા પ્રકારના મોડલીંગ સોફ્ટવેર વપરાય છે? Solidworks, Catia, Onshape, Autodesk, Fusion, Sketch up, Rhino, Zbrush, Zbrush, Zbrushcore, T-splines ProE, Rapid form, Geo Magic, Rhino3D, Alias વગેરે
- વ્યાવસાયિક ડિઝાઈનર અને ઈજનેર દ્વારા કેવા પ્રકારના સોફ્ટવેર વપરાય છે? (OR) LEgo મોડેલની ડિઝાઈન અને રચના માટે વ્યાવસાયિક શિલ્પકાર કેવી રીતે કામ કરે છે? Ldraw OR (Ldraw standard), traditional CAD-Style System design tools, Maya for three-dimension rendering, LeoCAD, MecaBricks LDD(LEGO Digital Designer), inventor,mudbox or some customized software.
- ડિઝાઈનીંગ ટોયઝ ક્યાં નિઃશુલ્ક ટુલ્સ પ્રાપ્ય છે?

  Tinker CAD ( બાળકો માટે 3D Modling programme બનાવવા મદદ કરે છે.)

  Fusion- 360, Blender, Sketch up free, Mesh mixer, Tsplines Add-on on your rhino software
- એવું કોઈ સોફ્ટવેર છે કે જે મેશ ઉપર કામ કરવાની તક આપે અને તેને પોલી સરફેસમાં રૂપાંતર કરી પ્રમાણભૂત ફોર્મેટ માં રૂપાંતર થઈ શકે.
- વિભિન્ન સોફ્ટવેર વચ્ચે શું તફાવત છે?
- ટોઈઝ ઈંન્સ્ટ્રક્શન મૅન્યુઅલને ડિઝાઈન કરવા અને પ્રકાશિત કરવા માટે કયું સોફ્ટવેર વપરાય છે?
- પેકેજ ડિઝાઈનર માટે સામાન્ય રીતે કયું સોફ્ટવેર વપરાય છે?
- ટોઈઝ ડિઝાઈનર તરીકે હું કેવી રીતે કામ કરી શકું?
- એલ.ડી.ડી.(LDD) સોફ્ટવેરમાં પીસીસ(pieces) કેવી રીતે ગતિમાન થાય છે?
- નાના અને પોચી સામગ્રીમાંથી પ્રતિકૃતિ તૈયાર કરવા માટે કયું સોફ્ટવેર વપરાય છે?
- વિડીયો ગેમ બનાવવા માટે કયું 3D મોડલિંગ સોફ્ટવેર વપરાય છે?
- અસલ નમૂનાનું પરીક્ષણ કેવી રીતે થાય છે?
- ટોય સ્ટોરીઝનાં સર્જન માટે કયા સોફ્ટવેર વપરાય છે?
- સંવેદનશીલ મિશ્ર રમકડાં બનાવવા સામાન્ય રીતે કયું સોફ્ટવેર વપરાય છે?
- માપન અને યાંત્રિક વિશ્લેષણ માટે કયું સોફ્ટવેર છે?
- 3D મોડલિંગ અને 3D પ્રિન્ટિંગ માટે બાળકો વાપરી શકે તેવું સૌથી સારું સોફ્ટવેર કયું છે?
- ઔદ્યોગિક ડિઝાઈન માટે કયું સોફ્ટવેર વપરાય છે?
- ગેમ બનાવવા માટે કયું 3D મોડલિંગ સોફ્ટવેર સારું છે ? શા માટે?
- કયું CAD સોફ્ટવેર શ્રેષ્ઠ સર્વતોમુખી પ્રતિભાવાળું છે?
- 2D ઈમેજમાંથી 3D મોડેલ વિકસાવવા કયું સોફ્ટવેર વપરાય છે?

**4 - ઐતિહાસિક વિકાસઃ**

રમત દ્વારા અધ્યયન એ બાળકોના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકોના જીવનજરૂરી જુદાં જુદાં ઘણાં કૌશલ્યોના વિકાસ માટે રમકડાંઓનો ઉપયોગ મદદરૂપ થઈ શકે છે. બાળકોની સમસ્યાઉકેલ અને સાંવેગિક કૌશલ્યના વિકાસમાં પણ રમકડાં મદદરૂપ થઈ શકે છે. ઉપરાંત, બાળકોની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને પોષણ પૂરું પાડે છે.

પ્રાચીન કાળથી ભારત દેશમાં રમકડાંઓ અસ્તિત્વ ધરાવે છે. પરંપરાગત ભારતીય રમકડાંઓ સાદા અને વાસ્તવિક જીવનના જ્ઞાનને સાથે જોડી શકતા હતા. પ્રાપ્ય સાહિત્ય દર્શાવે છે કે રમકડાંઓ જે તે સમય-સ્થળની સંસ્કૃતિ અને સમાજને પ્રતિબિંબિત કરે છે. તેમજ શારીરિક અને માનસિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અહેવાલ પરથી જાણવા મળ્યું છે કે સિંધુ નગરોના ખાસ ભાગોમાંથી મળી આવેલાં રમકડાંઓ પરથી એવું તારણ કાઢી શકાય છે કે રમત માટે અલાયદી જગ્યા ફાળવવામાં આવતી હતી. સિંધુ ખીણમાંથી મળી આવેલ કુલ અવશેષોનો દશમો ભાગ રમતને લગતો હતો કે જેમાં રમત અને રમકડાંના અવશેષો જેવા કે પૈડાંગાડી, ઘૂઘરો, પાસો વગેરે મળી આવેલ છે. ભૂલાયેલા વારસાને પુનઃ જીવંત કરવા ઘણા પ્રયાસોની જરૂરિયાત છે.

**પ્રાર્થના મનુષ્યની શક્તિને પરમાત્માના સામર્થ્ય સાથે જોડનારી કડી છે. - શ્રી અરવિંદ**

આજની યુવા પેઢીને તેમના નાવીન્યસભર રમકડાંને પ્રદર્શિત કરી શકે તે માટે તક પૂરી પાડવાની ખૂબ જ જરૂરિયાત છે. ઓદ્યોગિક એકમોમાં થઇ રહેલ હાનિકારક ઉત્પાદનો તેમજ પ્લાસ્ટિક અને ઇલેક્ટ્રોનિક રમકડાંનો ઉપયોગ ન કરીને આવા હાનિકારક ઉત્પાદનો કચરાના અંકુશ માટે જાગૃતતા લાવવાની જરૂરિયાત છે. આપણા સમાજે જૈવિક રમકડાંઓના મહત્ત્વ પ્રત્યે સંવેદનશીલ થવાની જરૂરિયાત છે. રોજિંદા જીવન સાથે સંકળાયેલ વિજ્ઞાનને જોવા અને ઓળખવા માટે દરેક ઉંમરના બાળકો રમકડાંઓનો ઉપયોગ કરી શકે છે.

**વિદ્યાર્થીઓ બે પ્રકારના રમકડાંઓની રચના કરી વિકસાવી શકે છે.**

1. સ્થિર 2. ગતિમાન

- સ્થિર રમકડાં જેવા કે પતંગ, ઢીંગલી, પ્રાણીઓ, પક્ષીઓ વગેરેનું નિર્માણ માટી, વાંસ, ધાતુ, કાગળ અથવા સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સામગ્રી દ્વારા કરી શકાય છે.
- ગતિશીલ રમકડાંઓના પ્રકારમાં ગતિમાન અથવા/અને ધ્વનિ, પ્રકાશ ઉત્પન્ન કરતાં રમકડાંઓ જેવા કે ડમરુ, ભમરડો, ગિલોલ, ગતિમાન વાહનો, ઢીંગલીઓ, રોબોટ વગેરે બનાવી શકાય છે. આવા રમકડાંઓનો વિજ્ઞાનની વિવિધ સંકલ્પનાઓ સમજાવવા અને શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ થઇ શકે છે. વિદ્યાર્થીઓ દ્વારા બાળપણમાં રમેલા સાદા રમકડાંઓને આધારે અદ્યતન વૈજ્ઞાનિક રમકડાં અથવા વિજ્ઞાનના પ્રૉજેક્ટનું નિર્માણ કરી શકે છે. આવા રમકડાંઓનો ઉપયોગ શૈક્ષણિક સાધન તરીકે જ્ઞાનની આપ-લે કરવા કરી શકાય છે. આ બાબતોનો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ફાળો છે.

### 5 - ગાણિતિક નમૂનાઓ

ગાણિતિક નમૂના નિર્માણ પ્રક્રિયા એટલે ભૌતિક પરિસ્થિતિનો યોગ્ય શરતોને આધીન ગાણિતિક સ્વરૂપમાં નિરૂપણ કરવું. ભૌતિક પરિસ્થિતિમાં સમસ્યાના ભૌતિક દૃષ્ટિકોણની જરૂરિયાત છે, જેથી વિવિધ ગાણિતિક સાધનો જેવા કે ટકાવારી, ક્ષેત્રફળ, સપાટીનું ક્ષેત્રફળ, ઘનફળ, કામ અને સમય, નફો - ખોટ, વિચલન, સંભાવના, આંકડાશાસ્ત્ર વગેરેનો ઉપયોગ દ્વારા ઉકેલ મેળવી શકાય છે. આ બહુવિધ પ્રક્રિયા છે કે જે મહત્તમ ચોકસાઇ, નમૂનાની માન્યતા, ગાણિતિક ઉકેલ અને અમલીકરણ માટે સમસ્યાની ઓળખ, યોગ્ય પસંદગી/રચના, માહિતીનું એકત્રીકરણ, ચલોની સંખ્યા અને પ્રયુક્તિઓ નક્કી કરવી જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ એક પુનરાવર્તિત પ્રક્રિયા હોઈ શકે કે જેમાં આપણે કાચા નમૂનાથી શરૂ કરી, સમસ્યા ઉકેલ માટે યોગ્ય બને તે માટે ક્રમશઃ સુધારણા કરીને અંતિમ સ્વરૂપ સુધી લઇ જાય છે. તેમજ સમસ્યાની સમજ અને દૃષ્ટિકોણ મેળવવા સક્ષમ બનાવે છે.

આ એક કળા છે કારણ કે આમાં નમૂના માટે જુદા-જુદા અભિગમ હોઈ શકે, તેમજ પ્રકૃતિ અનિશ્ચિત હોવાથી એ વિજ્ઞાન પણ છે.

ગાણિતિક નમૂનામાં આપણે કોઈ પ્રાયોગિક પ્રવૃત્તિ કરતા નથી કે સ્થિતિ સાથે કોઈ સીધી આદાન-પ્રદાનની પ્રક્રિયા કરતા નથી. જેવી કે શરીર વિજ્ઞાનની જાણકારી અર્થે શરીરમાંથી લોહીનો નમૂનો લેવો, છતાં પણ આપણા ગાણિતિક સાધનો વાસ્તવિક પરિસ્થિતિને પ્રગટ કરે છે. વધારે ગતિવાળા કમ્પ્યૂટર વિકાસ અને વાસ્તવિક જીવનના નિરીક્ષણ તથા સમસ્યાઓના ઉત્તર જાણવા માટેની વધતી જિજ્ઞાસાએ લગભગ બધાં ક્ષેત્રોમાં ગાણિતિક પ્રતિરૂપની આવશ્યકતાની પરિકલ્પનાને વધારી છે.

**આ પેટા વિભાગ અંતર્ગત પ્રદર્શન મોડેલ નીચે આપેલા મુદ્દા સંબંધિત હોઈ શકે છે :**

- આપણી રોજિંદા જીવનની ગાણિતિક/ પર્યાવરણને લગતી વિવિધ સમસ્યા નિવારણ માટેનાં નમૂનાઓ
- વાતાવરણ/ આબોહવાની ગતિશીલતા /હવામાનની આગાહી દર્શાવતાં કમ્પ્યૂટર આધારિત ગાણિતિક નમૂના
- ભૂ-ભૌતિકશાસ્ત્રનાં ગાણિતિક નમૂનાઓ જેવા કે પૃથ્વીનું પરિક્રમણ અને પરિભ્રમણ, લાંબામાં લાંબો દિવસ અને રાત તેમજ સરખા દિવસ અને રાત
- લઘુગ્રહોની કક્ષા, ખરતા તારા અને બીજા અન્ય લઘુ-ગ્રહોની આગાહી કરતાં ગાણિતિક મોડેલ

**ગાંધી એવાં પહેલાં મહાપુરુષ હતા, જેમણે સત્ય અને અહિંસાને આકાશમાંથી પૃથ્વી પર ઉતાર્યા હતા. - દર્શક**

- માનવજાતમાં જૈવ આતંક અને રોગચાળાની ઘટનાઓમાં રોગ કેવી રીતે ફેલાય છે તે દર્શાવતા ગાણિતિક મોડેલ
- યુધ્ધની હાનિકારક અસર, અણુધડાકાની આગાહી કરતા ગાણિતિક મોડેલ
- વૃક્ષના પ્રકાર, મોસમ અને ભૂસ્તરની પ્રવૃત્તિઓ પર જંગલની દાવાનળની નિર્ભરતા દર્શાવવા માટેના ગાણિતિક મોડેલ
- માનવતંત્રમાં દવાઓની ક્રિયા, અસર દર્શાવતા ગાણિતિક મોડેલ
- હૃદય, મસ્તિષ્ક, હાડકા, અન્ત:સ્ત્રાવી ગ્રંથિઓના ગાણિતિક મોડેલ
- માનવીય રોગોની કમ્પ્યૂટર દ્વારા ઓળખ
- બંધ, નદી, નહેરના પાણી પ્રવાહના ગાણિતિક મોડેલ
- કેન્સર ચિકિત્સા, ઘાવનું ભરવું અને પેશી સંવર્ધન માટે ગાણિતિક મોડેલ અને કમ્પ્યૂટર નિરૂપણ
- આંતરકોષીય, જૈવ રાસાયણિક પ્રક્રિયાઓ અને ચયાપચયમાં થતા ફેરફાર માટેના ગાણિતિક મોડેલ
- ટ્રાફિક પ્રવાહ/શેરબજારના વિકલ્પ માટેના ગાણિતિક મોડેલ
- કમ્પ્યૂટરની સિસ્ટમમાં માહિતીનો સંગ્રહ અને પુન:પ્રાપ્તિની પ્રયુક્તિઓનો અભ્યાસ
- માહિતી ફેરફાર અને માહિતી વ્યવસ્થાપન પ્રયુક્તિઓ દર્શાવતું મોડલ
- આંકડાશાસ્ત્રીય અને યાદચ્છિક સંખ્યાઓને લગતી સમસ્યાઓ દર્શાવતા નમૂનાઓ
- વિડિયો ગેમ વિકસાવવી
- પાક ઉત્પાદન વધારવા માટેના ગાણિતિક મોડેલ
- કાર્બનચક્રના સંતુલન માટેના ગાણિતિક નમૂનાઓ
- સામાજિક કીટકો જેવા કે મધમાખીઓ, ઊધઈ વગેરે કેવી રીતે સ્થાનિક માહિતીને સંકુલ અને કાર્યાત્મક પેટર્નમાં બદલાવીને સંચાર માટે ઉપયોગ કરે છે તે દર્શાવતા ગાણિતિક મોડેલ
- પ્રકાશીયતંતુ (ફાઇબર ઓપ્ટીક)માં મહત્તમ તીવ્રતા માટેના મોડલ
- મગજમાં નિયંત્રણો અને સંચાર પ્રતિક્રિયાઓ ઉત્પન્ન થતાં અત્યંત મૂળ પ્રશ્નોના ગાણિતિક નમૂના
- શહેરી યોજના માટે ગાણિતિક નમૂનાઓ
- અનિચ્છનીય ભવિષ્યથી બચવા માટે/વિવિધ કુદરતી અને અકુદરતી આફતોને સમજવા માટે ગાણિતિક નમૂનાઓ
- હવામાન પરિવર્તન અને વૈશ્વિક તાપમાનની અસર (ગ્લોબલ વોર્મિંગ) દર્શાવતા ગાણિતિક નમૂનાઓ
- ભવિષ્યમાં દેશ અને વિશ્વની જનસંખ્યા દર્શાવતા ગાણિતિક મોડેલ

## સેમિનાર આયોજન માટે માર્ગદર્શન

**વિષય : રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટૅક્નોલોજીનું ઉપયોજન**

જો આપણે વિજ્ઞાન વગરના જીવનની કલ્પના કરીએ ત્યારે વિજ્ઞાન અને ટૅક્નોલોજીનું આપણા જીવનમાં ઉપયોજન સમજી શકાય. કલ્પના કરો કે જંગલમાં રહેતા આદિમાનવના જીવનની કઠિનતા અથવા રણની વચ્ચે આધુનિક માનવીને પીવાલાયક પાણી મેળવવું કેટલું મુશ્કેલ છે! ગુણવત્તાયુક્ત જીવનના પાસાઓ આધુનિક શિક્ષણથી લઈને આરોગ્ય સેવાઓ, પ્રત્યાયન અને વાહનવ્યવહાર વગેરે..ને વિજ્ઞાન અને ટૅક્નોલોજી અસર કરી છે. જીવનની ગુણવત્તાની કાળજી અને સુધારણા માટે સવારના એલાર્મથી લઈને રાત્રિ સમયમાં આરામદાયક પથારી, પંખા, એ.સી, રૂમ હીટર, તળેલા ભોજનની જગ્યાએ શેકેલું ભોજન, બ્લડ-શુગર અને બ્લડપ્રેશરનું તરત માપન, કોવિડ-19 જેવા મૅડિકલ ઈમરજન્સી દરમિયાન માસ્ક પહેરવા, હાથ ધોવા, સામાજિક અંતર રાખવું, એ વૈજ્ઞાનિક જ્ઞાનના ઉદાહરણ છે. બહુ જૂની વાત નથી કે જ્યારે એક સેન્ટીમીટરનું ઈલેક્ટ્રોનિક ડીવાઈસ (ટ્રાન્ઝિસ્ટર)ની શોધ થઇ હતી. ત્યારબાદ 1990માં આવા હજારો ટ્રાન્ઝિસ્ટર ધરાવતા પેંટીયમ ચીપ્સ (pentium chip)નો વિકાસ થયો. અને હવે આ માઈક્રોપ્રોસેસરે દરેક કમ્પ્યૂટરમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. થોડાક જ દશકોમાં કમ્પ્યૂટર એ વિજ્ઞાન પ્રયોગશાળાના સાધનમાંથી જીવનના દરેક પાસાને અસર કરતાં મહત્ત્વના ઘટક તરીકે વિકાસ પામ્યું છે. કમ્પ્યૂટર

સર્વની ઉપર મનુષ્ય છે. તેની ઉપર કોઈ નથી. - ભક્તિ કવિ ચંડીદાસ

અથવા સ્માર્ટ ઈલેક્ટ્રોનિક સાધન વગર આધુનિક, વિશાળ માહિતીસંગ્રહ, વાણિજિયક વ્યવહારો અથવા હવામાનની આગાહી જેવાં કાર્યોનો વિચાર કરવો પણ લગભગ અશક્ય છે. વિજ્ઞાન અને ટૅક્નોલોજીએ હરિત ક્રાંતિ દ્વારા ખોરાક અછત ધરાવતા દેશોને ખોરાક નિકાસ કરતા દેશોમાં પરિવર્તિત કર્યા છે. વિજ્ઞાન અને ટૅક્નોલોજીની મદદથી કૃષિ સંસાધનો, સુધરેલા વિવિધ અભ્યારણો, જૈવિક ખાતરો અને કીટનાશકોનો ઉપયોગ દ્વારા કૃષિ ક્ષેત્રે અનેક ઘણી પ્રગતિ કરી છે.

કૃષિ ક્ષેત્રે થયેલ આ પરિવર્તનના કારણે સરળતાથી સુરક્ષિત અને વ્યાજબી ભાવે ખોરાક બજારમાં મળી શકે છે. 19મી સદીની શરૂઆતમાં વૈજ્ઞાનિકો આ હકીકત જાણતા હતા કે કીટાણુઓ ઘણા સામાન્ય રોગોનો ફેલાવો કરી રહ્યા છે. વિજ્ઞાન અને ટૅક્નોલોજીના આધુનિકીકરણના લીધે છેલ્લી બે સદીઓથી લગભગ બધા જ નવજાત શિશુઓને ટીકાકરણ કરીને જીવન ઘાતક બીમારીઓથી બચાવી શક્યા છીએ. વિજ્ઞાન અને ટૅક્નોલોજીના સુધારણાના ફળસ્વરૂપે દસકાઓથી મૃત્યુદર જ નહીં પણ જીવનની ગુણવત્તામાં પણ સુધારો થયો છે. રોજિંદા જીવનમાં ઉપયોગી વસ્તુઓ જેવી કે ચપ્પુ, ચમચી, થાળીઓ, ટુથબ્રશ, ટુથપેસ્ટ, સાબુ, સેનીટાઈઝર, બેટરી, મોટરગાડી, સ્માર્ટફોન, રાંધણગેસ, વાહનો, કપડાં, દવાઓ વગેરેમાં વિજ્ઞાન અને ટૅક્નોલોજીનું મહત્ત્વનું યોગદાન છે. આવા જરૂરી સાધનો/વસ્તુઓ વગર આધુનિક જીવન વિચારવું એ શક્ય નથી અને આ જરૂરી વસ્તુઓ સ્થાનિક બજારમાં વ્યાજબી ભાવે સરળતાથી પૂરી પાડવા માટે આપણે આધુનિક ટૅક્નોલોજીનો આભાર માનવો જોઈએ.

**સંપર્ક : રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર**

## હાસ્યથી થતા ફાયદાના કેટલાક વૈજ્ઞાનિક સંશોધનો

કેલિફોર્નિયાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ એક અભ્યાસ દ્વારા પ્રસ્થાપિત કર્યુ હતું કે, માત્ર એક મિનિટ ખડખડાટ હસવાથી હૃદયની ધડકન બમણી થઈ જાય છે. આ પરિણામ બીજી કસરત દ્વારા મેળવવું હોય તો 15 મિનિટ સુધી સાઈકલ ચલાવવી પડે અને દસ મિનિટ સુધી હલેસાં મારવા પડે.

લાફટર્સ હેલ્થ વેનિફિકસના મુખ્ય શોધક સાઈકિયાટ્રિક વિલિયમ હાસ્યને 'લઘુ' કસરત માને છે. તેઓ કહે છે કે એનાથી હૃદય, ફેફસાં, છાતી, પેટ, ગરદન, મસ્તકની ચામડી અને ખભાના સ્નાયુઓને ફાયદો થાય છે.

બ્રિટનમાં ફર્સ્ટ નેશનલ હેલ્થ સર્વિસ લાફટર કલબના સ્થાપક, લાફિંગ થેરાપીના નિષ્ણાત ને જાણીતા મનોચિકિત્સક શ્રી રોબર્ટ હોલ્ડન હાસ્યના ફાયદા વિશે સમજાવતાં કહે છે. બાળક એક દિવસમાં 400 વખત મલકાય છે. જ્યારે પુખ્ત વયનો માણસ માત્ર 15 વખત. બાળક એક દિવસમાં 150 વખત મુકત મને હસી શકે છે. પરંતુ પુખ્ત માનવી માત્ર છ જ વખત ખડખડાટ હસે છે. હસવાથી શરીરની અંદર ઘણા બાયોકેમિકલ પરિવર્તન થતાં હોય છે. હાસ્ય મોંની લાળમાંના એન્ટિબોડીઝમાં વધારો કરે છે. આનો લાભ એ કે, પાચનતંત્રમાં - જઠરમાં ઈન્ફેકશનનો ચેપ લાગતો નથી. સતત હસતા માણસના શરીરમાંથી એવું એન્ઝાઈમ સ્ત્રવે છે, જે પેટમાં થતાં અલ્સરને રોકે છે. હાસ્ય સ્નાયુઓને હળવા બનાવે છે. શરીરમાં એન્ડોર્ફિન્સ કુદરતી દર્દશામક છે. હાસ્ય શરીરના કોષો તરફ ન્યુટ્રીન્સ અને ઑક્સિજન વહાવે છે.

યુ.એસ.એ.ના ન્યુટ્રિશિયન ગેલાર્ડ હાઉસર જણાવે છે કે હાસ્ય તનાવ અને ચિંતા ઘટાડી ગ્રંથિઓને ઉત્સાહિત કરે છે. જાપાનથી પ્રકાશિત થતા 'ડાયાબિટીસ કેર' નામના સામયિકે એક સર્વે કર્યો હતો. સંશોધન એવું થયું કે, હસવાથી માત્ર ડાયાબિટીસ જ નહીં, પણ અનેક બીમારીમાં ફાયદો થાય છે. 100 માણસોને એક હૉલમાં ભેગા કરવામાં આવ્યા. પછી તેઓના બ્લડ સુગરનું પ્રમાણ નોંધવામાં આવ્યું. પછી તેઓને ભોજન અપાયું. એ પછી તંદુરસ્તી વિશે લાંબું કંટાળાજનક બે કલાકનું ભાષણ અપાયું. પછી ફરી આ દરેક વ્યકિતઓના બ્લડસુગરનું પ્રમાણ નોંધાયું. બીજા દિવસે ફરી આ જ પ્રયોગ કરાયો હતો. પણ આ વખતે ભોજન પછી એક હાસ્યનો કાર્યક્રમ રજુ કરાયો હતો. કાર્યક્રમ પછી જયારે બ્લડસુગરનું પ્રમાણ માપવામાં આવ્યું ત્યારે આશ્ચર્યજનક રીતે આગલા દિવસ કરતાં આ વખતનાં બ્લડસુગરના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો. આથી સાબિત થયું કે હાસ્યથી ડાયાબિટીસના પ્રમાણમાં ઘટાડો થાય છે.

(સંકલન)

**ઘડપણ દર વખતે શાણપણ લઈને આવતું નથી. એ કયારેક એકલું પણ આવતું હોય છે. - ગુણવંત શાહ**

## વહીવટી વિભાગ

પત્રક્રમાંક : મઉમશબ/માધ્યમિક/2021/6596
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ, ગાંધીનગર
તા. 27-01-2021

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય

**વિષય :** વર્ષ-2021 અને ત્યારબાદ એસ.એસ.સી.ની પરીક્ષા આપનાર રીપીટર વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ બાબત.

**સંદર્ભ :** (1) પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/2969-3009, તા.06-10-2020
(2) પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/3542-83, તા.19-11-2020
(3) પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/3882-392, તા.26-11-2020

**મહાશય,**

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે એસ.એસ.સી. ધોરણ-10માં જૂન-2019 થી 02 હિન્દી (FL), 04 અંગ્રેજી (FL), 05 ઉર્દૂ (FL), 11 વિજ્ઞાન, 12 ગણિત વિષયોમાં NCERT ના અભ્યાસક્રમ અન્વયે નવાં પાઠ્યપુસ્તકો અમલમાં આવેલ છે. આ અભ્યાસક્રમ સાથે પ્રથમ પરીક્ષા માર્ચ-2020માં યોજવામાં આવેલ હતી.

માર્ચ-2020 પહેલાંની પરીક્ષાના રીપીટર, ખાનગી રીપીટર વિદ્યાર્થીઓએ 02 હિન્દી (FL), 04 અંગ્રેજી (FL), 05 ઉર્દૂ (FL), 11 વિજ્ઞાન, 12 ગણિત કે જ્યાં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના જૂના પાઠ્યપુસ્તક મુજબ આ પાંચ વિષયમાં વર્ષ 2021 પૂરતી જ પરીક્ષા આપવાની તક આપવામાં આવે છે.

માર્ચ-2020 માં ઉપરોક્ત પાંચ વિષય સાથે નિયમિત ઉમેદવાર તરીકે પ્રથમ વાર પરીક્ષા આપેલ હોય અને માર્ચ-2020 તથા ઑગસ્ટ-2020 માં અનુત્તીર્ણ થયા હોય તેવા ઉમેદવારોએ નવા અભ્યાસક્રમ મુજબ (માર્ચ-2020ની પરીક્ષાથી અમલમાં આવેલ હતો તે) પરીક્ષા આપવાની રહેશે.

માર્ચ-2020 પહેલાંની પરીક્ષાના રીપીટર, ખાનગી રીપીટર વિદ્યાર્થીઓને માર્ચ-2020, ઑગસ્ટ-2020માં જૂના અભ્યાસક્રમ મુજબ તક આપેલ છે, જેથી હવે વર્ષ-2021 અને પૂરક પરીક્ષા-2021 સુધી જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા માટે ઉપરોક્ત વિષયમાં જૂના અભ્યાસક્રમ મુજબ તક મળશે. ત્યારબાદ વર્ષ-2022 થી આવા તમામ વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે. જેની ગુજરાતની નોંધાયેલ તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી, તેમજ આપની શાળામાંથી પરીક્ષા આપતા/આપનાર આવા તમામ રીપીટર/ખાનગી રીપીટર ઉમેદવારોને આ બાબતની જાણ થઈ જાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

**નાયબ નિયામક** (માધ્યમિક પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સવિનય નકલ રવાના :**

1) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
2) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
4) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
5) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તમામ તાબાની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારુ.
6) સંશોધન શાખા તરફ, 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' આગામી માસિક અંકમાં પ્રસિધ્ધ કરવા બાબત.

**પેટની ભૂખ મિટાવવી સહેલી છે, પ્રેમની ભૂખ મિટાવવી અઘરી છે. - મધર ટેરેસા**

પત્રક્રમાંક : મઉમશબ/માધ્યમિક/2021/H/88
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર
તા. 05/02/2021

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય

**વિષય :** ધો. 10ના શાળા કક્ષાના વિષયની પરીક્ષા બાબત.
**સંદર્ભ :** મઉમશબ/સંશોધન/2020/3882-3920, તા.26/11-2020 નો પત્ર.

મહાશયશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, મે-2021 ની એસ.એસ.સી.ની પરીક્ષાઓ તા.10/05/2021 થી તા.20/05/2021 દરમ્યાન યોજાનાર છે.

દર વર્ષની જેમ એસ.એસ.સી. ધો.10 પરીક્ષાની યોજના અંતર્ગત જૂથ-૨ મરજિયાત વિષયોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ લેવાતી હોય છે. આ પરીક્ષાની તારીખો જે તે વર્ષના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવવામાં આવતી હતી. વર્તમાન સમયે શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર થયેલ ન હોય શાળા કક્ષાના વિષયની પરીક્ષા નીચેની તારીખોમાં યોજી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.15/04/2021 થી તા. 17/04/2021ના દિવસોમાં ભારતીય સમય મુજબ 11:00 કલાકે એસ.એસ.સી. ધો.10 પરીક્ષાની જૂથ-2 મરજિયાત વિષયોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ લેવાની રહેશે અને તેના ગુણ બોર્ડની સૂચના મુજબ ઓનલાઈન દર્શાવવાના રહેશે. જે તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નિયમિત, ખાનગી નિયમિત વિદ્યાર્થીઓને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**સવિનય નકલ રવાના :**

1) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
4) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
5) મદદનીશ સચિવશ્રી, સંશોધન શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'માં પરિપત્રને છપાવવાની કાર્યવાહી કરવા બાબતે.
6) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય, તાબાની માધ્યમિક શાળાઓને જાણ અને કાર્યવાહી કરવા સારુ.

**પોતાના પાણીથી જે માણસ તૃપ્ત નથી થયો, એને ગમે તેટલો વરસાદ પણ તૃપ્ત નહીં કરી શકે. - ખલિલ જિબ્રાન**

**અગત્યનું**

**ક્રમાંક :** મઉમશબ/સંશોધન/2021/2210-49
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.24/02/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય :** શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.

**સંદર્ભ :** 1) અત્રેનો પત્રક્રમાંકઃ મઉમશબ/સંશોધન/2020/3584-3625. તા.19/11/2020.
2) અત્રેનો સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-2020/21માં શાળાઓમાં જૂન-2020 થી પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ શકેલ ન હતું. 'હોમલર્નિંગ' અંતર્ગત વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ રાખવામાં આવેલ હતો. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ તા.11/01/2021 થી ધોરણ-10 અને 12 માટે તેમજ ધોરણ-9 અને 11 માટે તા. 01/02/2021 થી શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સામાન્ય રીતે દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં 'શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર' તૈયાર કરીને શાળાઓને મોકલી આપવામાં આવે છે. જેમાં વિવિધ પરીક્ષાઓની વિગતો દર્શાવવામાં આવે છે. કોવિડ-19 ની પરિસ્થિતિને કારણે આ વર્ષે 'શૈક્ષણિક પ્રવૃતિ કેલેન્ડર' તૈયાર થઈ શકેલ નથી. ઉક્ત બાબતે અત્રેની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા તેમજ ધોરણ-9 અને 11 ની વાર્ષિક પરીક્ષાનું આયોજન શાળાકક્ષાએ નીચે મુજબની વિગતે કરવાનું રહેશે.

| | |
|---|---|
| પ્રથમ પરીક્ષા : ધોરણ-9 થી 12 | તા.19/03/2021 થી તા.27/03/2021 |
| વાર્ષિક પરીક્ષા : ધોરણ-9 અને 11 | તા.07/06/2021 થી તા.15/06/2021 |

કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી ધોરણ-12 ની શાળાકીય પરીક્ષાનાં પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિરૂપ અને ગુણભાર મુજબ તૈયાર કરવા અંગેની કાર્યવાહી શાળા કક્ષાએ કરવાની થાય છે. જેથી ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ આયોજન મુજબ ધોરણ-9 થી ધોરણ-12 ની પ્રથમ પરીક્ષા માટે જે તે શાળામાં જેટલો અભ્યાસક્રમ ચાલ્યો હોય તે મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપના આધારે તેમજ શાળા કક્ષાએ ચાલેલા તમામ પ્રકરણોને યોગ્ય ન્યાય મળે તે મુજબ પ્રકરણદીઠ ગુણભાર નક્કી કરીને શાળા કક્ષાએ પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે. ધોરણ-9 અને ધોરણ-11 ની વાર્ષિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા જાહેર કરેલા 70% અભ્યાસક્રમ તેમજ વાર્ષિક પરીક્ષામાં પ્રશ્નપત્ર પરિરૂપ અને પ્રકરણદીઠ ગુણભારની વિગતો મુજબ પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના રહેશે. આ ઉપરાંત, સામાન્ય પરિસ્થિતિમાં આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાં પ્રથમ તેમજ બીજી પરીક્ષામાં વિદ્યાર્થીઓના ગુણ ધ્યાને લેવામાં આવે છે. જેને સ્થાને હાલની કોવિડ-19 ની પરિસ્થિતિમાં ફક્ત શૈક્ષણિક વર્ષ 2020-21 માટે આંતરિક મૂલ્યાંકનમાં માત્ર પ્રથમ પરીક્ષાના ગુણ ધ્યાને લેવાના રહેશે.

**ભૌતિક રીતે તમે કાંઈ નથી, આધ્યાત્મિક રીતે તમે ઘણું બધું છો. - શ્રી માતાજી**

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.(જાણ સારુ)
- નાયક નિયામકશ્રી, પરીક્ષા(વિ.પ્ર/સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' છે. જેમાં ધોરણ-9 થી 12 ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEET ની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર 'GSHSEB Gandhinagar' લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા એક લાખને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા 86 લાખને આંબી ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscribe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી.એન.રાજગોર**
સંયુક્ત નિયામક
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ

**"બાળક એ પરમકૃપાળુ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે." - ગિજુભાઈ બધેકા**

**અગત્યનું**

**ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/2298-2337**
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.26-02-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** શૈક્ષણિક વર્ષ 2020-21 માં ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
**સંદર્ભ :** અત્રેનો પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/2210-49, તા.24-02-2021

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારું આપને મોકલી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા અને ધોરણ-9 અને 11 ની વાર્ષિક પરીક્ષાનાં પ્રશ્નપત્રોના ગુણ તેમજ આંતરિક મૂલ્યાંકન નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

| પરીક્ષા | ધોરણ | પ્રશ્નપત્રોના ગુણ |
|---|---|---|
| પ્રથમ પરીક્ષા | ધોરણ-9 અને 11 | 50 ગુણ |
| | ધોરણ-10 | 80 ગુણ |
| | ધોરણ-12 | 100 ગુણ |
| વાર્ષિક પરીક્ષા | ધોરણ-9 અને 11 | 80 ગુણ |

**આંતરિક મૂલ્યાંકન :**

| **ધોરણ-9 અને 11 (વિ.પ્ર.)નું આંતરિક મૂલ્યાંકન :** | |
|---|---|
| સામયિક કસોટી (એકમ કસોટી) | 10 ગુણ |
| નોટબુક સબમિશન | 05 ગુણ |
| સબ્જેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી | 05 ગુણ |
| કુલ | 20 ગુણ |

| **ધોરણ-10 નું આંતરિક મૂલ્યાંકન :** | |
|---|---|
| પ્રથમ પરીક્ષા | 10 ગુણ |
| નોટબુક સબમિશન | 05 ગુણ |
| સબ્જેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી | 05 ગુણ |
| કુલ ગુણ | 20 ગુણ |

**''શિશુ એક વિકાસશીલ આત્મા છે.'' - મહર્ષિ અરવિંદ**

| ધોરણ-11 (વિ.પ્ર. સિવાય તમામ પ્રવાહ)નું આંતરિક મૂલ્યાંકન : | |
|---|---|
| ટર્મ પેપર કુલ-1/સ્વાધ્યાય કુલ-1 | 10 ગુણ |
| પુસ્તકાલયમાંથી અભ્યાસના ઉપયોગી એક પુસ્તકનું અવલોકન | 05 ગુણ |
| પ્રોજેક્ટ્સ | 05 ગુણ |
| કુલ | 20 ગુણ |

શૈક્ષણિક વર્ષ 2020-21 માં ધોરણ-9 અને 11માં વર્ગબઢતી માટે નીચે મુજબની વિગતે કુલ 150 ગુણ પ્રમાણે ગણતરી કરવાની રહેશે.

| | |
|---|---|
| પ્રથમ પરીક્ષા | 50 ગુણ |
| વાર્ષિક પરીક્ષા | 80 ગુણ |
| આંતરિક મૂલ્યાંકન | 20 ગુણ |
| કુલ | 150 ગુણ |

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી.એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારુ)
- નાયબ નિયામકશ્રી પરીક્ષા (વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

**ધોરણ-10 (SSC) અને ધોરણ-12**
**(વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની પરીક્ષા સંબંધિત**

## માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબર

**ધોરણ - 10 (SSC) : 63594 18988**
**ધોરણ - 12 (વિજ્ઞાન પ્રવાહ) (ક - શાખા) : 75679 18968**
**ધોરણ - 12 (સામાન્ય પ્રવાહ) (ક 1- શાખા) : 75679 18938**

**માનવ-પ્રતિભાના સર્વદેશીય વિકાસની પ્રક્રિયાને શિક્ષણ કહેવાય. - ગુણવંત શાહ**

**અગત્યનું**

**ક્રમાંક :** મઉમશબ/સંશોધન/2021/2419-57
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.02/03/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય.

**વિષય :** શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.

**સંદર્ભ :** 1) અત્રેનો પત્રક્રમાંકઃ મઉમશબ/સંશોધન/2021/2210-49. તા.24/02/2021.
2) અત્રેનો પત્રક્રમાંકઃ મઉમશબ/ સંશોધન/2021/2298-2337, તા.26/02/2021.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રોથી શૈક્ષણિક વર્ષ-2020/21 માટે ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન શાળા કક્ષાએથી કરવા અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારુ આપને મોકલી આપવામાં આવેલ છે.

અત્રેના સંદર્ભદર્શિત પત્રોથી જણાવ્યા મુજબ પ્રથમ પરીક્ષામાં ધોરણ-9 અને 11 નાં પ્રશ્નપત્રો 50 ગુણના, ધોરણ-10 નાં પ્રશ્નપત્રો 80 ગુણના તેમજ ધોરણ-12 નાં પ્રશ્નપત્રો 100 ગુણના રાખવાના થાય છે. ધોરણ-10 અને 12 ના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ પ્રમાણે પ્રથમ પરીક્ષાના પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના થાય છે. ધોરણ-9 અને 11 ના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપના આધારે ધોરણ-9 અને 11 ના પ્રથમ પરીક્ષાના 50 ગુણના પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના થાય છે.

ધોરણ-9 થી 11 અને ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)માં તમામ પ્રશ્નપત્રોમાં 30 % હેતુલક્ષી પ્રશ્નો તેમજ 70 % વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ રાખવાનું રહેશે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં 50% બહુવિકલ્પ પ્રશ્નો અને 50% વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ અગાઉની જેમ જ યથાવત્ રાખવાનું રહેશે. ધોરણ-9 અને 11 માં પ્રથમ પરીક્ષાના 50 ગુણનાં પ્રશ્નપત્રોમાં 15 ગુણના હેતુલક્ષી પ્રશ્નો અને 35 ગુણના વર્ણનાત્મક પ્રશ્નો રાખવાના રહેશે. ધોરણ-10 માં 80 ગુણના પ્રશ્નપત્રમાં 24 ગુણના અને ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) માં 100 ગુણના પ્રશ્નપત્રમાં 30 ગુણના હેતુલક્ષી પ્રશ્નો રાખવાના રહેશે. ધોરણ-9 થી 12 નાં પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ટૂંકજવાબી પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધ પ્રકારના પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત, વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં અંદાજિત 30% જેટલા જનરલ ઓપ્શનના પ્રશ્નો આપવાના રહેશે. (દા.ત. 10 પ્રશ્નોમાંથી કોઈપણ 7 પ્રશ્નોના ઉત્તર લખો)

શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે કોવિડ-19 સંદર્ભે સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ગાઈડલાઈનનું પાલન ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષાઓ દરમિયાન પણ કરવામાં આવે તો તે બાબતની કાળજી રાખવાની રહેશે.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.(જાણ સારુ)
- નાયક નિયામકશ્રી, પરીક્ષા(વિ.પ્ર/સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.(જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

**શોધખોળ અને જ્ઞાનની મર્યાદા હોતી નથી.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-2021 મતદાર યાદી પ્રસિધ્ધિ અંગેની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ-3(2) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(1) થી ખંડ-(9) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યોની સામાન્ય ચૂંટણી-2021 યોજાનાર છે. સંવર્ગવાર મતદાર યાદીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ના વિનિયમ-5 ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-3(1) હેઠળ આખરી મતદાર યાદી તૈયાર કરવામાં આવેલ છે તેમજ નિયમ-3(2) હેઠળ અધ્યક્ષ દ્વારા પ્રમાણિત થયેલ આખરી મતદાર યાદી નિયમ-4 હેઠળ પ્રસિધ્ધ કરવાની જોગવાઈ અનુસાર રાજયમાંથી સંવર્ગવાર નોંધાયેલ અને આખરી થયેલ સંવર્ગવાર મતદારોની મતદાર યાદીઓની પ્રિન્ટ કરેલી નકલો જે તે જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં તેમજ સમગ્ર રાજયના તમામ સંવર્ગો માટેની નકલો બોર્ડની કચેરીમાં તા.16/03/2021 થી તા.23/03/2021 સુધી જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. જેની નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

**નોંધ :-** જિલ્લાવાર, સંવર્ગવાર ખંડ-(1) થી ખંડ-(9) માં નોંધાયેલા મતદારોની ફોટા સિવાયની મતદાર યાદીની નકલ બોર્ડની વેબસાઈટ gsebeservice.com ઉપરથી વિનામૂલ્યે ડાઉનલૉડ કરી શકાશે. ફોટા સહિતની મતદાર યાદીની જરૂરિયાત હોય તો વેબસાઈટ ઉપર દર્શાવેલ જિલ્લાવાર, સંવર્ગવાર નિયત કરેલ કિંમત જેટલી રકમ બોર્ડની કચેરીમાં ચલણથી, બેંક મારફતે કે ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કર્યેથી દિન-03 માં નકલ બોર્ડની કચેરીમાંથી રૂબરૂ મેળવી લેવાની રહેશે.

**(એ.જે.શાહ)**
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : 16-03-2021

**મા-બાપના કદાચ નિર્ણયો ખોટા હોઈ શકે પણ એની નિયત નહીં.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-2021**
**મત નોંધવા માટેની તારીખનું જાહેરનામુ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ-3(2) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(1) થી ખંડ-(9) માં નિર્દેશ કરેલ મત વિભાગના બોર્ડ સભ્યોની સામાન્ય ચૂંટણી-2021 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ના વિનિયમ-5 ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-3(1) મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી માટે જેઓએ મતદાર તરીકે નોંધણી કરાવેલ છે, મત નોંધવા (મતદાન) માટે ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-7(1) મુજબ મતદારો તા.25/04/2021ને રવિવારના રોજ સવારે 08:00 કલાકથી સાંજના 05:00 કલાક દરમિયાન મતદાન (મત નોંધણી) કરી શકશે જેની સૌ નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

**(ડી. એસ. પટેલ)**
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : 16-03-2021

**તકલીફમાં પણ ઈશ્વર એક તક આપે જ છે.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ચૂંટણી અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ-3(2) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(1) થી ખંડ-(9) માં નિર્દેશ કરેલ સંવર્ગો અનુસાર બોર્ડના સભ્યોની ચૂંટણી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ-5 ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ ક્રમાંક-7(2) પ્રમાણે ''ચૂંટણી અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ'' નોંધાયેલા મતદારો માટે આજ રોજ તા.16મી માર્ચ, 2021 ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ | વાર |
|---|---|---|---|
| 1 | મતદાર યાદી પ્રસિધ્ધિ અંગે અધ્યક્ષની જાહેર નોટીસ | 16/03/2021 | મંગળવાર |
| 2 | ચૂંટણીની તારીખનું જાહેરનામુ | 16/03/2021 | મંગળવાર |
| 3 | ઉમેદવારોના નામોની દરખાસ્ત મંગાવવાની જાહેર નોટીસ | 24/03/2021 | બુધવાર |
| 4 | ઉમેદવારના નામની દરખાસ્ત કરવા માટેની આખરી તારીખ (સમય બપોરના 15.00 કલાક સુધી) | 03/04/2021 | શનિવાર |
| 5 | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ (સમય 16.00 કલાક સુધી) | 04/04/2021 | રવિવાર |
| 6 | સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ | 05/04/2021 | સોમવાર |
| 7 | ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ (સમય બપોરના 11.00 કલાકથી 15.00 કલાક સુધી) | 07/04/2021 | બુધવાર |
| 8 | ઉમેદવારોના નામની આખરી યાદીની જાહેરાત | 07/04/2021 | બુધવાર |
| 9 | મત નોંધવા માટેની તારીખ (મતદાન તારીખ) | 25/04/2021 | રવિવાર |
| 10 | મત ગણતરીની તારીખ | 27/04/2021 | મંગળવાર |
| 11 | પરિણામની જાહેરાતની તારીખ | 27/04/2021 | મંગળવાર |
| 12 | ચૂંટાયેલા ઉમેદવારોના નામ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાની તારીખ | 30/04/2021 | શુક્રવાર |

**નોંધ :-**

(1) ઉમેદવારીપત્રો મેળવવા માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી તેમજ બોર્ડની કચેરી ખાતેથી તા.24/03/2021 ને બુધવારથી તા.02/04/2021 સુધી કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય મળી રહેશે.

(2) બોર્ડની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ પોતાના ભરેલા ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારીશ્રીને જાતે અથવા તેમણે આ અર્થે લેખિત અધિકૃત કરેલા પ્રતિનિધિ મારફતે હાથોહાથ મોડામાં મોડા તા.03/04/2021 ને શનિવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-10/બી, જૂના સચિવાલયની બાજુમાં, ગાંધીનગર ખાતે બપોરના 15:00 કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ઉમેદવારીપત્રો ટપાલ/કુરિયર દ્વારા મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહીં અને તે માન્ય રહેશે નહિ.

**(ડી. એસ. પટેલ)**
ચૂંટણી અધિકારી અને સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : 16-03-2021

**કલામાત્ર પરમ શાંતિની સૂક્ષ્મ સાધના છે.**

રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંક : મશબ/1220/874/છ
સચિવાલય, ગાંધીનગર
તા. 19-03-2021

**વંચાણે લીધા :**

(1) શિક્ષણ વિભાગનો તા. 08-01-2021નો સમાન ક્રમાંકનો ઠરાવ

(2) શિક્ષણ વિભાગનો તા. 29-01-2021નો સમાન ક્રમાંકનો ઠરાવ

(3) તા. 18-03-2021ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક

**ઠરાવ :**

વંચાણે લીધેલ ક્રમ (1) અને (2) સામેના ઠરાવોથી રાજ્યની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં રાજ્યમાં કોરોના (કોવિડ-19)ના સંક્રમણને ધ્યાને લેતા તા. 18-03-2021ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર તા. 10-04-2021 અથવા અન્ય સૂચનાઓ ન મળે ત્યાં સુધી રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ કરવામાં આવે છે. જ્યારે ઑનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રહેશે.

આઠ મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારમાં અગાઉની માર્ગદર્શિકા મુજબ પ્રત્યક્ષ શિક્ષણકાર્ય ચાલુ રાખવા ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(બી. એસ. પટેલ)**
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

1. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
2. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
3. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
4. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
5. માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
6. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
7. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, બ્લોક નં.4, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**"રાષ્ટ્ર તેનાં બાળકોની નાની પગલીઓ પર નિર્ભર છે." - પં. જવાહરલાલ નહેરુ**

8. અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
12. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર-12, ગાંધીનગર.
13. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
14. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ મારફતે)
15. સચિવાલયના તમામ વિભાગો.
16. વિભાગની સર્વે શાખાઓ.
17. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.
18. શાખા સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/2632-2665
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
તા. 19-03-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

જાણ સારુ તથા આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી કાર્યવાહી કરવા સારુ.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નીંભાડાનું તપ મોભારાની ઊંચાઈ આપે છે.**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર

### SSCE મે-2021 ની પરીક્ષાનો કાર્યક્રમ (OLD / NEW)

## માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (SSCE) ધોરણ-10

| તારીખ/વાર | વિષય અને ઈન્ડેક્ષ નંબર તેમજ સમય 10-00 થી 13-15 કલાક | | | | |
|---|---|---|---|---|---|
| 10-05-2021 સોમવાર | ગુજરાતી (પ્રથમ ભાષા) | (01) | | | |
| | હિન્દી (પ્રથમ ભાષા) | (02) | | | |
| | મરાઠી (પ્રથમ ભાષા) | (03) | | | |
| | અંગ્રેજી (પ્રથમ ભાષા) | (04) | | | |
| | ઉર્દૂ (પ્રથમ ભાષા) | (05) | | | |
| | સિંધી (પ્રથમ ભાષા) | (06) | | | |
| | તામિલ (પ્રથમ ભાષા) | (07) | | | |
| | તેલુગુ (પ્રથમ ભાષા) | (08) | | | |
| | ઉડિયા (પ્રથમ ભાષા) | (09) | | | |
| 12-05-2021 બુધવાર | વિજ્ઞાન | (11) | | | |
| 15-05-2021 શનિવાર | ગણિત | (12) | | | |
| 17-05-2021 સોમવાર | સામાજિક વિજ્ઞાન | (10) | | | |
| 18-05-2021 મંગળવાર | ગુજરાતી (દ્વિતીય ભાષા) | (13) | | | |
| 19-05-2021 બુધવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (16) | | | |
| 20-05-2021 ગુરૂવાર | હિન્દી (દ્વિતીય ભાષા) | (14) | # | હેલ્થકેર | (41) |
| | સિંધી (દ્વિતીય ભાષા) | (15) | # | બ્યુટી એન્ડ વેલનેશ | (42) |
| | સંસ્કૃત (દ્વિતીય ભાષા) | (17) | # | ટ્રાવેલ ટુરીઝમ | (43) |
| | ફારસી (દ્વિતીય ભાષા) | (19) | # | રીટેઈલ | (44) |
| | અરબી (દ્વિતીય ભાષા) | (20) | # | ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર | (49) |
| | ઉર્દૂ (દ્વિતીય ભાષા) | (21) | # | એગ્રીકલ્ચર | (50) |
| | | | # | અપેરલ મેડ અપ્સ એન્ડ હોમ ફર્નીશિંગ | (76) |
| | | | # | ઓટોમેટીવ | (78) |
| | | | # | ટુરીઝમ એન્ડ હોસ્પીટાલીટી | (80) |

**પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :**

1. SSC ધોરણ-10 ના તમામ પ્રશ્નપત્રો 80 ગુણના રહેશે જ્યારે વોકેશનલ કોર્સના વિષયકોડ 41 થી 44 અને 49, 50, 76, 78, 80ના પ્રશ્નપત્રો 30 (ત્રીસ) ગુણના રહેશે.
2. પ્રશ્નપત્રનો સમય 10.00 થી 10.15 કલાક પ્રશ્નપત્ર વાંચવા માટે તથા 10.15 થી 13.15 કલાક ઉત્તરો લખવા માટે રહેશે. વિષય ક્રમાંક 41 થી 44 અને 49, 50, 76, 78, 80 માં 11.15 સુધી ઉત્તરો લખવા દેવામાં આવશે.
3. પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષય કોડ નંબર અવશ્ય લખવો, પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઈપણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.
4. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના સમયના અડધો કલાક અગાઉ હાજર થવાનું રહેશે.
5. શાળા દ્વારા લેવામાં આવનાર વૈકલ્પિક વિષયો ક્રમાંક 22 થી 40 ની પરીક્ષા જે તે શાળા દ્વારા તા. 15 થી 17 એપ્રિલ-2021 દરમ્યાન લેવાશે.

**સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે, સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે. - કલાપી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર

**મે-2021નો એસ.એસ.સી.નો સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનો કાર્યક્રમ**
**વિષય અને ઈન્ડેક્ષ નંબર તેમજ સમય 10:00 થી 13:15 કલાક**

| તારીખ | વિષય | વિષય કોડ | ગુણ |
|---|---|---|---|
| 10-05-2021 સોમવાર | સાહિત્યમ્ | 502 | 80 |
| 12-05-2021 બુધવાર | વિજ્ઞાન | 505 | 80 |
| 15-05-2021 શનિવાર | ગણિત | 504 | 80 |
| 17-05-2021 સોમવાર | સામાજિક વિજ્ઞાનમ્ | 503 | 80 |
| 18-05-2021 મંગળવાર | વ્યાકરણમ્ | 501 | 80 |
| 19-05-2021 બુધવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | 506 | 80 |
| 20-05-2021 ગુરૂવાર | પૌરોહિત્યમ (થીયરી)* | 507 | 40 |
| | કમ્પ્યૂટર (થીયરી)* | 508 | 40 |
| | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (થીયરી)* | 509 | 40 |

**પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ**

1. એસ.એસ.સી. સંસ્કૃત પ્રથમાનું પ્રશ્નપત્ર 80 ગુણનું રહેશે. 10:00 થી 10:15 સુધીનો સમય પ્રશ્નપત્ર વાંચવાનો રહેશે અને 10:15 થી 13:15 સુધીનો સમય પ્રશ્નપત્રોના જવાબ જવાબવહીમાં લખવાનો રહેશે.
2. * નિશાનીવાળું પ્રશ્નપત્ર 2 કલાકના 40 ગુણનાં અને તે સિવાય પ્રશ્નપત્રો 3 કલાકના 80 ગુણના રહેશે.
3. પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર, વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષયકોડ નંબર અવશ્ય લખવો, પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઈ પણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.
4. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના સમયના અડધો કલાક અગાઉ હાજર થવાનું રહેશે.

**(બી. એ. ચૌધરી)**
ઈન્ચાર્જ પરીક્ષા સચિવ
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર
(SSC)

**બે ફૂલ મળે ત્યારે સિદ્ધાંતોની ગરમાગરમ ચર્ચા નથી કરતાં, ફક્ત સુવાસની આપ-લે કરે છે. - વિપિન પરીખ**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### સંસ્કૃત મધ્યમા (ધોરણ-12)ની પરીક્ષાનો કાર્યક્રમ
### (મે - 2021)

**સમય : 3:00 PM To 6:15 PM**

| તારીખ | પ્રશ્નપત્ર | પ્રશ્નપત્રનું નામ | પ્રશ્નપત્ર કોડ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 17-05-2021 સોમવાર | પ્રશ્નપત્ર-1 | અનિવાર્ય વ્યાકરણમ્ | 701 | 100 |
| 18-05-2021 મંગળવાર | પ્રશ્નપત્ર-2 | અનિવાર્ય કાવ્યમ્ | 702 | 100 |
| 19-05-2021 બુધવાર | પ્રશ્નપત્ર-3 | સમાજશાસ્ત્રમ્ | 703 | 100 |
| 20-05-2021 ગુરૂવાર | પ્રશ્નપત્ર-4 | અંગ્રેજી (નિમ્નસ્તર) | 704 | 100 |
| 21-05-2021 શુક્રવાર | પ્રશ્નપત્ર-5 | મુખ્ય વિષય-1 સાહિત્યમ્ | 705 | 100 |
| | | મુખ્ય વિષય-1 વ્યાકરણમ્ | 707 | 100 |
| | | મુખ્ય વિષય-1 વેદ | 709 | 100 |
| | | મુખ્ય વિષય-1 આયુર્વેદ | 711 | 100 |
| | | મુખ્ય વિષય-1 દર્શનશાસ્ત્રમ્ | 713 | 100 |
| | | મુખ્ય વિષય-1 જ્યોતિષશાસ્ત્ર | 715 | 100 |
| 22-05-2021 શનિવાર | પ્રશ્નપત્ર-6 | મુખ્ય વિષય-2 સાહિત્યમ્ | 706 | 100 |
| | | મુખ્ય વિષય-2 વ્યાકરણમ્ | 708 | 100 |
| | | મુખ્ય વિષય-2 વેદ | 710 | 100 |
| | | મુખ્ય વિષય-2 આયુર્વેદ | 712 | 100 |
| | | મુખ્ય વિષય-2 દર્શનશાસ્ત્રમ્ | 714 | 100 |
| | | મુખ્ય વિષય-2 જ્યોતિષશાસ્ત્ર | 716 | 100 |
| 24-05-2021 સોમવાર | પ્રશ્નપત્ર-7 | પૌરાહિત્યમ થિયરી-1 | 717 | 100 |
| | | પૌરાહિત્યમ પ્રાયોગિક | 718 | 50 |
| | | અથવા | | |
| | | કમ્પ્યૂટર થિયરી | 719 | 100 |
| | | કમ્પ્યૂટર પ્રાયોગિક | 720 | 50 |

**સૂચનાઓ :-**

1. પ્રશ્નપત્ર-1 થી 7 માં ઉત્તરોની ભાષા સંસ્કૃત રહેશે અને પ્રશ્નપત્ર-7 કમ્પ્યૂટર થીયરીના ઉત્તરોની ભાષા ગુજરાતી રહેશે. આ પરીક્ષા માટે O.M.R. નો ઉપયોગ કરવાનો નથી. પરંતુ વર્ણનાત્મક જવાબ આપવા માટેની ઉત્તરવહીનો ઉપયોગ કરવાનો રહેશે. આ પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. ઉત્તરવહીમાં સાચો ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખવાનો રહેશે.
2. પ્રશ્નપત્ર-7 પૌરાહિત્યમ્ પ્રાયોગિક (718) અને પ્રશ્નપત્ર-7 કમ્પ્યૂટર પ્રાયોગિક (720) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ શાળાઓએ ON LINE તા. 10/05/2021 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**તમે બાળકો જેવા થવા પ્રયત્ન કરી શકો છો, પણ બાળકોને તમારા જેવા બનાવવા પ્રયત્ન ન કરો. - ખલિલ જિબ્રાન**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર

## HSCE મે-2021 ની પરીક્ષાનો કાર્યક્રમ

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) ધોરણ-12

### સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય 10-30 AM to 1-45 PM | સમય 3-00 PM to 6-15 PM |
|---|---|---|
| 10-05-2021<br>સોમવાર | સહકાર પંચાયત (111) | નામાનાં મૂળ તત્ત્વો (154) |
| 11-05-2021<br>મંગળવાર | ઈતિહાસ (029) | આંકડાશાસ્ત્ર (135) |
| 12-05-2021<br>બુધવાર | કૃષિ વિદ્યા (060)<br>ગૃહજીવન વિદ્યા (068)<br>વસ્ત્રવિદ્યા (076)<br>પશુપાલન અને ડેરી વિજ્ઞાન (080)<br>વનવિદ્યા અને વનઔષધિ વિદ્યા (351) | તત્ત્વજ્ઞાન (136) |
| 13-05-2021<br>ગુરૂવાર | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્ર વ્યવહાર (337) | ભૂગોળ (148) |
| 15-05-2021<br>શનિવાર | | અર્થશાસ્ત્ર (022) |
| 17-05-2021<br>સોમવાર | સામાજિક વિજ્ઞાન (058) | વાણિજ્ય વ્યવસ્થા (046) |
| 18-05-2021<br>મંગળવાર | | મનોવિજ્ઞાન (141) |
| 19-05-2021<br>બુધવાર | | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (OLD / NEW) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (OLD / NEW) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) |
| 20-05-2021<br>ગુરૂવાર | | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 21-05-2021<br>શુક્રવાર | * સંગીત સૈદ્ધાંતિક (146) | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 22-05-2021<br>શનિવાર | ચિત્રકામ સૈદ્ધાંતિક (137)<br>ચિત્રકામ પ્રાયોગિક (138)<br>***હેલ્થકેર (401)<br>***રીટેઈલ (403)<br>***બ્યુટી એન્ડ વેલનેસ (405)<br>***ટ્રાવેલ એન્ડ ટુરિઝમ (407) | **કમ્પ્યૂટર પરિચય (331) |
| 24-05-2021<br>સોમવાર | | સંસ્કૃત (129)<br>ફારસી (130)<br>અરબી (131)<br>પ્રાકૃત (132) |
| 25-05-2021<br>મંગળવાર | રાજ્યશાસ્ત્ર (023) | સમાજશાસ્ત્ર (139) |

**અહિંસા સત્ય સુધી પહોંચવાનો માર્ગ છે.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર

## HSCE મે-2021 ની પરીક્ષાનો કાર્યક્રમ

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) ધોરણ-12

### વ્યવસાયલક્ષી પ્રવાહનો કાર્યક્રમ

**સમય 3-00 PM to 6-15 PM**

| તારીખ/વાર | કૃષિ જૂથ - A | વાણિજ્ય જૂથ - C | ગૃહવિજ્ઞાન જૂથ - H | તાંત્રિક જૂથ - T |
|---|---|---|---|---|
| 17-05-2021<br>સોમવાર | ઉદ્યોગ સાહસિકતા (156)<br>(આંત્રપ્રિન્યરશીપ) | ઉદ્યોગ સાહસિકતા (156)<br>(આંત્રપ્રિન્યરશીપ) | ઉદ્યોગ સાહસિકતા (156)<br>(આંત્રપ્રિન્યરશીપ) | ઉદ્યોગ સાહસિકતા (156)<br>(આંત્રપ્રિન્યરશીપ) |
| 18-05-2021<br>મંગળવાર | પાક-1 (165)<br>પશુ સંબંધિત કૃત્રિમ<br>બીજદાન દુગ્ધસ્રાવ (171) | કચેરી કાર્યપદ્ધતિ અને વ્યવહાર (179)<br>કચેરી કાર્યપદ્ધતિ અને કચેરી<br>પત્રવ્યવહાર (185)<br>એકાઉન્ટન્સી એન્ડ<br>ઓડિટિંગ પેપર-1 (203) | એડવાન્સ હાઉસકિપિંગ (217)<br>ફૂડપ્રોસેસિંગ (223)<br>પેટર્ન મેકિંગ (235)<br>વૃદ્ધિ અને વિકાસ (247) | મિકેનીકલ ટેક્નોલોજી (291)<br>મેન્ટેનન્સ રીપેર્સ ઓફ મોટર્સ<br>એન્ડ ડોમેસ્ટિક એપ્લાયન્સ (303)<br>સિસ્ટમ એનાલિસીસ એન્ડ<br>ડિઝાઈન (325) |
| 19-05-2021<br>બુધવાર | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા)(Old/New) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા)(Old/New) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (Old/New) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા)(Old/New) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા)(Old/New) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા)(Old/New) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (Old/New) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (Old/New) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) |
| 20-05-2021<br>ગુરૂવાર | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 21-05-2021<br>શુક્રવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) |
| 22-05-2021<br>શનિવાર | જીવવિજ્ઞાન અને<br>કૃષિ રસાયણ શાસ્ત્ર (158) | અર્થશાસ્ત્ર અને<br>વાણિજ્ય સંચાલન (178) | સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન<br>અને અર્થશાસ્ત્ર (216) | પદાર્થ વિજ્ઞાન અને<br>ગણિતશાસ્ત્ર (254) |
| 24-05-2021<br>સોમવાર | પાક-2 (167)<br>દૂધ-દૂધની બનાવટો (173) | ગુજરાતી મુદ્રાલેખન (181)<br>અંગ્રેજી/ગુજરાતી મુદ્રાલેખન (187)<br>એકાઉન્ટન્સી એન્ડ<br>ઓડિટિંગ પેપર-2 (205) | ઈન્ટીરીયર ડેકોરેશન (219)<br>પ્લાન્ટ મેનેજમેન્ટ (225)<br>એન્ડ ફૂડ પેકેજિંગ<br>અદ્યતન કપડાં રચના (237)<br>વ્યવસ્થા અને સંચાલન (249) | ઓટોમોબાઈલ એન્જિ.<br>ટેક્નિશિયન (293)<br>મોટર રિવાઈન્ડિંગ પ્રેક્ટિસ (305)<br>કમ્પ્યૂટર એપ્લિકેશન (327) |
| 25-05-2021<br>મંગળવાર | ક્ષેત્ર વ્યવસ્થા અને વિસ્તરણ (169)<br>ડેરી વિસ્તરણ અને<br>આર્થિક નામાપદ્ધતિ (175) | પત્રવ્યવહાર અને મુસદ્દાલેખન (183)<br>અંગ્રેજી/ગુજરાતી લઘુલિપિ (189)<br>એકાઉન્ટન્સી એન્ડ<br>ઓડિટિંગ પેપર-3 (207) | સોશિયલ સ્કીલ્સ<br>રિપોર્ટેબલ મેટર્સ (221)<br>બેકરી એન્ડ કન્ફેક્શનરી (227)<br>કલાત્મક પોષાક સંરચના (239)<br>આહાર, પોષણ અને<br>તંદુરસ્તી (251) | રૂરલ એન્જિનિયરિંગ<br>ટેક્નોલોજી (295)<br>મોટર કન્ટ્રોલ એન્ડ<br>ટેસ્ટિંગ (307)<br>પ્રોગ્રામિંગ લેંગ્વેજ (329) |

**ખાસ સૂચના :**

(1) સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ધોરણ-12 ના માર્ચ-2019 અને તે પહેલાંના રીપીટર વિદ્યાર્થીઓને વિષયક્રમાંક 002 અને 006 માટે જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા લેવામાં આવશે જેની નોંધ લેવી.

(2) એચ.એસ.સી. ઉમેદવારો માટે :- દરેક પ્રશ્નપત્રમાં 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. જે દરમિયાન ઉમેદવારે ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે શરૂઆતની 05 મિનિટ અને 10 મિનિટ પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવવામાં આવશે અને ઉત્તરો લખવા માટે નિયમોનુસાર સમય 1 કલાક / 2 કલાક / 3 કલાક આપવામાં આવશે.

(3) *** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા હેલ્થ કેર (401), રીટેઈલ (403), બ્યુટી ઍન્ડ વેલનેસ (405), ટ્રાવેલ ઍન્ડ ટુરિઝમ (407) વિષયની પરીક્ષાનો સમય 10:30 a.m. થી 11:45 a.m. નો રહેશે.

**જીવનનાં સર્વ ક્ષેત્રોમાં વિના કોઈ અપવાદે સત્યની ખોજ ચલાવાતી રહે છે.**

## ધોરણ-12 ના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

(1) પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલા વિષયોના કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર અને સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.

(2) પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષય કોડ નંબર અવશ્ય લખવો, પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઈ પણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.

(3) પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના 30 મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના 20 મિનિટ અગાઉ હાજર રહેવું. જે ઉમેદવારો પેપર શરૂ થયા બાદ અડધો કલાકથી મોડા પરીક્ષા સ્થળ ઉપર આવશે તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(4) OMR ઉત્તરપત્રિકામાં જવાબના વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી / ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.

(5) પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદું કેલ્ક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈ પણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે તેને પૂરતા પુરાવા માનવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

